ઈસ્લામી માન્યતાઓ, શરીઅતના હુકમો, ઈસ્લામી સજાઓના કાનૂનો, તરીકતની હિકમતો વગેરે સામે ઉઠતી શંકાઓનો ખાત્મો બોલાવતી કિતાબ.....

# અન્વારૂલ કુર્આન

**★ લેખક ★**

હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં
નઈમી અશરફી رحمۃ اللہ علیہ

**★ અનુવાદક ★**

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)

**★ પ્રકાશક ★**


**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

**C/o.** ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા.જિ. ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧

★ ★

ઈસ્લામી માન્યતાઓ, શરીઅતના હુકમો, ઈસ્લામી સજાઓના કાનૂનો, તરીકતની હિકમતો વગેરે સામે ઉઠતી શંકાઓનો ખાત્મો બોલાવતી કિતાબ.....

# અસ્રારુલ્ અહકામ બિ અન્વારિલ્ કુર્આન

એટલે

# અન્વારુલ્ કુર્આન

★ લેખક ★

હઝરત અલ્લામા મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ

★ અનુવાદક ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)

પ્રકાશન નં. : ૯૮
પ્રત : ૩૦૦૦
હિ.સ. ૧૪૨૩

આવૃત્તિ–૧
૬–શવ્વાલુલ્ મુકર્રમ
ડિસેમ્બર–૦૨

★ પ્રકાશક ★

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા.જિ. ભરૂચ.

ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧

કિંમત : ૨૦/– રૂ.

નૂરાની આર્ટ–દયાદરા. ફોન : ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧

## ★ અનુક્રમણિકા ★


| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧ | અનુવાદકના બે બોલ | ૦૪ |
| ૨ | પ્રસ્તાવના | ૦૫ |
| ૩ | ઈસ્લામ અને કલ્મએ તૈયેબહ | ૦૭ |
| ૪ | નમાઝનાં રહસ્યો | ૧૧ |
| ૫ | રોઝાનાં રહસ્યો | ૨૪ |
| ૬ | ઝકાતનાં રહસ્યો | ૨૯ |
| ૭ | હજ્જ તથા ઝિયારતનાં રહસ્યો | ૩૨ |
| ૮ | જેહાદ તથા શહાદતનાં રહસ્યો | ૩૮ |
| ૯ | નિકાહ તથા તલાકનાં રહસ્યો | ૪૫ |
| ૧૦ | ઈસ્લામી સજાઓનાં રહસ્યો | ૫૩ |
| ૧૧ | તરીકતનાં રહસ્યો | ૫૮ |
| ૧૨ | શરીઅત તથા તરીકતમાં ફરક | ૫૮ |
| ૧૩ | પીરની જરૂરત શા માટે ? | ૫૯ |
| ૧૪ | ઉર્સનું રાઝ | ૬૬ |
| ૧૫ | કવ્વાલી વિશે ખુલાસો | ૬૬ |
| ૧૬ | ઈસ્લામી અકીદાઓ | ૭૭ |
| ૧૭ | હુઝૂરનાં માબાપ મોમિન હતાં કે નહીં ? | ૮૦ |
| ૧૮ | આલમે અરવાહમાં નબુવ્વતની જરૂરત શું હતી ? | ૮૪ |
| ૧૯ | કબર તથા દફન | ૯૦ |
| ૨૦ | કિયામત | ૯૪ |
| ૨૧ | જન્નત તથા દોઝખ | ૯૪ |
| ૨૨ | મો'જિઝાત | ૧૦૩ |
| ૨૩ | તકદીરનો મસ્અલો | ૧૧૧ |
| ૨૪ | વિવિધ મસાઈલ | ૧૧૯ |

# ★ અકસે મદીના મારેહરા ★

નબીકી આલકા નૂરી મુકદ્દસ વો ઘરાના હે
નબીકી આલકા સદકા ઝમાના ખાતા પલતા હે

નબીકે જિસ્મે બેસાયાકા ફાતેમા કે લઅલ
મિલે દોનોં તો જિસ્મે પાકકા રોશન નઝારા હે

જો હે સંગમ હુસૈની ઔર હસની દોનોં દરયા કે
મેરે ગૌષુલવરાકે ફયૂઝકા દુન્યાપે સાયાહે

મેરે ખ્વાજા પિયા હિન્દલ વલીકી શાન કયા કહના
મિલા હે જિસકો જો ભી કુછ મેરે ખ્વાજાકા સદકા હે

યહી ચાહત રઝાકી હે, ફિદા હો મારેહરા પર
બરસતા હે જહાં નૂરે નબીકા નૂરી ઝાલા હે

જો આ જાએ મેરે પલ્લે, મિયાં અચ્છે, મિટેં બદ કામ
કરે નામાકો જો અચ્છા, મેરા બરકાતી આકા હે

નવાઝા હે રઝાકો અપને ફયૂઝે ખાસસે જિસને
વો હે આલે રસૂલે પાક, જો બરકાતી દુલ્હા હે

હેં લાઝિમ ઔર મલ્ઝૂમ યે "બરૈલી" ઔર 'મારેહરા'
બરૈલીસે સીધા સાફ મારેહરાકા રસ્તા હે

નહીં પહેના જહાં જૂતા મેરે મુર્શિદને પૈરોંમેં
ઝમીને મારેહરાકો કહા અકસે મદીના હે

હમેશાં નૂરસે જિનકા ચમકતા પાક ચહેરા થા
સમાયા આંખમેં 'હૈદર–હસન'કા નૂરી જલ્વા હે

**'રઝા'**કો અહમદે નૂરીકા ફયૂઝે નૂર હાસિલ હે
**'રઝા'**કે ફયૂઝસે **'મસ્રૂફ'**કે સર નૂરી સાયા હે

**અઝ : 'મસ્રૂફ' હમદાની (પોરબંદર)**





# ★ અનુવાદકના બે બોલ ★

بسم اللہ الرحمن الرحیم
نحمدہ ونصلی علی رسولہ الکریم

**હે કૌલે મુહમ્મદ★ કૌલે ખુદા, ફર્માન ન બદલા જાએગા**
**બદલેગા ઝમાના લાખ મગર કુર્આન ન બદલા જાએગા**
(★ صلی اللہ تعالیٰ علیہ وسلم)

સમયના વહેણ સાથે કેટલીય અવનવી આંધીઓના ઓરા મંડલાતા રહ્યા અને બાતિલ તાકતો ઈસ્લામના મજબૂત કિલ્લા સાથે ટકરાતી રહી પણ અલ્લાહના ફઝ્લો કરમથી ઈસ્લામી કિલ્લાની ઈંટને જરા સરખીય આંચ આવી શકી નથી. ઈસ્લામ એવું નક્કર સત્ય છે કે શૈતાની ખયાલવાળી તાકતો હજારો યુક્તિઓ કરીને ઈસ્લામના ચહેરાને બેડોળ કરવા ચાહતી રહી પણ આજે પણ ઈસ્લામનો ચહેરો રોશન તથા તાબનાક છે અને કિયામત સુધી ઝગારા મારતો રહેશે. (ઈન્શાઅલ્લાહ !)

દરેક યુગમાં જે તે સમયના ઉલમાએ હક્કે ઈસ્લામ સામે વિવિધ આક્ષેપો લગાડી ઈસ્લામી માન્યતાઓ, ઈસ્લામી કાનૂનો, ઈસ્લામી સજાઓ... વગેરે બાબતે હંગામો મચાવનારી બાહ્ય કે આંતરિક શૈતાની તાકતોના સરોને ધૂળમાં મિલાવી દીધાં છે. આ કિતાબ પણ એવા જ **મોડર્ન ખયાલ જાહિલો** તથા **નામ માત્રના મુસ્લિમો** તથા **ગૈર મુસ્લિમો** તરફથી ઉઠતા સવાલોના ઈમાન અફરોઝ જવાબો આપી રહી છે. **હઝરત અલ્લામા મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી** رحمۃ اللہ علیہની કબ્ર પર મૌલા કરીમ રહમતોની વર્ષા વરસાવે, જેમણે ઈસ્લામની હક્કાનિયત સાબિત કરતું પુષ્કળ સાહિત્ય આપણી સમક્ષ છોડેલું છે, આ કિતાબ તેનો કેવળ એક નમૂનો જ છે જેને પ્રસિધ્ધ કરતાં અમો ખુશી અનુભવીએ છીએ.

મૌલા તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلمના સદકામાં સૌને ઈસ્લામની હક્કાનિયત સમજવાની તૌફીક આપે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم.

તા. ૧૩–૧૨–૦૨
દયાદરા

**પટેલ શબ્બીર અલી રઝવી**

# ★ પ્રસ્તાવના ★

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ نَوَّرَ عُقُوْلَ الْمُسْلِمِيْنَ بِاَنْوَارِ الْقُرْاٰنِ وَزَيَّنَ
قُلُوْبَ الْعَارِفِيْنَ بِاَسْرَارِ الْعِرْفَانِ وَنَجَاهُمْ عَنْ غَيْبَتِ
الشُّكُوْكِ وَالْاَوْهَامِ ثُمَّ اَفْضَلُ الصَّلٰوةِ وَاَكْمَلُ السَّلَامِ
عَلٰى سَيِّدِ الْاِنْسِ وَالْجَانِّ مَالِكِ الْكَوْنِ عَالِمِ مَا يَكُوْنُ
وَمَا كَانَ سَيِّدِنَا وَمَوْلَانَا مُحَمَّدٍ وَّعَلٰى اٰلِهِ الْكِرَامِ
وَاَصْحَابِهِ الْعِظَامِ

એ જાહેર વાત છે કે આપણા શરીરના માળખાને નૂરે નઝર (દ્રષ્ટિની રોશની)ની જરૂરત છે. આંધળો માણસ તદન મજબૂર જેવો છે. વળી આંખોની રોશની પોતે રોશની હોવા છતાં એક અન્ય બાહ્ય પ્રકાશનું હાજતમંદ છે, કેમ કે આપણી આંખ અંધારામાં કામ નથી કરી શકતી. મતલબ કે આતરિક તથા બાહ્ય બંને નૂર મળીને આપણી જરૂરત પૂર્ણ કરે છે અને આ દુનિયાની ચીજો દેખાડે છે. એ જ પ્રમાણે આપણી રૂહ તથા દિલને બુધ્ધિના નૂરની જરૂરત છે. દીવાનો, પાગલ માણસ પોતાની કોઈ શકિત વડે સહીહ કામ નથી લઈ શકતો. વળી બુધ્ધિનું નૂર છે છતાં તેના માટે નૂરે નબુવ્વત અનિવાર્ય છે. નૂરે નબુવ્વત વિના માનવ બુધ્ધિ કુફ્રનો તથા શૈતાનિયતનો સબબ બને છે. માનવ બુધ્ધિ વડે મશીન, એન્જીન, વિજળી બનાવી શકે છે, હવા તથા પાણી પર રાજ અને કબજો જમાવી શકે છે, પણ ઈમાન તથા ઈરફાન (મઅરેફત) પેદા નથી કરી શકતો. એમ સમજો કે બુધ્ધિ વડે આસ્માન તથા જમીનની માપણી થઈ શકે છે પણ પોતાની નથી થઈ શકતી. બુધ્ધિ વડે આ ભૌતિક દુનિયાની ચીજો ઓળખી શકાય છે પણ પોતાને નથી ઓળખી શકતા. "જેણે પોતાના નફસને ઓળખ્યો તેણે રબને ઓળખ્યો." ઈમાનના માટે કેવળ માનવ બુધ્ધિ પુરતી હોત તો બૌધ્ધિક રીતે યૂનાનમાં કોઈ બેદીન ન હોત.

હકીકત એ છે કે દરેક શખ્સ પોતાના વતનની ગલી કૂચીઓથી સારી રીતે વાકેફ હોય છે પણ અજનબી જગાના માટે માર્ગદર્શકનો





મોહતાજ છે, સિવાય કે જે કયાંક તો ત્યાંનો વતની હોય કે ત્યાં આવ જા કરતો રહેતો હોય. આપણી બુધ્ધિ આ નીચલી દુનિયાની ચીજ છે અને એને આ જ આલમની ખબર છે, અહીંની ચીજોને જાણે ઓળખે છે, તેને ઉપરની દુનિયા તથા અન્ય દુનિયાથી શો સંબંધ ? ત્યાંનો તે જ બાખબર હશે જે તે આલમમાં રહીને આવ્યો હોય અથવા ત્યાં આવ જા કરતો રહેતો હોય. અલ્લાહના જે બંદાઓ આ બંને જહાનોથી સંબંધ રાખે છે તેમનુ નામ જ ઈસ્લામમાં અંબિયા عَلَيْهِمُ السَّلَامُ તથા અવલિયા رَضِيَ اللّٰهُ عَنْهُمْ છે.

જેથી જરૂરી છે કે બુધ્ધિવાન આ દુનિયાની વાતોમાં પોતાની બુધ્ધિ પર ભરોસો ન કરે બલ્કે અંબિયા તથા ઔલિયાની બારગાહમાં પોતાની ઉણપવાળી બુધ્ધિ અભરાઈએ મૂકીને શીખાઉ બાળક બનીને હાજર થાય તો ત્યાંનો ફયૂઝ પામી શકે. તે જ ડોલ કૂવામાંથી પાણી લાવે છે જે ખાલી થઈને જાય છે. **અકલ કુર્બાન કૂન બ પૈશે મુસ્તફા.** આ તરીકો ખૂબ જ બહેતર હતો, એના પર સહાબાએ કિરામ અને બુઝુર્ગાને દીન અમલ કરતા રહ્યા જેથી તેમણે બારગાહે મુસ્તફવીથી જે ફયૂઝો તથા બરકતો પ્રાપ્ત કરી તે દુનિયાની સમક્ષ છે. પરંતુ વર્તમાનકાળના મુસલમાન પોતાની બુધ્ધિ તથા દાનાઈ પર એવા નાઝ કરનારા બન્યા કે દરેક દીની હુકમમાં બુધ્ધિ વડે દખલ દેવા લાગ્યા, કે બુધ્ધિમાં આવી જાય તે ઠીક નહીં તો એમાં ટાળ મટોળ કરવા લાગે છે. ખરું તો એવું હોવું જોઈતુ હતું કે જો કોઈ દીની હુકમની હિકમત બુધ્ધિ થકી સમજમાં આવી જતી તો ખુદાનો શુક્ર કરતા અને જો સમજમાં ન આવતી તો ચૂંચા કર્યા વિના સ્વીકારી લેત, પણ એવું ન કર્યું. જેથી મને ખયાલ પેદા થયો કે શકિત અનુસાર શરીઅતના હુકમોની બૌધ્ધિક હિકમતો બયાન કરું જેથી કરીને મુસ્લિમોને ખુશી ઉપજે અને વિરોધીઓ સ્વીકારવા લાચાર બને. અલ્લાહ તઆલા હક્ક બોલવા હક્ક માનવાની તૌફીક આપે અને મારી આ નાચીઝ ખિદમતને કબૂલ ફર્માવીને એને સદકએ જારિયહ્ અને મારા ગુનાહોનો કફ્ફારો બનાવે. આ પુસ્તકનુ નામ "અસ્રારુલ અહકામ બિ અન્વારુલ કુર્આન" રાખુ છું. વમા તૌફીકી ઈલ્લા બિલ્લાહ.

**– અહમદ યારખાં નઈમી બદાયૂની**

(૨૧–જમાદીલ ઉલા, હિ.સ. ૧૩૬૮, ૨૧–૩–૧૯૪૯)

## ☆ ઈસ્લામ અને કલ્મએ તૈયેબહ ☆

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સવાલ** :– દીને મુહમ્મદીને ઈસ્લામ શા માટે કહે છે ?

**જવાબ** :– એટલા માટે કે ઈસ્લામ ''સલમુન''થી બન્યો છે જેનો અર્થ છે સુલહ અથવા ફર્માંબરદારી. فَاِنۡ جَنَحُوۡا لِلسَّلۡمِ فَاجۡنَحۡ لَہَا જેથી ઈસ્લામનો અર્થ થયો રબ અને તેના રસૂલની ફર્માંબરદારી કરવી. મુત્તકી (ખુદાથી ડરનાર) મુસલમાન પોતાના અકીદા અને અમલથી રબની ફર્માંબરદારી (આજ્ઞા પાલન) કરે છે જેથી ''મુસ્લિમ'' એટલે કે ''ફર્માંબરદાર'' છે. ગુનેહગાર મુસલમાન જો બદઅમલીમાં સપડાયેલ છે પણ રબનો બાગી નથી, પોતાને મુજરિમ સમજે છે જેથી તે પણ ''મુસ્લિમ'' છે.

**સવાલ** :– શું પાછલા પૈગમ્બરોનો દીન પણ 'ઈસ્લામ' હતો ?

**જવાબ** :– નહીં ! કેટલાક અંબિયાને શાબ્દિક અર્થમાં મુસ્લિમ અને તેમના અમલોને ઈસ્લામ કહેવામાં આવેલ છે. જેમ કે فَلَمَّاۤ اَسۡلَمَا وَتَلَّہٗ لِلۡجَبِیۡنِ પણ ઈસ્લામ નામ કેવળ આ જ દીને મુહમ્મદીનું થયું. રબ ફર્માવે છે : حَنِیۡفًا مُّسۡلِمًا અથવા ہُوَ سَمّٰىکُمُ الۡمُسۡلِمِیۡنَ જેમ કે કુર્આને શાબ્દિક અર્થમાં અમુક બંદાઓને રબ અથવા મુસ્તફા ફર્માવે છે : وَمَنۡ یَّبۡتَغِ غَیۡرَ الۡاِسۡلَامِ دِیۡنًا فَلَنۡ یُّقۡبَلَ مِنۡہُ પણ ઈસ્તેલાહ (શરીઅતની બોલીમાં) ''રબ'' ખુદાનું અને ''મુસ્તફા'' હુઝૂરનું નામ છે.

**સવાલ** :– ઈબાદતોના માટે ઈમાનની શું જરૂરત છે ? જે પણ નેકી કરે તેને સવાબ મળવો જોઈએ ! જેમ કે જે પણ રોટી ખાય છે તેને ભૂખથી છૂટકારો મળે છે !

**જવાબ** :– એટલા માટે નેક અમલો રૂહાની ખોરાકો છે અને કુફ્ર ઝહેર. જો બિર્યાનીમાં ઝહેર ભેળવી દો તો તે નુકસાન જ કરશે એ જ





પ્રમાણે કુફ્રની સાથે ઈબાદતો ઝહેર મિશ્ર ખોરાક છે. અથવા એમ સમજો કે અમલો બીજ છે અને સવાબ તેનુ ફળ, બીજ ત્યારે જ ફળ આપશે જ્યારે ઉમદા જમીનમાં રોપવામાં આવે અને પોતે ખામી હિન હોય. કાફિરના અમલમાં કુફ્રની ઐબ (ખામી) મૌજૂદ છે અને તેનુ દિલ ઉજ્જડ જમીન છે, પછી સવાબ કેમ કરીને મળશે ? પહેલાં સુલ્તાનની વફાદાર પ્રજા બનો કાનૂનો પર ચાલો.

**સવાલ** :– પાછલા પૈગમ્બરોના દીન પર હવે અમલ કરી શકીએ છીએ કે નહીં ? જો નહીં તો શા માટે ? તે પણ ખુદાનો જ દીન છે !

**જવાબ** :– નહીં ! હવે નજાત કેવળ ઈસ્લામમાં જ છે. રબ ફર્માવે છે :

وَمَنۡ یَّبۡتَغِ غَیۡرَ الۡاِسۡلَامِ دِیۡنًا فَلَنۡ یُّقۡبَلَ مِنۡہُ وَہُوَ فِی الۡاٰخِرَۃِ مِنَ الۡخٰسِرِیۡنَ

તે દીન પોતાના સમયમાં તે જમાના માટે રહમત હતો. ફાનસ તથા ગેસ બત્તી વગેરે રાત્રે પ્રકાશ આપશે, દિવસે નહીં. સૂર્યએ એ સૌને નકામાં કરી દીધાં. બાળપણમાં માં નું દૂધ અને ઘુટની બાળકને જીવંત રાખે છે, મોટો થઈને નહીં. જો કે આ તમામ ચીજો રબની બનાવેલી છે પણ દરેકના ઉપયોગનો એક સમય છે. એ જ પ્રમાણે આ દીનોના ઉપયોગનો સમય હવે વહી ગયો છે. હકીમ બીમારના નુસ્ખાઓમાં (દવામાં) બીમારની સ્થિતિ પ્રમાણે ફેરફાર કરતો રહે છે. જો આ દીનોમાં હજી પણ નજાત હોત તો યહૂદી તથા ઈસાઈને ઈસ્લામ અને કુર્આન માનવાની દા'વત શા માટે આપવામાં આવે છે ?

**સવાલ** :– તો પછી એવું હોવું જોઈએ કે ઈસ્લામ ધર્મ પણ મન્સૂખ (રદ) થઈ જાય અને હજી પણ સતત નબી આવતા રહે ?!

**જવાબ** :– નહીં ! એટલા માટે કે ખોરાકો તથા દવાઓમાં ફેરફારો એ સમય સુધી થાય છે જ્યાં બાળક અને બીમાર મૂળ સ્થિતિ તથા કમાલ પર ન પહોંચે. દૂધ, ઘી વગેરે રોટી આવતાં ખત્મ થઈ જાય છે. (રોટી ખાતો થાય પછી બાળકને તેની જરૂરત નથી રહેતી.) એ જ પ્રમાણે ઈસ્લામ સંપૂર્ણ દીન છે : اَلۡیَوۡمَ اَکۡمَلۡتُ لَکُمۡ دِیۡنَکُمۡ નું એલાન થઈ

ચૂકયું અને નબુવ્વતનો અસ્ત ન થનારો સૂર્ય ઉગી ચૂકયો. તદ્ઉપરાંત નાસમજ બાળકને શરૂમાં મામૂલી કાયદો તથા નાની કિતાબો આપવામાં આવે છે તો તે પઢતો પણ જાય છે અને ફાડતો પણ જાય છે. થોડીક સમજ આવતાં ભલે તે ફાડતો નથી પણ તેના પર લખી લખીને તેને કાળી કરી નાખે છે, મેલી ઘેલી કરી નાખે છે. સંપૂર્ણ અક્કલ આવતાં કિતાબને જીવથી અધિક પ્રિય અને સલામત રાખે છે. એ જ પ્રમાણે મખ્લૂકને પ્રથમ આદત તથા નૂહ અને ઈબ્રાહીમ عَلَيْهِمُ السَّلَام ની કિતાબો (સહીફા) મળી જે વેડફી નાખવામાં આવી પછી કાંઈક હોશ આવતાં તૌરાત તથા ઈન્જીલ તથા ઝબૂરને તદ્દન બર્બાદ તો ન કરી પણ તેમાં લખી લખીને ફેરબદલ કરી નાખી. હવે સંપૂર્ણ હોશ આવી ગયો તો કુર્આન જાનથી પણ અધિક રાખવામાં આવી.

**સવાલ** :– કલ્માનું નામ તો છે "કલ્મએ તૌહીદ" પણ એમાં બે વાતોનો ઉલ્લેખ છે, અલ્લાહ તઆલાનો અને હુઝૂર صلی الله علیه وسلم નો. હોવું તો એવું જોઈએ કે કેવળ ખુદાનો જ ઝિક્ર થાત જેથી કલમાના નામ પ્રમાણે થાત ?

**જવાબ** :– કલ્મએ તૈયબહના પહેલા ભાગમાં તૌહીદનું ઝિક્ર છે અને બીજામાં તૌહીદની ખાસિયતનુ. કેમ કે તૌહીદના બે પ્રકાર છે, એક પૈગમ્બરની બતાવેલી બીજી પૈગમ્બરથી મુખ ફેરવીને કેવળ બુધ્ધિ વડે માનેલી. પ્રથમ તૌહીદ "રબ્બાની" અને મકબૂલ છે જ્યારે બીજી તૌહીદ "શૈતાની" અને મરદૂદ છે. મતલબ કે કલમો પઢનાર તૌહીદનો ઈકરાર કરતાં જ એલાન કરે છે કે મારી તે તૌહીદ છે જે પૈગમ્બરે શીખવાડી. જેનું નામ ઈસ્લામી તથા રબ્બાની તૌહીદ છે.

**સવાલ** :– મખ્લૂકને નબુવ્વત તથા નબીની શું જરૂરત છે ? ખુદા નબી વિના ફયૂઝ નથી આપી શકતો ?

**જવાબ** :– જ્યારે કમજોર ચીજ કોઈક મજબૂતથી ફયૂઝ લેવા ચાહે તો દરમ્યાનમાં વાસ્તો જરૂરી છે, નહીં તો કમજોર ફના થઈ જશે. જો રોટલીને આગથી ગરમ કરવી હોય તો દરમ્યાનમાં તવો જરૂરી છે. જો સૂરજને જોવો હોય તો રંગીન કાચનો વાસ્તો (માધ્યમ) જરૂરી છે. ખાલિક





મજબૂત તથા શકિતમાન છે અને મખ્લૂક કમજોર છે જેથી દરમ્યાનમાં કોઈ એવા મહાન વાસ્તાનું હોવું જરૂરી છે જે રબથી ફયૂઝ લેવા અને મખ્લૂક સુધી પહોંચાડવાની શકિત ધરાવતો હોય. એ મહાન વાસ્તાનું નામ "નબી" છે.

**સવાલ** :– તો તો રબ મજબૂર થયો કે પોતાના બંદાઓને પૈગમ્બર વિના હુકમો ન પહોંચાડી શકયો ?!

**જવાબ** :– નહીં ! બલ્કે આપણે મજબૂર છીએ કે રબ તઆલાથી વાસ્તા વિના ફયૂઝ ન હાંસલ કરી શકયા. રોટી કમજોર છે નહીં કે આગ, આપણી આંખ કમજોર છે નહીં કે સૂર્ય. દુનિયામાં રબની 'રહમત' તથા 'કહર'ના ખજાનાઓ નિશ્ચિત છે જ્યાંથી 'રહમત' તથા 'કહર' વહેંચાય છે. સાપ તથા અન્ય મુઝી ચીજો અલ્લાહના કહરના મઝહર (પ્રદર્શિત થવાની જગા, ઉદ્ભવ સ્થાન) છે અને સમુદ્ર, કૂવાઓ તથા અન્ય લાભદાયક ચીજો તેની રહમતના ખજાનાઓ છે. એ જ પ્રમાણે અંબિયા, અવલિયાનાં દિલ અસ્રાર (ભેદો) અને અહકામ તથા હિકમતોના ખજાના છે, જેવી રીતે સોનાની ખાણથી સોનુ જ નીકળે છે એવી જ રીતે પૈગમ્બરને ત્યાંથી અલ્લાહના ભેદો જાહેર થાય છે.

**સવાલ** :– એનું શું કારણ છે કે નબી હમેશાં ઈન્સાન અને પુરૂષ અને શરીફોમાંથી જ થયા છે, મામૂલ જાતીઓ, ફરિશ્તા તથા સ્ત્રીઓને નબુવ્વત કેમ ન મળી ?

**જવાબ** :– ઉચ્ચ તથા નાઝુક ચીજ અતિશય મજબૂત અને ઉમદા પાત્રમાં રાખવામાં આવે છે. દરેક પાત્રમાં દહીં નથી જમાવવામાં આવતું અને કમજોર પેટીમાં મોતી નથી રાખવામાં આવતાં. નબુવ્વત અતિ ઉચ્ચ તથા ઉમદા નેઅમત છે, તેના માટે ફરિશ્તા તથા અન્ય મખ્લૂક મુનાસિબ નથી, કેમ કે તેઓ તબ્લીગ નથી કરી શકતા. તબ્લીગ તે કરે જે ઈન્સાનોની સામે આવીને તેમને સમજી શકે પોતાને સમજાવી શકે, તેમના દુઃખ દર્દથી વાકેફ થાય. સ્ત્રી માટે પર્દો અનિવાર્ય છે, તેનું બહાર ફરવું ફસાદનો સબબ છે, તેમજ હૈઝ તથા નિફાસ તથા સુવાવડમાં તે કામકાજથી લાચાર બને છે પછી તેણી તબ્લીગ કેવી રીતે કરે. ઝલીલ માણસની

શરીફોમાં કોઈ ઈજ્જત નથી, તેની વાત પર કોઈ ધ્યાન નથી આપતુ, જેથી તબ્લીગનો હેતુ એનાથી પણ પૂરો નથી થઈ શકતો, માટે નબી શરીફ તથા ઉચ્ચ પુરૂષ જ થઈ શકે છે. وَمَا اَرْسَلْنَا مِنْ قَبْلِكَ اِلاَّ رِجَالاً نُّوْحِیْ اِلَيْهِمْ તેમજ ઈર્શાદે બારી તઆલા છે :– اَللّٰهُ يَعْلَمُ حَيْثُ يَجْعَلُ رِسَالَتَهٗ

**સવાલ** :– કલમો પઢતાં જ કુફ્રના સર્વ ગુનાહ કેમ માફ થઈ જાય છે ?

**જવાબ** :– એટલા માટે કે ઈસ્લામ સમુદ્રની જેમ છે જેમાં ગમે તે ગંદો માણસ ગુસ્લ કરે તે પાક થઈ જાય છે. સમુદ્ર જાહેરી ગંદકીને દૂર કરે છે, એ જ રીતે ઈખ્લાસવાળો કલ્મો આંતરિક ગંદકીને પાક કરે છે.

## ☆ નમાઝનાં રહસ્યો ☆

**સવાલ** :– નમાઝ સર્વ ઈબાદતોમાં અફઝલ શા માટે છે ? એમાં તો વધારે તકલીફ પણ નથી. હજ્જ તથા રોઝામાં અધિક મહેનત છે જેથી એ જ સૌથી અફઝલ હોવા જોઈએ ?

**જવાબ** :– કેટલાક કારણો છે, એક એ કે નમાઝની હાલતમાં કોઈ દુનિયવી કામ નથી કરી શકાતુ. કેમ કે તેમાં સર્વ અંગો પર સંપૂર્ણપણે કંટ્રોલ છે. અન્ય ઈબાદતોમાં દુનિયવી કામ પણ થઈ શકે છે. હજ્જમાં વેપાર, રોઝામાં દુનિયવી કારોબાર થઈ શકે છે, જેથી જાણવા મળ્યું કે નમાઝમાં ઈખ્લાસ અધિક છે, એટલા માટે ઈર્શાદ થયો : اِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ (બેશક ! નમાઝ બેહયાઈ તથા બુરી વાતોથી રોકે છે.)

બીજું એ કે નમાઝ સર્વ જાહેરી તથા બાતિની (આંતરિક) અંગો વડે અદા થાય છે, રોઝા કેવળ મુંહ તથા પેટથી, જેથી એ દરેક અંગોની ઈબાદત છે. ત્રીજુ એ કે નમાઝ સર્વ ફરિશ્તાઓની ઈબાદતોનો સમુહ છે





કે કોઈ ફરિશ્તો રુકૂઅમાં છે તો કોઈ સજદામાં કોઈ કિયામમાં. ચોથુ એ કે નમાઝ ખુદાની આખી મખ્લૂકની ઈબાદતોનો સમુહ છે કે ઝાડો કિયામમાં છે, ચોપગાં રુકૂઅમાં, કીડા મકોડા સજદામાં, દેડકા વગેરે કાએદામાં. જેથી નમાઝ સર્વ ફરિશ્તા તથા સર્વ મખ્લૂકની ઈબાદતોનો સમુહ છે. પાંચમુ એ કે નમાઝ સૌના પર ફર્ઝ છે, જ્યારે ઝકાત તથા હજ્જ ગરીબ પર ફર્ઝ નથી, રોઝા મુસાફર પર ફર્ઝ નથી, જેથી આ નમાઝ આમ સર્વ સામાન્ય ઈબાદત છે. છટ્ઠું એ કે નમાઝ દરરોજ પઢવામાં આવે છે અને રોઝા તથા ઝકાત સાલમાં એકવાર અને હજ્જ જીવનભરમાં એકવાર. સાતમુ એ કે નમાઝ માણસની જિંદગી સંભાળી આપે છે જેમ કે નમાઝીએ પોતાનાં કપડાંને દરેક સમયે પાક રાખવાં પડે છે, અને રાત દિવસ દરેક વખતે નમાઝની ચિંતા રાખવી પડે છે જેથી નમાઝી દરેક વખતે ઈબાદતમાં રહે છે. ઈબાદતની ફિકર પણ ઈબાદત છે.

**સવાલ** :– નમાઝ પાંચ વખતની કેમ ફર્ઝ થઈ ? ઓછી વત્તી કેમ ન થઈ ?

**જવાબ** :– એટલા માટે કે મેઅરાજમાં પ્રથમ તો પચાસ વખતની નમાઝ ફર્ઝ થઈ હતી જેમાં ૪૫ વખતની માફી થઈ ગઈ. રબને ત્યાં નેકીનો બદલો દસ ગણો હોય છે. ખૂદ ફર્માવે છે, مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا જેથી હવે નમાઝ પઢવામાં પાંચ છે અને સવાબ પચાસનો.

**સવાલ** :– પાંચ નમાઝોના આ જ સમયો કેમ નિશ્ચિત કરવામાં આવ્યા ?

**જવાબ** :– એટલા માટે કે મોમિનની દરેક હાલત રબના ઝિક્રની સાથે શરૂ થવી જોઈએ. જેનો પ્રારંભ સારો હોય તેનો અંત પણ સારો થવાની ઉમ્મીદ છે. એટલા માટે બાળકનો જન્મ થતાં જ કાનમાં અઝાન કહે છે કે એ બાળકની જિંદગીનો પ્રારંભ છે. ૨૪ કલાકમાં માણસની પાંચ સ્થિતિઓ હોય છે, સવારના સમયે દિવસનો પ્રારંભ એટલે કે જાણે નવી જિંદગી મળી જેથી પ્રથમ નમાઝ પઢે. ઝહોરના સમયે ખાવા તથા આરામથી ફારિગ થયા છે, દિવસના બીજા હિસ્સાનો પ્રારંભ

થયો જેથી નમાઝ પઢી લે. અસરના સમયે નોકરિયાતો કારોબારથી પરવારીને હરવા ફરવા ચાલ્યા, વેપારમાં તેજીનો સમય આવ્યો તો નમાઝ પઢી લે. મગરિબના સમયે રાતની શરૂઆત થાય છે જેથી નમાઝ પઢી લે. સૂતી વખતે જાગવાનો અંત છે. ઊંઘ જે એક પ્રકારની મૌત છે તે શરૂ થઈ રહી છે જેથી નમાઝ પઢીને સૂએ, કદાચ એ છેલ્લી ઊંઘ હોય કે એના પછી કદાચ કયામતના દિવસે જ જાગે.

**સવાલ** :– નમાઝોની રકાતો અલગ અલગ શા માટે ? એક સરખી કેમ નથી ? જો મગરિબમાં ચાર રકઅત પઢીએ તો કેમ થતી નથી ?

**જવાબ** :– લાયકાતવાળા ડોકટરના નુસ્ખાઓમાં (પ્રિસ્ક્રિપ્શન)માં દવાઓનું પ્રમાણ વિવિધ હોય છે, તેમ નમાઝો પણ વિવિધ દવાઓ છે. જે તાળામાં ત્રણ ખાંચવાળી આવવી જોઈએ તે ચાર દાંતાઓવાળી ચાવી થકી નથી ખૂલી શકતું. આ નમાઝો વિવિધ પૈગમ્બરોની યાદગારો છે. આદમ عليه السلام એ જમીન પર આવીને રાત જોઈ તો ગભરાઈ ગયા ! સવાર જાહેર થઈ તો બે રકાત શુક્રના તૌર પર અદા કરી તે ફજર બની. ઈબ્રાહીમ عليه السلام એ ફરઝંદના ઝબહ કરવાના બદલે ઘેટું મેળવ્યું અને ફરઝંદની જાન બચવા અને કુર્બાની કબૂલ થવા પર ચાર રકઅત શુક્રના તૌર પર પઢી તો એ ઝોહર બની. ઉઝૈર عليه السلام એ ૧૦૦ વરસ બાદ જીવતા થઈને ચાર રકઅત શુક્ર અદા કરવા માટે પઢી તે અસર બની, કેમ કે આપ એ સમયે જીવતા થયા હતા. દાઊદ عليه السلام એ તૌબા કબૂલ થવાના શુક્રમાં સૂર્યાસ્ત બાદ ચાર રકાતની નિય્યત બાંધી પણ ત્રણ રકાત પર થાકી ગયા અને સલામ ફેરવી દીધી એ મગરિબ બની. આપણા હુઝૂર صلى الله عليه وسلم એ ઈશા અદા કરી.

**સવાલ** :– સફરમાં કસર એટલે કે ચાર ફર્ઝને બદલે બે ફર્ઝ પઢે છે તો ત્રણમાં કેમ કસર નથી ?

**જવાબ** :– એટલા માટે કે મેઅરાજના સફરમાં બે બે રકાતો જ ફર્ઝ થઈ હતી. કેટલીક નમાઝોનો પાછળથી ઉમેરો કરવામાં આવ્યો. (હદીષ)





જ્યારે તમે પણ સફરમાં જાવ તો મેઅરાજની સફરની યાદગાર કાયમ કરી લો. એટલા માટે પાછલી બે રકાતોમાં કિર્અત ફર્ઝ નથી અને ઈમામ તેમાં ધીમેથી કિર્અત પઢે છે જેથી એ યાદ તાજી રહે કે આ રકાતો પહેલાં ફર્ઝ થઈ અને આ (પાછળની) પછીથી ફર્ઝ થઈ. અને ત્રણનું અડધુ યોગ્ય (મેળ બેસે તેવું) બનતુ નથી એટલા માટે એમાં કસર નથી.

**સવાલ** :– ઈમામ ઝોહર તથા અસરમાં ધીરેથી કિર્અત શા માટે કરે છે ? અને બાકીની નમાઝોમાં જોરથી શા માટે ?

**જવાબ** :– એટલા માટે કે ઈસ્લામના પ્રારંભકાળમાં કાફિરોનું વર્ચસ્વ હતું, તેઓ કુર્આન શરીફ સાંભળીને રબ તઆલા અને જિબ્રઈલ તથા હુઝૂર عليهم السلام ની શાનમાં બકવાસ બકતા હતા. એ જ બે સમયોમાં તેઓ આવારા ઘુમતા રહેતા હતા. મગરિબમાં ખાવામાં મશગૂલ રહેતા હતા અને ઈશામાં સૂઈ જતા હતા અને ફજરમાં જાગતા ન હતા. એટલા માટે એ નમાઝોમાં ધીરેથી કિર્અતનો હુકમ થયો. રબ તઆલાએ ફર્માવ્યું :

وَلَا تَجْهَرْ بِصَلَاتِكَ وَلَا تُخَافِتْ بِهَا وَابْتَغِ بَيْنَ ذَٰلِكَ سَبِيلًا

ન એટલા અવાજે કુર્આન પઢો જેથી અવાજ બહાર જાય, ન એટલા ધીમે કે પોતે ન સાંભળી શકો. જો કે હવે તે સ્થિતિ રહી નથી પણ હુકમ એ જ રહ્યો, જેથી મુસલમાન તે કાફિરોના પ્રભાવવાળા સમયને યાદ કરીને અત્યારે ઈસ્લામના પ્રભાવ પર ખુદાનો શુક્ર કરે.

**સવાલ** :– નમાઝના અરકાનો કિયામ તથા કાયદાઓમાં શું હિકમતો છે ?

**જવાબ** :– નમાઝમાં ચાર ચીજો પઢવામાં આવે છે અને ચાર કામ કરવામાં આવે છે. કુર્આન, તસ્બીહો, દુરૂદ શરીફ અને દુઆઓ પઢવામાં આવે છે અને કિયામ, રુકૂઅ સજદા, કાએદા કરવામાં આવે છે. આ ચારેવ કામોમાં બે હિકમતો છે, એક એ કે માણસમાં ચાર ગુણો છે તે વનસ્પતિ, પ્રાણી, પદાર્થ અને માનવ હોવું. વનસ્પતિમાં ઈબાદતમાં બેઠા રહેવું છે, પ્રાણીની અસલિયત ઈબાદતમાં રુકૂઅમાં રહેવું, પદાર્થની બંદગી સજદો છે અને માનવીની કિયામ છે, જેમ કે કુર્આનથી સાબિત

છે. જેથી નમાઝમાં આ ચારેવ ઈબાદતોને એકત્ર કરી દેવામાં આવી, તેમ જ આ ચારેવ ગુણો ઈન્સાનના માટે રબથી દૂરીના સબબ બન્યા, જાણે કે માણસ ચાર દરજા નીચે ઉતર્યો જેથી એની તરક્કીના માટે ચાર કામો નિશ્ચિત કરવામાં આવ્યાં.

બીજું એ કે માણસમાં આગ, પાણી, હવા, માટી મિશ્ર છે. આગની ખાસિયત ઘમંડ તથા ગુરૂર છે એટલા માટે તે ઉપરની તરફ ભાગે છે. જુઓ ! (આગથી બનેલ) શૈતાન આદમ عليه السلام સમક્ષ ન ઝુકયો (ઊંચો ગયો !) પાણીનું કામ છે ફેલાવું, માટીની તાસીર છે જામવું અને નિસ્ચેત રહેવું. હવાની તાસીર શહવત છે એટલા માટે શકિતપૂર્વકની દવાઓ હવાયુકત હોય છે. જાણે કે માનવ આ ચારેય અલગ અલગ ચીજોનું મિશ્રણ છે અને વિવિધ ચીજોની અસર આ મિશ્રણ (માજૂન)માં થાય છે. જેથી ઈન્સાનમાં આ ચારેવ ઐબો મૌજૂદ હતી, તેના નિવેડા માટે આ ચાર અરકાન નમાઝમાં કાયમ કરવામાં આવ્યા અને અરકાનોને અલ્લાહ તઆલાના વિવિધ ઝિક્રો વડે પૂરવામાં આવ્યા, જેથી કરીને તે ઐબોથી પાકી હાંસલ થાય. જેનું બયાન આ આયતમાં છે : إِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ

(રૂહુલ બયાન, સૂ. માએદહ, આયત–وَقَالَ اللّٰهُ إِنِّىْ مَعَكُمْ لَئِنْ أَقَمْتُمُ الصَّلٰوةَ)

**સવાલ** :– નમાઝના માટે વુઝૂ શા માટે જરૂરી છે ?

**જવાબ** :– એટલા માટે કે નમાઝ દિલને પાક કરે છે, જેથી પ્રથમ શરીરને પાક કરવું જોઈએ. કેમ કે જાહેરી પાકી આંતરિક પાકીનો સબબ હોય છે. ફેફસાંની બીમારીવાળાનાં શરીર, કપડાં, મકાન સાફ રખાવે છે, જેથી તંદુરુસ્તી હાંસલ થાય.

**સવાલ** :– વુઝૂમાં ચાર અંગો ધોવાં કેમ ફર્ઝ છે ? મોં, હાથ, માથાનો મસહ અને પગ.

**જવાબ** :– બે બાબતો છે, એક એ કે વુઝૂના પાણીથી ખતાઓ તથા ગુનાહો ખરી જાય છે. આદમ عليه السلام થી જે પ્રથમ લગઝિશ (ખતાએ ઈજતેહાદી) થઈ એટલે કે ઘઉં ખાવાની, તેમાં એ જ ચાર અંગોએ





કામ કર્યું હતું કે દિમાગમાં ખાવાનો ખયાલ આવ્યો, પગો એ તરફ ચાલ્યા, હાથથી ઘઉં પકડયો અને મુંહ શરીફે ખાધો. જેથી હુકમ થયો કે નમાઝના માટે એ જ ચાર અંગો પર પાણી વહાવો. બીજુ એ કે હજુ પણ મોટા ભાગના ગુનાહમાં એ જ અંગોનો અધિક ઉપયોગ થાય છે. હાથ, પગ, આંખ, કાન, દિલ, દિમાગથી જ ગુનાહ કરવામાં આવે છે. દિલ તથા દિમાગનો સંબંધ બાદશાહ તથા વઝીર જેવો છે કે દિલ પર રંજ આવ્યો તો તુરત જ દિમાગથી પાણી આંસૂંઓના રૂપમાં ટપકયું અને જેવો દિમાગમાં બૂરો ખયાલ ઉદ્ભવ્યો કે દિલ ગમગીન થઈ ગયું જેથી દિમાગ પર મસહ કરી દેવામાં આવ્યો, દિલની જગા ન ધોવામાં આવી કેમ કે દિમાગના થકી દિલ પાક થઈ ગયું.

**સવાલ** :– પેશાબ, પાખાનુ, વા સરે, ઉલ્ટી, લોહી વગેરેથી વુઝૂ શા માટે તૂટે છે ?

**જવાબ** :– વુઝૂ ઘઉં ખાવાથી લાઝિમ થયું અને આ ચીજો ઘઉંથી જ બને છે જેથી હુકમ થયો કે જયારે ઘઉંની અસર જાહેર થાય તો વુઝૂ કરી લો. ઉંઘ પણ એટલા માટે વુઝૂ તોડે છે કે તેમાં હવા સરવાની શકયતા રહે છે. નબીની ઉંઘ ગફલત નથી પેદા કરતી જેથી તેમનું વુઝૂ પણ નથી તોડતી.

**સવાલ** :– તો પછી એવું હોવું જોઈએ કે 'મની' (વિર્ય) નીકળવાથી વુઝૂ જ તૂટે કેમ કે વિર્ય પણ ઘઉં થકી જ બને છે, તેનાથી ગુસ્લ શાથી તૂટે છે ?

**જવાબ** :– વિર્યનો સંબંધ આખા શરીર સાથે છે કે દરેક અંગના લોહીથી વિર્ય બને છે અને તેના નીકળતી વખતે આખા શરીરને લિજ્જત મળે છે જેથી આખા શરીર પર અસર થવી જોઈએ.

**સવાલ** :– પાણી ન મળવાની સ્થિતિમાં તયમ્મુમ શા માટે કરાવવામાં આવે છે ? એમાં શું મસ્લહેત છે ?

**જવાબ** :– સર્વ તત્વો આગ, પાણી, માટી, હવામાં દિલોની શિફા અને શરીરની પાકી છે એટલા માટે ઘણી ચીજો આગથી પાક થઈ જાય છે. જેમ કે માટી, તાંબાનાં નાપાક વાસણો, નાપાક જમીન હોય તો

તે સૂકાઈ જઈને પાક થઈ જાય છે. ઘણી સ્થિતિઓમાં માટી વડે રગડવાથી પાક થાય છે અને પાણી તો પાકીનો ઝરીયો છે જ. એ જ પ્રમાણે પાણી ઉપર દમ કરીને બીમારોને પીવડાવવામાં આવે છે. હુઝૂર ﷺ એ એક બીમાર પર માટી લુઆબે દહન (થૂંક મુબારક) વડે ભીની કરીને લગાડી. કુર્આન પઢીને દમ કરવામાં આવે છે તો દમની હવાથી ખુદા તંદુરસ્તી આપે છે. મતલબ કે આ તત્વોમાં પાકીની અસર છે જેથી 'તહારતે હુકમી'' એટલે કે વઝૂ તથા ગુસ્લના માટે પાણીને તો અસ્લ માનવામાં આવેલ છે અને જરૂરતના સમયે માટીને નાયબ ગણવામાં આવેલ છે, કેમ કે માટી પણ એક (પાકી માટેનું) તત્વ છે.

**સવાલ** :– નમાઝની ખબર આપવા માટે અઝાન શા માટે રાખવામાં આવી ? હિંદુઓ, ઈસાઈઓની જેમ શંખ અથવા કૂસ કેમ ન વગાડવામાં આવ્યું ?

**જવાબ** :– અઝાન નમાઝની ખબર આપવાનો શ્રેષ્ઠ ઝરીયો છે એના સમાન ન શંખ થઈ શકે છે ન કૂસ. એનાં કેટલાક કારણો છે : પ્રથમ તો એ કે શંખમાં મરેલા જાનવરનું હાડકુ વપરાય છે અને કૂસમાં લોખંડ, પિત્તળ વગેરે ધાતુનો ઉપયોગ થાય છે. પણ અઝાનમાં અશરફુલ મખ્લૂક એટલે માણસનો ઉપયોગ થાય છે તે પણ ગળાના અવાજનો ન કે હાથની તાલીનો ન તો સીટી વગેરેનો. કેમ કે ગળુ આંતરિક તથા બાહ્ય અંગો વચ્ચે માધ્યમ છે કે બહારથી જે હવા, પાણી, ખોરાક અંદર જાય તે ગળાના માર્ગે અને જે દિલની વાત બહાર આવે તે ગળાના વડે.

બીજું એ કે શંખ વગેરે કેવળ ધુન વિનાનો અવાજ છે જેનો કોઈ જ અર્થ નથી. જેમ કે રેલ્વેની સીટી કેવળ ખબર છે પણ અઝાનમાં કેવળ અવાજ નથી બલ્કે અલ્લાહની કિબ્રિયાઈ તથા હુઝૂરની નબુવ્વતનું એલાન છે. એ ઈમાનની જડ અને ઈબાદતોનુ મીજ છે, પછી નમાઝ માટે આમંત્રણ છે, પછી નમાઝના ફાયદાઓનું વર્ણન છે જેનાથી દિલમાં નમાઝનો શોખ પેદા થાય છે અને જો કોઈ સારા અવાજથી અઝાન આપે તો સાંભળીને વજૂદ આવી જાય છે. મતલબ કે અઝાનમાં આમંત્રણની





સાથે તબ્લીગ પણ છે.

**સવાલ** :– નમાઝ જમાઅત સાથે શા માટે પઢવામાં આવે છે ? એમાં શું હિકમત છે ? મસ્જિદમાં હાજરી શા માટે આપવામાં આવે છે ?

**જવાબ** :– જમાઅતમાં દીની દુનિયવી ઘણી બધી હિકમતો છે. દુનિયવી હિકમતો તો એ છે કે જમાઅતની બરકતથી કૌમમાં સંગઠન રહે છે કે મુસલમાન પોતાના દરેક કામના માટે ઈમામની જેમ સદર (પ્રમુખ) અને સરદાર ચૂંટી લીધા કરે, પછી સરદારનું એવું આજ્ઞાપાલન કરે જે પ્રમાણે મુકતદી ઈમામનુ કરે છે. જમાઅતથી આપસમાં એકતા વધે છે કેમ કે દરરોજની પાંચ વખતની મુલાકાત અને દુઆ સલામ દિલની અદાવતને દૂર કરે છે. કૌમમાં સમયોની પાબંદીની આદત પડે છે કે સર્વ લોકો જમાઅતના સમયે દોડતા આવે છે. જમાઅતથી ઘમંડીઓનો ઘમંડ તૂટે છે કેમ કે અહીં બાદશાહે ફકીરની સાથે ઉભા રહેવું પડે છે, તે ઉપરાંત મસ્જિદ આપણી કમિટીનું ઘર અથવા મશ્વરાનું સ્થળ છે, જ્યાં એકત્ર થઈને મુસલમાનો મહત્વના મશ્વરા કરે છે, જેનાથી જાણે મસ્જિદમાં દરરોજ મહોલ્લાની પાંચ કોન્ફરન્સો થાય છે. મસ્જિદે નબવીથી જ ઈસ્લામી ફોજ નીકળીને જેહાદ વગેરે કરતી હતી. દીની ફાયદો એ છે કે જો જમાઅતમાં એકની નમાઝ કબૂલ થઈ ગઈ તો સૌની કબૂલ છે. જમાઅતમાં જાણે કે મુસલમાનોનું પ્રતિનિધિમંડળ બારગાહે ઈલાહીમાં હાજર થાય છે, અને જાહેર છે કે હાકિમને ત્યાં એકલાને બદલે પ્રતિનિધિમંડળને અધિક આવકાર મળે છે. જમાઅતમાં ઈન્સાન રબની કચેરીમાં વકીલ એટલે કે ઈમામ થકી અરજી પેશ કરે છે, જેનાથી વાતનું વજન વધી જાય છે. મસ્જિદની પ્રતિ આવવા જવામાં દરેક ડગલે દસ નેકીઓ મળે છે. જમાઅતથી માણસને દીની પેશ્વા, ઉલમા, સૂફીઓની અદબ શીખવાડવામાં આવે છે.

**સવાલ** :– જુમ્આ તથા ઈદમાં જમાઅત ફર્ઝ શા માટે છે ? પંજગાના નમાઝોમાં કેમ નહીં ?

**જવાબ** :– પંજગાના જમાઅત મહોલ્લાભરની કોન્ફરન્સ છે

અને જુમ્આની જમાઅત આખા શહેરની અથવા શહેરના મોટા ભાગની હિસ્સાની. પંજગાના જમાઅત ફર્ઝ કરવામાં આવે તો મુસલમાનો પર દુશ્વારી થઈ જાય છે કે જંગલ, ખેતર વગેરેથી દોડતા મસ્જિદે આવવું પડે, એટલા માટે એ જમાઅતને સુન્નત (વાજિબની નિકટ) ઠરાવવામાં આવી અને જુમ્આ અઠવાડિયે એક વખત આવે છે અને ઈદ વરસમાં બે વાર આવે છે એટલે તેમના માટે આવવું એટલું કઠિન થશે નહીં; અને કારોબાર પણ બંધ થશે નહીં.

**સવાલ** :- ઈસ્લામમાં જુમ્આને મોમિનોની ઈદ શા માટે માનવામાં આવી ? ઈસાઈ રવિવારની તાઝીમ શા માટે કરે છે ? જુમ્આમાં શું ખૂબી છે ?

**જવાબ** :- ઈસાઈ કેવળ એટલા માટે માને છે કે તે દિવસે હઝરત ઈસા عليه الصلوٰة والسلام પર 'માઈદહ' એટલે કે દસ્તરખાન ઉતર્યું હતું. તેમણે દુઆ કરી હતી : رَبَّنَآ اَنْزِلْ عَلَيْنَا مَآئِدَةً مِّنَ السَّمَآءِ تَكُوْنُ لَنَا عِيْدًا لِّاَوَّلِنَا

જેથી એ દિવસ તેમની ઈદનો થયો પરંતુ જુમ્આ મુસલમાનોની ઈદ એટલા માટે બન્યો કે તે માનવ દુનિયાનો પ્રથમ દિવસ છે અને છેલ્લો પણ. કેમ કે જુમ્આના દિવસે જ આદમ (عليه الصلوٰة والسلام ની પેદાઈશ થઈ, તેમને એ જ દિવસે જન્નતમાં જવાનુ થયું, પછી જન્નતથી જમીન પર આવવાનુ પણ એ જ દિવસે થયું, કિયામત પણ જુમ્આના દિવસે જ સ્થાપિત થશે. તેમ જ અંબિયાએ કિરામ પર મોટાં મોટાં ઈનામો તે જ દિવસોમાં થયાં. મૂસા عليه الصلوٰة والسلام ને ફિરઔનથી નજાત મળી, યૂનુસ عليه الصلوٰة والسلام ને માછલીના પેટથી બહાર આવવાનું, યૂસુફ عليه الصلوٰة والسلام નો યાકૂબ عليه الصلوٰة والسلام થી મેળાપ, નૂહ عليه الصلوٰة والسلام ની કશ્તીનુ પાર લાગવું એ સૌ જુમ્આના દિવસે થયું. તેમજ અઠવાડિયાના સાત દિવસ છે જેમાં પ્રથમ દિવસ જુમ્આ છે જેથી જુમ્આને ઈબાદતના માટે ખાસ રાખવામાં આવ્યો જેથી અઠવાડિયાની શરૂઆત બરકતની સાથે થાય. (રૂહુલ બયાન, ઝેરે આયતે નુઝૂલે માઈદહ)

**સવાલ** :- આપણે અલ્લાહના બંદા છીએ તો કેવળ ફર્ઝ જ પઢીએ જે અલ્લાહનો હુકમ છે, સુન્નત શા માટે પઢીએ ? તેની શું જરૂરત છે ?





**જવાબ** :- ફર્ઝના માટે સુન્નત એવી છે કે જેવી રીતે ખાવાને માટે પાણી, કે ન તો ખાણુ પાણી વિના તૈયાર થઈ શકે છે અને ન તો ખાઈ શકાય છે. એ જ પ્રમાણે ખૂદ ફર્ઝ નમાઝમાં સુન્નત સમાએલ છે. જેમ કે હાથ ઉઠાવવા, સૂરએ ફાતિહા પઢવી, સૂરત મિલાવવી વગેરે અને લગભગ દરેક ફર્ઝ નમાઝની સાથે સુન્નતો પણ અદા કરવામાં આવે છે. જેવી રીતે પાણી વિના ખાવાની દા'વત અધુરી છે એવી જ રીતે સુન્નત વિના ફર્ઝ નમાઝ અપૂર્ણ છે. સુન્નતને ત્યજનારો શફાઅતથી વંચિત છે, બલ્કે માણસ ઉપર ફર્ઝો તો બાલિગ (પુખ્ત) થયા પછી લાગુ પડે છે પણ સુન્નતો પેદાઈશથી જ સાથે હોય છે. ખત્ના, અકીકો, નામ રાખવું સૌ સુન્નત જ છે. એ જ પ્રમાણે મૃત્યુ પામતાં જ તમામ ફર્ઝો પૂરા થઈ જાય છે પણ સુન્નતો મૃત્યુ બાદ પણ સાથ નથી છોડતી. જેમ કે કબર, કફન, દફન, ફાતેહા, ઈસાલે ષવાબ સુન્નત છે, બલ્કે ખૂદ ''મૃત્યુ'' પણ સુન્નત છે. એટલા માટે આપણુ નામ 'અહલે ફર્ઝ' નથી બલ્કે 'અહલે સુન્નત વ જમાઅત' છે. સુન્નતના મુન્કિરોએ જોઈએ કે દૂંટીથી ગુથણો નીચે સુધીનો જાંગીયો પહેર્યા કરે અને જાન નીકળતી વખતે કોઈક ચણા ચાવી લીધા કરે જેથી જાન બચે કેમ કે ફર્ઝ કેવળ એટલું જ છે. નિકાહ, ઔલાદ સૌ સુન્નતો જ છે.

**સવાલ** :- કેટલાક ખાણા પાણી વિના જ તૈયાર થાય છે અને પાણી વિના જ ખાવામાં આવે છે જેમ કે લીલાં ફળો !

**જવાબ** :- એમાં પણ પાણીની જરૂરત છે કે તેમનાં ઝાડો પાણીથી જ ઉછેર પામે છે, તેમજ તેમાં કુદરતી રીતે પાણી મૌજૂદ હોય છે, નહીં તો સૂકાઈ જાય.

**સવાલ** :- નફ્લ પઢનારની પાછળ ફર્ઝ નમાઝ કેમ થતી નથી અને ફર્ઝવાળાની પાછળ નફ્લવાળાની નમાઝ કેમ થઈ જાય છે ?

**જવાબ** :- એટલા માટે કે મુક્તદીની નમાઝ ઈમામની નમાઝના હેઠળ એ પ્રમાણે હોય છે જેમ કે કવરમાં કાગળ. હદીષમાં છે કે ઈમામ જામિન છે અને સ્પષ્ટ છે કે જિમ્મો (પોતાના હેઠળ) લેનારો કયાં તો અધિક શકિતશાળી હોય અથવા સમાન હોય. કાગળનું કવર

(પરબિડિયુ) લોખંડના પતરાને પોતાના હેઠળ નથી રાખી શકતું બલ્કે ફાટી જશે. જેથી અનિવાર્ય છે કે ઈમામની નમાઝ મુકતદીથી મજબૂત અથવા સમાન હોય. જેથી નફ્લ તો ફર્ઝની પાછળ હોઈ શકે છે પણ ફર્ઝ નફ્લની પાછળ નથી હોઈ શકતા, કેમ કે ફર્ઝ નફ્લથી મજબૂત છે. એટલા માટે ઈમામનું પણ મુકતદીઓથી મજબૂત અથવા સમાન હોવું જરૂરી છે, જો ઈમામ મુકતદીથી કમજોર હોય તો નમાઝમાં ખરાબી આવશે.

**સવાલ** :– હદીષોમાં આવેલ છે કે મેઅરાજની સવારે જિબ્રઈલ عليه الصلوة والسلام એ બે દિવસ હુઝૂર عليه الصلوة والسلام ને નમાઝો પઢાવી. જ્યારે કે એ નમાઝો હુઝૂર عليه الصلوة والسلام પર ફર્ઝ હતી અને જિબ્રઈલના માટે નફ્લ. કેમ કે ફરિશ્તાઓ પર આ નમાઝો ફર્ઝ નથી. જુઓ નફ્લોની પાછળ ફર્ઝ અદા થઈ !

**જવાબ** :– જ્યારે જિબ્રઈલ عليه الصلوة والسلام ને રબ તઆલાએ એ નમાઝોનો હુકમ આપ્યો તો તે નમાઝો તેમના પર ફર્ઝ થઈ ગઈ, જેથી ઈમામત જાઈઝ થઈ. જેમ કે જ્યારે ગામડાના રહેવાસીઓ શહેરમાં આવી જાય તો તેમના પર જુમ્આ તથા ઈદો ફર્ઝ થઈ જાય છે અને શહેરવાસીઓની ઈમામત પણ કરી શકે છે.

**સવાલ** :– ઈમામ મુકતદીથી અફઝલ હોય છે જેથી લાઝિમ થયું કે જિબ્રઈલ عليه الصلوة والسلام હુઝૂરથી અફઝલ હોય ?!

**જવાબ** :– આ સામાન્ય કાયદો નથી કેમ કે હુઝૂર عليه الصلوة والسلام એ સહાબી અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ ની પાછળ પણ એક રકાત પઢી છે જ્યારે તે ઉમ્મતી છે અને હુઝૂર નબી. ઉસ્તાદ શાગિર્દ પાછળ, શૈખ મુરીદ પાછળ નમાઝ પઢી લે છે. આ તો ઈમામત છે. હુઝૂર તો કા'બા મોઅઝ્ઝમાથી પણ અફઝલ છે, કેમ કે ખૈરે ખલ્કિલ્લાહ (અલ્લાહની મખ્લૂકમાં શ્રેષ્ઠ) છે. કા'બા પણ અલ્લાહની મખ્લૂક છે જેથી એનાથી પણ અફઝલ છે છતાં હુઝૂર عليه الصلوة والسلام સાજિદ છે અને કા'બા મસ્જૂદ ઈલૈયૂહ.

**સવાલ** :– કમસે કમ જિબ્રઈલ عليه الصلوة والسلام નમાઝના ઉસ્તાદ ઠર્યા, કેમ કે તેમણે હુઝૂરને નમાઝ શીખવાડી અને હુઝૂર عليه الصلوة والسلام શાગિર્દ





અને ઉસ્તાદ શાગિર્દથી આ'લા હોય છે !

**જવાબ** :– મુઅલ્લિમ (ઉસ્તાદ) નહીં કેવળ મુબલ્લિગ અને પૈગામ પહોંચાડનાર છે એટલા માટે હુઝૂરના દરે દૌલત પર હાજર થયા હતા. જો ઉસ્તાદ હોત તો હુઝૂર عليه الصلوة والسلام તેમની પાસે જાત. જુઓ, મૂસા عليه الصلوة والسلام હઝરત ખિઝરની પાસે ગયા. હુઝૂર عليه الصلوة والسلام રબ તઆલાના ચહીતા શાગિર્દ છે.

**સવાલ** :– તો પછી અંબિયાએ કિરામને પણ કેવળ મુબલ્લિગ માનવા જોઈએ, તેમની આટલી તાઝીમ તથા ઈજ્જત શા માટે કરવામાં આવે છે ? અને હઝરત જિબ્રઈલ عليه الصلوة والسلام ને પણ નબી માનવા જોઈએ, કેમ કે જે મુબલ્લિગ હોય તે નબી છે !

**જવાબ** :– અંબિયાએ કિરામ ખાલિક તથા મખ્લૂકની વચ્ચે વાસ્તા ફિલ ઉરૂઝ છે, જેમ કે ખરીદ વેચાણમાં વકીલ કે ખરીદ વેચાણના સર્વ હુકમો પ્રથમ તેનાથી સંબંધિત થાય છે. મુવક્કલથી પૈગમ્બર જે વાતો ઉમ્મતને પહોંચાડશે તેના પર પોતે પણ પહેલાં અમલ કરશે. એ જ પ્રમાણે ઉસ્તાદ તથા શૈખ, નબી તથા ઉમ્મતની વચ્ચે જાણે વાસ્તા ફિલ ઉરૂઝ છે. પણ ફરિશ્તા ખાલિક તથા મખ્લૂકની વચ્ચે કેવળ વાસ્તા ફિષ્ષબૂત છે, જેમ કે નિકાહનો વકીલ કે તે કેવળ મુવક્કલના શબ્દો નકલ કરી આપે છે, નિકાહના હુકમો સાથે તેને કોઈ સંબંધ નથી અથવા રંગરેજની જેમ કે જે કેવળ કપડાંને રંગી આપે છે, ખૂદ રંગીન નથી હોતો. એ જ પ્રમાણે ફરિશ્તા હુકમો પહોંચાડી આપે છે ન ખૂદ અમલ કરે છે ન અન્યો પાસે કરાવે છે. એટલા માટે કેટલીક વાર જિબ્રઈલ عليه الصلوة والسلام એ સહાબાના મજમામાં હુઝૂરથી કેટલાક દીની મસાઈલ પૂછયા જેથી લોકો સાંભળે અને અમલ કરે, પોતાના હુકમો ન સંભળાવ્યા, એટલા માટે પૈગમ્બર નબી છે અને ફરિશ્તા નબી નથી. જેમ કે હાકિમો ટપાલ ખાતાના માણસો મારફત ટપાલથી હુકમો પહોંચાડે છે. હાકિમો અમલ કરે કરાવે છે.

**સવાલ** :– એનું શું કારણ છે કે વુઝૂનું બચેલુ પાણી ઉભા રહીને પીવું જોઈએ ? પણ વુઝૂનું ધોવાણ પીવું મકરૂહ છે ? એક પાણીના

બે હુકમો શા માટે ?

**જવાબ :-** એટલા માટે કે વુઝૂના પાણીથી ઈબાદત કરવામાં આવી છે જેથી એની અઝમત વધી ગઈ. એટલા માટે વપરાયેલી મિસ્વાક તથા મસ્જિદના કચરાની પણ અદબ છે. પણ વુઝૂનું ધોવાણ નમાઝીના ગુનાહ લઈને અંગોથી અલગ થાય છે, એટલા માટે એને પીવું મકરૂહ છે. પરંતુ નબીના અંગોથી નીકળેલ ધોવાણ પીવું મકરૂહ નથી બલ્કે સવાબ છે, સહાબાએ કિરામ પીતા રહેતા હતા, કેમ કે પૈગમ્બર ગુનાહોથી માસૂમ હોય છે. તેઓ સરાપા નૂર છે, તેમનું ધોવાણ ગુનાહ લઈને નહીં બલ્કે નૂરાની બનીને પડે છે.

**સવાલ :-** જ્યારે વુઝૂથી ગુનાહ ઝરે (ખરી પડે) છે તો એવું હોવું જોઈએ કે પૈગમ્બરો પર વુઝૂ વાજિબ જ ન થાય કેમ કે તેઓ તો બેગુનાહ છે ! વુઝૂનો મકસદ ત્યાં હાંસલ થતો નથી.

**જવાબ :-** આપણા માટે વુઝૂના બે ફાયદા છે : જાહેરી અને બાતિની. જાહેરી ફાયદો નજાસત (નાપાકી)નું દૂર થવું છે અને બાતિની ફાયદો ગુનાહોનું ખરી જવું છે. અંબિયાએ કિરામના માટે પણ બે ફાયદા છે : જાહેરી ફાયદો બેવઝૂપણાનું દૂર થવું અને બાતિની ફાયદો મર્તબાઓમાંથી વધારો થવું. જે નેકી ગુનેહગારોના ગુનાહો માફ કરાવે છે તે નેકી બેગુનાહોના દરજાઓ વધારે છે. જેમ કે મસ્જિદ પ્રતિ કદમો જેનાથી ગુનેહગારના ગુનાહો ઝરે છે અને નેકોકારના મર્તબાઓ વધે છે.

**સવાલ :-** કુર્આન ફર્માવે છે કે નમાઝ બેહયાઈઓ અને ગુનાહોથી રોકે છે, જ્યારે કે કેટલાક નમાઝી પણ ગુનેહગાર હોય છે. શૈતાન મહા નમાઝી હતો પણ મહા ગુનેહગાર બન્યો ?!

**જવાબ :-** એના ત્રણ જવાબો છે. એક એ કે નમાઝની હાલતમાં ગુનોહ નથી કરવા દેતી. રોઝા, હજ્જ વગેરેમાં જૂઠ, ગીબત વગેરે પર કન્ટ્રોલ નથી. પણ નમાઝમાં સર્વ અંગો પર કંટ્રોલ છે. બીજું એ કે બુરાઈઓથી રોકવું એ નમાઝની તાસીર છે. જેમ કે તૂનિસ (જેની કદી પ્યાસ ન બુઝાય તે બીમારીવાળો) વાળાની તરસ પાણી વડે ન મટે તો





એમાં પાણીનો શો વાંક ?! જો કોઈ ઝહેરથી ન મરે તો ઝહેરના કાતિલ હોવામાં ફરક નથી પડવાનો. ત્રીજું એ કે **ઈન્નસ્સલાત**માં અલિફ લામ અહદી છે એટલે કે "કબૂલ થનારી નમાઝ" જેમાં જાહેરી તથા બાતિની (આંતરિક) શરતોનો લેહાઝ રહે છે કે, તે બેશક ! ગુનાહોથી રોકે છે. જે નમાઝ ગુનાહોથી ન રોકે તે નમાઝની અદાઓ છે ન કે મકબૂલ નમાઝ.

# ☆ રોઝાનાં રહસ્યો ☆

**સવાલ :-** રોઝામાં શું હિકમત છે ? ઈસ્લામમાં એને શા માટે રાખવામાં આવ્યા કે આપણે આપણી ચીજ એક સમયે પોતે જ ન ખાઈ પી શકીએ ?

**જવાબ :-** પેટ ભરવાથી નફ્સ મજબૂત (શકિતવાન) થાય છે અને ખાલી રહેવાથી રૂહમાં શકિત આવે છે. રૂહ અને નફ્સ જાણે કે આપણી બે બાજુઓ છે અથવા માનવ જીવનનાં બે પાસાં છે જેથી અમુક દિવસ નફ્સને ખોરાક આપો અને અમુક દિવસ રૂહને. તેમજ રોઝો પેટની તમામ બીમારીઓનો ઈલાજ છે, **જો કોઈ દર મહીને ત્રણ દિવસ રોઝા રાખી લીધા કરે તો તે પેટની બીમારીઓથી મહેફૂઝ રહેશે.** રોઝાથી ગરીબી તથા ભૂખની સ્થિતિનું ભાન થાય છે અને ફકીરોની મદદ કરવા દિલ ચાહે છે. રોઝામાં આપણી બંદગી અને રબના માલિકીપણાનો ઈઝહાર થાય છે કે આપણે આપણી કોઈ ચીજના મુસ્તકિલ (રબની અતા વિના) માલિક નથી, ઘરમાં સર્વ કાંઈ છે પણ રબ તઆલાએ રોકી દીધા તો કાંઈ પણ ઉપયોગ નથી કરી શકતા. રોઝાથી ભૂખ વેઠવાની ટેવ રહે છે કે જો કયાંક કદી ભૂખ વેઠવાની આવે તો રોઝાદાર સબ્ર કરી શકશે. રૂહ શરીરમાં આવતાં પહેલાં ખોરાકથી મહેફૂઝ હતી જેથી ગુનાહથી પણ દૂર હતી, શરીરમાં આવીને ખોરાકની હાજતમંદ થઈ જેથી ગુનાહ પણ કરવા લાગી. હવે અમુક સમય તેને ભૂખ્યી રાખો જેથી તેને પોતાની આગલી સ્થિતિનું ભાન થાય અને ગુનાહથી દૂર રહે.

**સવાલ :-** રોઝામાં શું વિશિષ્ટતાઓ છે જે અન્ય ઈબાદતોમાં

નથી ?

**જવાબ** :– રોઝામાં કેટલીક વિશિષ્ટતાઓ છે, **પ્રથમ** તો એ કે સર્વ ઈબાદતોમાં કાંઈક કરવાનું છે અને રોઝામાં છોડવું એટલે કે ખાવા, પીવા, સંભોગ છોડવું અને રબના માટે ખ્વાહિશોને છોડવી મહાન ઈબાદત છે. **બીજું** એ કે તમામ ઈબાદતોમાં ઈતાઅત (ફર્માબરદારી)નો પ્રભાવ છે અને રોઝામાં ઈશ્કનો, કેમ કે તેમાં ઉશ્શાક (આશિકો)ની તમામ નિશાનીઓ મૌજૂદ છે.

**ત્રીજુ** એ કે અન્ય ઈબાદતો ખાસ હાલતમાં રહે છે પણ રોઝો દરેક હાલતમાં મોમિનની સાથે છે, કેમ કે જાગતાં, સૂતાં, ખેલતાં, કૂદતાં, કારોબાર કરતાં દરેક હાલતમાં મોઢે રોઝો રહે છે. **ચોથું** એ કે રોઝો ભરપેટ ભોજનની ઝકાત છે. **પાંચમુ** એ કે અન્ય ઈબાદતોમાં "શુક્ર" છે અને રોઝામાં "સબ્ર" અને અલ્લાહ સબ્ર કરનારાઓ સાથે છે.

**સવાલ** :– હદીષે કુદ્સીમાં છે. રબ ફર્માવે છે : اَلصَّوْمُ لِيْ وَاَنَا اَجْزِىْ بِهٖ "રોઝો મારો છે હું તેનો બદલો આપીશ." સર્વ ઈબાદતો રબની છે અને તે જ બદલો આપનાર છે તો પછી રોઝાને ખાસ કેમ કર્યો ?

**જવાબ** :– બે કારણો છે, એક એ કે અન્ય ઈબાદતોમાં રિયા (બાહ્ય આડંબર) હોઈ શકે છે. કેમ કે તે જાહેર છે પણ રોઝામાં રિયાને દખલ નથી કેમ કે તે છુપી ચીજ છે. જો કોઈ ઘરમાં કાંઈક ખાઈ પી લે અને લોકોમાં રોઝો જાહેર કરે તો કોઈ શું જાણે ?! જેથી રોઝાદાર યકીનન રબના માટે જ રોઝો રાખી શકે છે. બીજું એ કે કિયામતમાં જાલિમ અન્ય ઈબાદતો મઝલૂમ (જે જુલ્મનો ભોગ બન્યો તેઓ) છીનવી લેશે, પણ રોઝો કોઈને આપવામાં નહીં આવે, હુકમ થશે કે આ તો મારી ચીજ છે એ કોઈને મળશે નહીં.

**સવાલ** :– પછી એનો શું અર્થ છે કે હું તેનો બદલો આપીશ ?

**જવાબ** :– આ હદીષની બે કિર્અતો છે. **ઉજરાબિહી** એટલે **"હું રોઝાની જઝા (બદલો) છું"** તમામ ઈબાદતોનો બદલો જન્નત





અને રોઝાનો બદલો ખૂદ ખાલિકે જન્નત છે. બીજી **અના અજરીબિહી** એટલે કે "હું રોઝાનો ખૂદ બદલો આપીશ." અન્ય ઈબાદતોના સવાબ નિશ્ચિત છે પણ રોઝાનો બદલો કાંઈ નિશ્ચિત નથી ફર્માવ્યો. રબ આપનારો અને બંદો લેનાર, જેટલા પ્રમાણમાં ચાહે આપશે, કેમ કે રોઝાદાર આશિક છે અને ઈશ્કનો સવાબ મહબૂબથી મુલાકાત છે. મહબૂબની સાથે તમામ નેઅમતો અસીમિત છે.

**સવાલ** :– રમઝાન મહિનામાં શું ખાસિયત છે જે અન્ય મહીનઓમાં નથી ?

**જવાબ** :– અમુક ખાસિયતો છે. કુર્આન શરીફમાં કેવળ રમઝાનનું જ નામ આવ્યું, કોઈ અન્ય મહીનાનું નથી આવ્યું જેમ કે સહાબીઓની જમાઅતમાં કેવળ ઝૈદનું નામ આવ્યું. રમઝાન, રહમાન, ગુફરાન, કુર્આન અને શૈતાન લગભગ હમ વજન છે, એટલે કે રહમાને રમઝાનમાં કુર્આન મોકલ્યું જેથી મોમિનોને માફી મળે અને શૈતાનને કેદ કર્યો. અન્ય મહિનાઓમાં ખાસ દિવસ ખાસ પળો ઈબાદતની છે. બક્ર ઈદમાં ૪ દિવસ નવમીથી બારમી સુધી. મોહર્રમમાં દસમી, શવ્વાલમાં પહેલી, શાબાનમાં ૧૪મી, રજબમાં સત્તાવીસમી તારીખો. પણ રમઝાનમાં દરેક ઘડી ઈબાદતની છે, જેમ કે સવારથી રાત સુધી રોઝો, પછી ઈફતારી, તરાવીહ, સહરી, તિલાવતે કુર્આન. મતલબ કે અજબનો મુબારક મહીનો છે. રમઝાન મહીનામાં ઈસ્લામી ગુલશનના માટે મૌસમે બહાર (વસંત ઋતુ) છે કે એના આવતાં જ મસ્જિદો કુર્આન, ઝિક્ર, તિલાવત વગેરે સૌમાં રોનક આવી જાય છે ત્યાં સુધી કે આ મહીનામાં જન્નતને પણ શણગારવામાં આવે છે. અન્ય મહીનાઓમાં એ કે બે ખાસ ઈબાદતો કરવામાં આવે છે, પણ રમઝાનમાં અસંખ્ય ઈબાદતો રોઝો, ઈફતાર, સહરી, તરાવીહ, એ'તેકાફ અને શબે કદ્રની ઈબાદતો, ઝકાતની અદાયગી. સામાન્ય મુસલમાનોને અન્ય મહીનાની તારીખોની ખબર નથી હોતી પણ રમઝાન માસના દિવસ ગણી ગણીને ગુઝારવામાં આવે છે.

**સવાલ** :– રોઝાઓ માટે રમઝાનનો મહીનો શાથી પસંદ કરવામાં આવ્યો ?

**જવાબ** :– એટલા માટે કે રમઝાનમાં કુર્આન શરીફ લોહે મેહફૂઝથી મુન્તકિલ થઈને પહેલા આસ્માન પર આવ્યું. પછી ત્યાંથી ૨૩ વરસમાં ક્રમે ક્રમે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર નાઝિલ થયું. કુર્આન રબની મહાન નેઅમત છે, તો નેઅમત મળતાં શુક્રના તૌર પર રોઝા રખાવવામાં આવ્યા. ઉપરાંત રમઝાનમાં દરેક નેકીનો સવાબ ૭૦ ગણો મળે છે. એટલા માટે આ મહીનામાં રોઝા, એ'તેકાફ વગેરે રાખવામાં આવ્યા જેથી સવાબમાં ઉમેરો થાય.

**સવાલ** :– રમઝાનમાં તરાવીહ ૨૦ રકાત શા માટે પઢે છે અને તરાવીહમાં કુર્આન શા માટે પઢવામાં આવે છે ?

**જવાબ** :– એટલા માટે કે દરેક રમઝાનમાં જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم ને આખુ કુર્આન શરીફ સંભળાવ્યા કરતા હતા અને સારાઓનું અનુકરણ પણ સારું હોય છે. ઈન્સાન દરેક દિવસ રાતમાં ૨૦ રકાતો ફર્ઝ, વાજિબ પઢે છે, ૧૭ ફર્ઝ અને ૩ વિત્ર. રમઝાનમાં આ વીસની પૂર્ણતા માટે ૨૦ રકાતો અધિક પઢાવવામાં આવે છે જેથી આ મુબારક મહીનામાં જો તે રકાતો નાકિસ (અપૂર્ણ) રહી હોય તો એનાથી કામિલ (પરિપૂર્ણ) થઈ જાય. આ મહીનામાં ઈબાદત કામિલતર હોવી જોઈએ.

**સવાલ** :– જ્યારે રમઝાનનો મહીનો આટલો મુબારક મહીનો છે તો તેની વિદાય થતાં ઈદ શા માટે મનાવવામાં આવે છે ? મુબારક ચીજની વિદાયના ટાણે ગમ મનાવવો જોઈએ ન કે ખુશી !

**જવાબ** :– આ ખુશી બે કારણે છે. એક તો મુબારક મહીનામાં ઈબાદતની તૌફીક મળવાનો શુક્રિયા કે હે ખુદા ! તારો શુક્ર છે કે તેં સારી રીતે રોઝા, તરાવીહ, એ'તેકાફ વગેરે અદા કરાવી દીધા.

બીજું એ કે મુસલમાનોને રમઝાનના જવાનો ખૂબ જ સદમો થાય છે. જુમ્અતુલ વિદાઅના દિવસે લોકો ચોધાર આંસૂએ રડે છે. આ ગમને હલકો કરવાના માટે આ ખુશી રાખી દીધી જેથી રંજનો એહસાસ ઓછો થાય.

**સવાલ** :– રોઝો દિવસમાં શા માટે રાખવામાં આવે છે, રાતે હોવો જોઈતો હતો ?





**જવાબ** :– એટલા માટે કે બદની (શારીરિક) ઈબાદતમાં મહેનત તથા નફસની વિરૂધ્ધતા થવી જોઈએ, એના પર અજર મળે છે. રાતમાં માણસ આમ પણ ખાતો પીતો નથી. એ સમયે ખાવાનો ત્યાગ કરવો મહોબ્બત નથી. તેમ જ રાત ઊંઘમાં પસાર થાય છે એમાં ઈબાદતનો એહસાસ નથી થતો.

**સવાલ** :– જો રોઝામાં તકલીફ અનિવાર્ય છે તો એવું હોવું જોઈએ કે હિંદુ સંતો, જોગીઓની જેમ દસ પંદર દિવસનો રાખવામાં આવે કે એટલા દિવસો સુધી ઈફતાર ન કરવામાં આવે. એ કેવું કે રોજ સાંજે ઈફતાર કરી લીધો ! રાત ભર ખાધુ પીધુ ને દિવસે રોઝો રાખી લીધો ?!

**જવાબ** :– જોગીઓનું વ્રત સામાન્ય માણસોની શકિત બહારનું છે અને જે સાધુઓ વગેરે આવું કરે છે તેઓ દીન દુનિયાનું કોઈ કામ નથી કરી શકતા, જીવવું મુશ્કેલ બની જાય છે. ઈસ્લામનો મકસદ એ છે કે ઈબાદત સર્વ મુસલમાનો કરે અને રોઝા દરમ્યાન અન્ય ઈબાદતો, કારોબાર બંધ ન થાય અને એ ઈબાદતો પણ અદા થઈ જાય. આ હેતુ આ તરીકા સિવાય અન્ય તરીકાથી પ્રાપ્ત નથી થઈ શકતો. ઈસ્લામ અમલી મઝહબ છે, અન્ય ધર્મોના અહકામ (હુકમો) અભરાઈ પર રાખવા માટે છે.

**સવાલ** :– રોઝામાં ભૂલચૂક માફ છે, ભૂલથી ખાઈ પી લેવામાં આવે તો રોઝો નથી તૂટતો પણ નમાઝમાં માફ નથી ! જો કોઈ ભૂલથી નમાઝમાં બોલી ઉઠે તો નમાઝ તૂટી જાય છે. તો આ ફરક કેવો ?!

**જવાબ** :– રોઝામાં ભૂલચૂક વધારે થાય છે, કેમ કે તેમાં કોઈ યાદ અપાવનારી ચીજ મૌજૂદ નથી, એટલા માટે અહીં માફી છે. પણ નમાઝની દરેક હાલત કિયામ, રુકૂઅ વગેરે નમાઝને બતાવી રહી છે એટલા માટે એમાં ભૂલે જવલ્લે જ ઉપસ્થિત થાય છે, જેથી એમાં આ છૂટ નથી રાખવામાં આવી.

# ☆ ઝકાતનાં રહસ્યો ☆

**સવાલ** :– ઈસ્લામે ઝકાત શા માટે ફર્ઝ કરી ? પોતાનો કમાએલો માલ અન્યોને શા માટે અપાવ્યો ?

**જવાબ** :– કેટલાક કારણોને લીધે : (૧) સખાવત ઈન્સાનનો કમાલ (ખૂબી) છે અને બખીલાઈ (કંજૂસાઈ) ઐબ છે. ઝકાત આપવાથી આ ઐબ દૂર થાય છે અને તે કમાલ (ખૂબી) મયસ્સર થાય છે. (૨) જેવી રીતે આપણી કમાઈમાં હુકૂમત (ગવર્નમેન્ટ)નો પણ હિસ્સો હોય છે પછી તે ટેક્ષ આપણા જ ફાયદામાં એટલે કે રાજ્ય વ્યવસ્થામાં ખર્ચ થાય છે. એ જ પ્રમાણે આપણી કમાઈઓમાં રબનો હક્ક છે જે આપણા ગરીબો માટે જ વપરાય છે. (૩) હરતી ફરતી ચીજ અધિક સારી રહે છે અને પડી રહેલી ચીજ બગડી જાય છે. કૂવાનું પાણી નીકળતું રહેશે તો સારું રહેશે, નહીં તો બગડી જશે. જેથી દૌલતને રોકી ન રાખો તેને હરતી ફરતી રાખો. (૪) ઝકાતથી આપસમાં મદદનો જઝબો ઉદ્‌ભવે છે જે માનવનો શ્રેષ્ઠ ગુણ છે કે રબની નેઅમત હળી મળીને ખાવ. (૫) ખર્ચથી નેઅમત વધે છે અને રોકવાથી ઘટે છે. દ્રાક્ષ અને બીરીની ડાળીઓ કાપી નાખવાથી ફળો વધુ આવે છે અને ન કાપો તો ઓછાં આવે છે. દાણા ખેતરમાં વિખેરી આપવાથી વધારે થાય છે અને જમા રાખવાથી જલ્દી ખત્મ થઈ જાય છે.

**સવાલ** :– જ્યારે રબ તઆલાએ આપણને માલ આપ્યો તો તે આપણો જ હિસ્સો મફતખોરોને શા માટે આપીએ ?

**જવાબ** :– રબ તઆલા જે ચીજ કોઈને જરૂરતથી અધિક આપે તો એમાં અન્યોનો પણ હિસ્સો હોય છે. ભેંસના થાનમાં દસ શેર દૂધ હોય છે, કેમ કે તે કેવળ તેના બાળકના માટે નથી પણ અન્યોનો પણ તેમાં ભાગ છે. કૂતરીના આંચળોમાં થોડુક જ દૂધ હોય છે કેમ કે તે કેવળ તેનાં બચ્ચાં માટે જ છે. જો યજમાન મહેમાનની સમક્ષ જરૂરતથી અધિક ખાવા રાખે તો તે સઘળુ મહેમાનના માટે નથી હોતું બલ્કે હાડકાં તેના કૂતરા માટે છે, વધે તેમાં તેના નોકરોનો હક્ક છે. ખેતરમાં કૂવાએથી





પાણી આવી રહ્યું છે તે કયારીઓના માટે છે, જો ખેડૂત તે પાણી ન ફેલાવે તો કૂવાવાળો પાણી છોડશે નહીં. ગરીબો રબની ખેતીઓ છે જેથી તેનો આપેલો માલ તેમનામાં ફેલાવી દો.

**સવાલ** :– શું ઝકાત કેવળ માલમાં જ છે કે દરેક ચીજમાં છે ?

**જવાબ** :– શરઈ ઝકાત તો કેવળ વેપારના માલમાં જ છે પણ ઝકાતની હકીકત દરેક જગાએ મૌજૂદ છે. ફળોનો ગુંદર માણસના માટે છે પણ છાલ જાનવરોનો હક્ક છે. ઘઉંમાં ફળ (દાણા) આપણો હિસ્સો છે પણ ભૂસુ જાનવરોનો. ઘઉંમાં લોટ, આપણો હિસ્સો છે ભૂસી જાનવરોની. આપણા શરીરમાંથી વાળ, નખોને અલગ કરવા જરૂરી છે, એ સૌ ઝકાત છે. બીમારી તંદુરસ્તીની ઝકાત છે, મુસીબત રાહતની, નમાઝો દુનિયવી કારોબારની જાણે કે ઝકાત છે.

**સવાલ** :– ઝકાતથી કૌમમાં બેકારી અને ભીખ માંગવાનો રિવાજ વધે છે, એટલા માટે આજે જેટલા ભીખારી મુસલમાનોમાં છે તેટલા અન્ય કૌમોમાં નથી. જ્યારે મફત મળે તો મહેનત શા માટે કરે ?!

**જવાબ** :– ઝકાતથી મુસ્લિમ કૌમ અન્યની મોહતાજ ન થશે, પોતાની જરૂરતો પોતાની જ કૌમથી પૂરી થશે, જુઓ વહોરા કૌમની વ્યવસ્થા કે તેમનામાં ઝકાતના લીધે કોઈ ગરીબ નથી. મુસલમાનમાં મુફલિસી સો વરસોથી આવી છે અને ઝકાતનો મસ્અલો ૧૪૦૦ વરસથી રિવાજ પામેલ છે. જો ઝકાત કૌમને ગરીબ કરતી હોત તો પહેલાંના મુસલમાન માલદાર શાથી હતા ? વર્તમાન મુફલિસીનું કારણ મુસલમાનોની ઐયાશી, બેકારી, મુકદ્દમાબાઝી, હરામ રસ્મોનો રિવાજ છે. ઈસ્લામે જેવી રીતે ઝકાતનો હુકમ માલદારોને આપ્યો છે, તેવી જ રીતે ગરીબોને પણ ભીખ માંગવાથી સખ્ત મના કર્યું છે અને હલાલ કમાઈનો તાકીદની સાથે હુકમ આપ્યો છે. ફકીરોને ઝકાત મળવાની ઉમ્મીદ તો હશે પણ યકીન નહીં હોય કેમ કે ઝકાત મળે કે ન પણ મળે.

**સવાલ** :– ઝકાત પ્રથમ સગાંઓને આપવામાં આવે એવું શાથી જાઈઝ છે ? એવું હોવું જોઈએ કે તદ્દન અજનબીને આપવામાં આવે જેનાથી કોઈ દુનિયવી સંબંધ ન હોય.

**જવાબ** :- સગાંઓને ઝકાત આપવામાં બે ફાયદા છે : એક તો ઈબાદત બીજી આપણા સગાં સ્નેહીની ખિદમત. સગાંની સેવા તથા સારો વર્તાવ આમ પણ જરૂરી હતો, રબનો એ કરમ કે તેણે એના હેઠળ ઈબાદત પણ અદા કરાવી દીધી.

**સવાલ** :- તો પછી એવું હોવું જોઈએ કે આપણા માં બાપ તથા ઔલાદને પણ ઝકાત આપવામાં આવે કેમ કે તે પણ સગાં અને અતિ નિકટમાં સગાં છે.

**જવાબ** :- માં, બાપ, ઔલાદ, પત્ની રિવાજ પ્રમાણે તેના માલમાં શરીક હોય છે, એટલે કે એમનામાંથી દરેક અન્યનો માલ વિના સંકોચ ખર્ચ કરે છે અને તેને પોતાનો માલ સમજીને ખાય છે. કહેવામાં આવે છે કે આ અમારા બાપનો માલ છે. જો તે લોકોને ઝકાત આપવામાં આવી તો જાણે ઝકાત પોતાના ઘરની અંદર જ રહી, એટલા માટે એ સગાંઓને ઝકાત ન આપો.

**સવાલ** :- પૈગમ્બરો પર ઝકાત કેમ ફર્ઝ નથી ? એવું હોવું જોઈએ કે નમાઝ, રોઝાની જેમ એ પણ ફર્ઝ હોય ?

**જવાબ** :- બે કારણો : એક એ કે પૈગમ્બર એવા ફનાફિલ્લાહ છે કે તેમનો માલ ડાયરેકટ ખુદાની મિલ્કત છે, તે લોકો માલિક જ નથી અને રબની મિલ્કતમાં ઝકાત નથી. કેમ કે એ કોઈ બંદાની મિલ્કત નથી રબની મિલ્કત છે. એ જ પ્રમાણે નબીનો માલ છે, એટલા માટે નબીના માલમાં વારસો નથી કે વકફ માલનો વારસો કેવો ? **બીજું** એ કે ઉમ્મત નબીની હુકમી ગુલામ તથા લોંડી છે. એટલા માટે જો પૈગમ્બર કોઈનો કોઈની સાથે નિકાહ કરી આપે તો તેને માનવું લાઝિમ છે. જેમ કે હઝરત ઝૈદ અને ઝૈનબનો નિકાહ થયો. અને જો કોઈની પત્નીને તેના માટે હરામ કરી આપે તો તે પત્ની હોવા છતાં પતિ પર હરામ થશે. જેમ કે હઝરત કઅબ ઈબ્ને માલિકનો તેમના બોયકોટના સમયમાં હાલ થયો. અને માલિક પોતાના ગુલામ તથા લોંડીને પોતાની ઝકાત નથી આપી શકતો, જેથી કોઈ મુસલમાન પૈગમ્બરની ઝકાતને લાયક ન હતો, એટલા માટે એમના પર ઝકાત ફર્ઝ નથી. જે ઈબાદત અદાને કાબેલ ન હોય તે ફર્ઝ નથી.





**સવાલ** :- ઝકાત ૪૦ મો હિસ્સો શાથી છે ? એથી વધારે કે ઓછી કેમ નહીં ?

**જવાબ** :- એટલા માટે કે બની ઈસ્રાઈલ પર ચોથાઈ માલની ઝકાત હતી, એટલે કે રૂપિયામાં ચાર આના (૨૫%). આ ઉમ્મતને નેકીનો દસ ગણો સવાબ મળે છે; **ફલહૂ અસ્રુ અમ્સાલિહા** જેથી રબ તઆલાએ આ ઉમ્મતના માટે ચોથાઈનો દસમો એટલે ૪૦મો હિસ્સો ફર્ઝ કર્યો, જેથી તે દસ ગણુ થઈને ચોથાઈના બરાબર સવાબનો સબબ બને. જેમ કે ઈસ્લામી નમાઝો પઢવામાં પાંચ અને સવાબમાં પચાસ છે, એ જ પ્રમાણે ઈસ્લામી ઝકાત અદા કરવામાં સોમાંથી ૨.૫% (અઢી ટકા) છે પણ સવાબમાં ૨૫% બરાબર છે.

**સવાલ** :- ઝકાત વરસમાં એક વાર શા માટે ફર્ઝ છે ? નમાઝની જેમ દરરોજ અથવા હજની જેમ જીવનમાં એકવાર કેમ ફર્ઝ નથી ?

**જવાબ** :- ઈસ્લામનો હેતુ એ છે કે માલ પણ રહે અને તેની ઝકાત પણ નીકળતી રહે જેથી માલિકને વરસભરનો મોકો આપ્યો છે કે વેપારી માણસ સાલ ભર વેપાર કરીને ખૂબ માલ વધારી લે પછી કુલનો ૪૦મો ભાગ અદા કરે કેમ કે સાલમાં ત્રણેવ મૌસમો અને ચારેવ ફસલો આવી જાય છે, જેથી દરેક માલને વધવા માટે પૂરતો સમય મળી જાય છે. દરેક ચીજ કોઈ ઋતુમાં સસ્તી તો કોઈ ઋતુમાં મોંઘી હોય છે.

**જવાબ** :- ઝકાતનો શાબ્દિક અર્થ છે : ''પાકી''. بَلِ اللّٰهُ يُزَكِّى مَنْ يَّشَآءُ એટલા માટે **મઝબૂહ** જાનવરને **મુરક્કહ** કહે છે. કેમ કે ઝકાત નીકળ્યા પછી બાકીનો માલ પાક થઈ જાય છે, જેથી તેને ઝકાત કહેવામાં આવે છે. અથવા ઝકાતનો અર્થ છે ''વધવું'' કેમ કે ઝકાત નીકળવાથી માલ વધે છે અને મેહફૂઝ પણ રહે છે, જેથી એને ઝકાત કહે છે. يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا وَيُرْبِى الصَّدَقٰتِ.

## ★ હજ્જ તથા ઝિયારતનાં રહસ્યો ★

**સવાલ** :- હજનો શું અર્થ છે અને હજને હજ શા માટે કહે છે ?

**જવાબ** :– હજનો શાબ્દિક અર્થ છે ઈરાદો તથા નિશ્ચય. કેમ કે એમાં પણ માણસ બૈતુલ્લાહના ઈરાદા સાથે ઘરેથી સફર કરે છે જેથી એનું નામ હજ છે.

**સવાલ** :– ઈસ્લામમાં હજ્જ શા માટે ફર્ઝ છે ? વિના કારણે મુસલમાનોને મુસાફરીની તકલીફ અને રૂપિયાના ખર્ચમાં શા માટે નાખવામાં આવે છે ?

**જવાબ** :– હજમાં દીની તથા દુનિયવી હજારો મસ્લેહતો છે. દુનિયવી મસ્લેહતો નીચે પ્રમાણે છે :–

**(૧)** જેવી રીતે શારીરિક તાજગી માટે બાગની સૈર કરવા જતા હોય છે કે ત્યાંની હવા દિમાગને તાજગી બક્ષે છે અને ત્યાંની મહેક સુગંધીદાર કરી દે છે, એ જ પ્રમાણે હરમૈનની જમીન ઈમાની બાગ છે જ્યાંની હવા ઈમાનને તાજગી બક્ષે છે અને એ જગાએ હજારો અંબિયાએ કિરામ થઈ ગયા અને સેંકડો નબીઓ દફન થયેલા છે જેથી ત્યાંની મહેક ઈમાનને મહેકતું કરી દે છે.

**(૨)** હજમાં જમીન તથા પાણી પર સફર કરવી પડે છે જેનાથી માણસનો અનુભવ વધે છે.

**(૩)** હજમાં દરેક દેશના મુસલમાનોથી મુલાકાત થાય છે જેનાથી દુનિયાના મુસલમાનોમાં ઈત્તેહાદ તથા ઈત્તેફાક રહે છે.

**(૪)** હજ્જમાં મુસલમાનોની વાર્ષિક કોન્ફરન્સ છે જેમાં આપોઆપ મુસલમાન એકત્ર થઈ જાય છે.

**(૫)** હજના ઝરીયાથી હિજાઝ પ્રદેશના વતનીઓ પરવરિશ પામે છે, કેમ કે ત્યાંની જમીન દાણાપાણી વિનાની છે, ત્યાં હજ્જ ઉપર જ સમયનો ગુજારો છે.

**(૬)** હજ્જમાં સફરની કદર અને મુસાફિરની તકલીફનો અહેસાસ થાય છે, જેનાથી માણસમાં મુસાફિરોની સેવાનો જઝબો પેદા થાય છે.

**(૭)** હજ્જથી માણસમાં તકલીફ સહન કરવાની આદત પડે





છે, કેમ કે હરમૈન શરીફૈનમાં જરૂર તકલીફ વેઠવી પડે છે.

**સવાલ** :– હજમાં દીની મસ્લેહતો કઈ કઈ છે ?

**જવાબ** :– સેંકડો મસ્લેહતો છે : (૧) હજમાં મુસલમાન અલ્લાહને માટે પોતાનું વતન છોડે છે જેમાં મુહાજિરનો સવાબ મેળવે છે. (૨) હજથી પાછલા પૈગમ્બરોની યાદ તાજી થાય છે જેનાથી તેમની મહોબ્બત વધે છે અને પૈગમ્બરોની મહોબ્બત જ અસલ ઈમાન છે. (૩) હજમાં હઝરત હાજરા અને હઝરત ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ عَلَيْهِمُ السَّلَامની નકલ છે, અને સારાઓની નકલ પણ સારી હોય છે. (૪) હજમાં હઝરત હાજરાની બેકસી (લાચારી) અને પછી રબની કુદરત યાદ આવે છે, જેનાથી ઈન્સાનમાં સબ્ર તથા સહનશીલતા પેદા થાય છે. હજ્જથી સબ્ર તથા સહનશકિતનો સબક મળે છે, કેમ કે હઝરત હાજરાની સબ્ર તથા સહનશીલતાની સર્વ હાલતો ત્યાં મહેસૂસ થાય છે, હજ્જથી કુર્બાનીનો જઝબો પેદા થાય છે કે મિનામાં હઝરત ખલીલે ફરઝંદની કુર્બાની આપી હતી જેની યાદગારમાં હાજી આજે પણ કુર્બાનીઓ આપે છે.

**સવાલ** :– હજમાં તવાફ શા માટે થાય છે ? કા'બાની આસપાસ ઘુમવું દીવાનગી જેવું લાગે છે !

**જવાબ** :– હજમાં ઈશ્કનો પ્રભાવ છે. પરવાનો (પતંગિયું) શમ્અનો આશિક છે તો તેની આસપાસ ઘુમે છે. હાજી પણ રબનો આશિક છે જેથી તેના ઘરને શમ્અ સમજીને પરવાનાની જેમ તેની આસપાસ ચક્કર લગાડે છે.

**સવાલ** :– હજમાં એહરામ શા માટે બાંધવામાં આવે છે ?

**જવાબ** :– જેવી રીતે નમાઝમાં પ્રવેશ તકબીરે તહરીમા થકી થાય છે એવી જ રીતે હજમાં પ્રવેશ એહરામ વડે થાય છે. અહેરામના લિબાસમાં કફનની યાદગાર છે કે ભાવિમાં આપણે પણ આવું જ સીવાડયા વિનાનું કપડું પહેરીને કબરમાં જવાનું છે. અહેરામમાં ગરીબ તથા અમીરને સમાન કરવામાં આવ્યા છે. એહરામ આશિકની શાન બનાવીને રબના દરવાજે બોલાવવામાં આવ્યા છે કે વિખરાએલા વાળ,

મોટા નખો, કફની ગળામાં નાખીને આશિકો હાજરીનો શોર મચાવતા હાજર છે.

**સવાલ** :– હજના માટે અન્ન પાણી વિનાનું જંગલ શા માટે નિશ્ચિત થયું ? કોઈ હરીયાળો લીલોછમ પ્રદેશ હોવો જોઈતો હતો.

**જવાબ** :– એટલા માટે કે કા'બા મોઅઝ્ઝમાની જગા આબાદ જમીન (પૃથ્વી)નો વચ્ચેનો ભાગ છે. એ જગાએથી જમીન બનીને ફેલાઈ છે. વચ્ચેના સ્થળે દરેક દેશના લોકોએ પહોંચવું સરળ છે. એ જ જમીનમાં તે નબીઓનું આગમન થયું જેમની હજ યાદગાર છે.

**સવાલ** :– તો એ જગાને હરીયાળી કરી દેવી જોઈતી હતી ! તેને સુકુ રણ શા માટે રાખ્યું ?

**જવાબ** :– જેથી હાજી કેવળ રબની રઝાના માટે અહીં આવે, કોઈ દુનિયવી હેતુ સામેલ ન હોય. હરીયાળા પ્રદેશમાં ફરવા, વેપાર, સૈર તથા આરામ તથા ઐયાશીનો ખયાલ આવી શકે છે. આ રણ પ્રદેશમાં ઈબાદત સિવાય અન્ય નિય્યત નથી થઈ શકતી એટલા માટે હાજીનાં સીવેલાં કપડાં ઉતરાવીને કફન પહેરાવવામાં આવે છે જેથી જાહેરી આરામ પણ ખત્મ થઈ જાય. ઐશ કરવી હોય તો લંડન તથા પેરીસ જાવ ! ઈબાદત કરવી હોય તો અરબમાં હાજરી આપો.

**સવાલ** :– હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمનો કિયામ મક્કા મોઅઝ્ઝમામાં કેમ ન થયો ? આટલે દૂર મદીના પાકમાં કેમ થયો ?

**જવાબ** :– જેથી કરીને હજ્જના સાથે સાથે ઝિયારત ન થાય, ઝિયારતના માટે અલગ એકલી જ સફર થાય જેથી ઝિયારત કરનારની દ્રષ્ટિમાં ઝિયારતનું મહત્વ રહે. એટલા માટે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની વિલાદત કોઈ મશહૂર મહીના રમઝાન વગેરેમાં કે ન કોઈ મશહૂર દિવસ જુમ્આ કે રવિવારે થઈ. કેમ કે હુઝૂરથી અન્યોની ઈજ્જત છે હુઝૂરની ઈજ્જત ખાલિકના સિવાય કોઈ અન્યથી નથી.

**સવાલ** :– અરફાત, મુઝદલફા તથા મિનામાં જવું કેમ જરૂરી છે ?





**જવાબ** :– જ્યાં અલ્લાહવાળાઓ પસાર થઈ જાય અથવા જે જગાએ કોઈ પ્યારા પર રબનો ફઝલ થઈ જાય છે તે જગા કિયામત સુધીના માટે રહમતના નુઝૂલ માટેની જગા થઈ જાય છે, એ જ હાલ તારીખો તથા દિવસોનો છે. મિનામાં આદમ علیہ الصلوٰۃ والسلام ની તૌબા કબૂલ થઈ, અરફાતમાં હઝરત આદમ તથા હવ્વાની મુલાકાત થઈ, મુઝદલફામાં હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام એ તૌબાની કબૂલિયત પછી રોકાઈને અલ્લાહની ઈબાદત કરી, મિનામાં હઝરત ખલીલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ ફરઝંદની કુર્બાની કરી એટલા માટે આ સ્થળો કિયામત સુધી મોતબર્રક થઈ ગયાં. વળી એ કામો એ જ તારીખોમાં થયાં હતાં એટલા માટે તારીખો પણ એ જ નિશ્ચિત થઈ.

**સવાલ** :– મદીના પાકમાં શા માટે હાજરી આપવામાં આવે છે ? રબની રહમત તો દરેક ઠેકાણે છે ?

**જવાબ** :– બેશક ! તેની રહમત દરેક જગાએ છે પણ દરેક જગાએ મળતી નથી. મદીના પાક તથા બુઝુર્ગાને દીનનાં આસ્તાનાં રહમતે ઈલાહી પામવાના સ્થળો છે. રેલ ગાડી આખી લાઈન પરથી પસાર થાય છે પણ તેને પકડવા સ્ટેશને જવું પડે છે, વીજળીનો કરંટ સર્વ તારોમાં હોય છે પણ રોશની ત્યાં જ થશે જ્યાં બલ્બ લગાડેલો હોય. આ સ્થળો રહમતે ઈલાહીના સ્ટેશનો છે અથવા અલ્લાહની તજલ્લીના બલ્બો છે. રબ દરેક ઠેકાણે રઝ્ઝાક છે, દરેક જગાએ બીમારીઓને શિફા આપનાર છે પણ રોજી તલાશ કરવા માલદારોના દરવાજા પર અને શિફા પામવા ડોકટરોનાં દવાખાને જવું પડે છે, એ જ પ્રમાણે મદીના પાક રૂહાની રિઝ્ક તથા નફસાની શિફા મળવાની જગા છે.

**સવાલ** :– મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلمના રોઝા પાક અને સહાબાએ કિરામના મઝારો પર સલામ શા માટે પઢવામાં આવે છે ?

**જવાબ** :– ભીખ માંગનાર દાતાના દરવાજા પર ઉભો રહીને ઘર તથા ઘરવાળાઓ માટે દુઆ આપે છે. આ દુઆઓ માંગવાનો જાણે કે એક તરીકો છે. હુઝૂર સખી દાતા છે અને આપણે ભીખારીઓ તેમના દરવાજે સદા (અવાજ) આપવા માટે સલાતો સલામ અર્ઝ કરીએ છીએ જેથી ભીખ

મળે. તેમજ રબ ફર્માવે છે : اِذَا حُيِّيْتُم بِتَحِيَّةٍ فَحَيُّوْا بِاَحْسَنَ مِنْهَا اَوْرُدُّوْهَا (અર્થ) "જ્યારે તમને કોઈ સલામ કરે તો તેનાથી બહેતર જવાબ આપો અથવા કમસે કમ એના જેવો જ આપો." અમને ગુલામોને મજબૂત ઉમ્મીદ છે કે હુઝૂર મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم અમારી નાચીઝ સલામોનો જવાબ જરૂર આપશે અને ફર્માવશે : "વઅલૈકુમુસ્સલામ ! હે ઉમ્મતી ! તુ સલામત રહે !" હુઝૂરની દુઆ મકબૂલ છે, જો એકવાર પણ સલામતીની દુઆ આપી દીધી તો ઈન્શાઅલ્લાહ ! આપણે બંને જહાનની આફતોથી સલામત રહીશું. આ સલાતો સલામ દુઆ લેવાની તદબીર છે.

**સવાલ** :– મદીના પાકની માટીને ખાકે શિફા શા માટે કહે છે ? અને આબે ઝમઝમને દવા રૂપે તથા બરકતના માટે શા કારણે વાપરવામાં આવે છે ?

**જવાબ** :– આબે ઝમઝમ એક પૈગમ્બર ઈસ્માઈલ علیہ الصلوٰۃ والتسلیم ના મુબારક પગોથી પેદા થયું જેથી આપના પગોનું ધોવાણ છે અને મદીના પાકના રજકણો મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ના પાક કદમોથી સ્પર્શ પામેલ છે જેથી એમનામાં શિફા પેદા થઈ ગઈ.

**કહાં યે મર્તબે અલ્લાહુ અકબર સંગે અસ્વદ કે**
**યહાં કે પથ્થરોંને પાંવ ચુમે હૈં મુહમ્મદ કે**

મધમાખીના મોઢામાં ફૂલોનો ફિક્કો રસ મીઠો તથા શિફા એટલે મધ બની જાય છે, રેશમના કીડાના મોઢેથી સ્પર્શીને શેતૂરના પાંદડાં રેશન બની જાય છે, હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم ની ઘોડીની ટાપથી મસ થઈને (સ્પર્શીને) માટીમાં જીવતા થવાની તાષીર પેદા થઈ ગઈ જેનાથી સામરીનું વાછરડું જીવંત થઈ ગયું. એ જ પ્રમાણે પ્યારા મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ના પાક કદમોથી સ્પર્શીને મદીનાની માટીને શિફા આપતી કરી ખૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મદીનાની માટીને શિફા ફર્માવી. بِتُرْبَةِ اَرْضِنَا بِرِيْقَةِ بَعْضِنَا يَشْفِى سَقِيْمَنَا અને આ શિફા કયામત સુધી બાકી છે.

**સવાલ** :– આબે ઝમઝમને આબે ઝમઝમ શા માટે કહેવામાં આવે છે ?





**જવાબ** :– ઝમઝમ 'ઝમઝમતુન'થી બન્યું છે, જેનો અર્થ છે ગણી ગણીને ગાવું. હઝરત હાજરાએ પ્રથમવાર આ પાણી ખુશીમાં ગણી ગણીને પીધું હતું. એટલા માટે એનું નામ ઝમઝમ રાખવામાં આવ્યું. અથવા એ શબ્દ ઝમઝમ હતો જેનો અર્થ છે થોભી થોભીને. હઝરત હાઝરાએ એ પાણીને જોયું તો તેની આસપાસ દિવાલ જેવું બનાવી દીધું અને ફર્માવવા લાગ્યાં : **યા માઅ ઝમઝમ** "હે પાણી ! થોભ ! થોભ !" એટલા માટે એનું નામ ઝમઝમ થયું. હદીષ શરીફમાં છે કે જો આ પાણીને રોકી દેવામાં ન આવત તો પૂર્વ તથા પશ્ચિમમાં દરિયાના રૂપમાં હોત.

**સવાલ** :– કુર્બાની શા માટે કરવામાં આવે છે ? શું જાનવરનો પ્રાણ લેવો પણ ઈબાદત છે ?

**જવાબ** :– એટલા માટે કે કુર્બાની કરવાથી ખૂદ રબ પર કુર્બાન થવાનું પણ આવડે છે. કેમ કે દરેક અદના આ'લા પર કુર્બાન થાય છે. દાણા પર ખેતીની જમીન કુર્બાન થઈ જેથી ખેડવામાં આવી અને દાણો જાનવર પર કુર્બાન થયો કે જાનવરે ખાઈ લીધો. પછી જાનવર ઈન્સાન પર કુર્બાન થયું કે ઝબહ કરી દેવામાં આવ્યું. આ કાયદા હેઠળ જોઈએ કે ઈન્સાન રબ પર કુર્બાન થાય કે જ્યારે દીનને તેની જાનની જરૂરત પડે તો રજુ કરી આપે. જેમ કે ખલીલે પોતાના ફરઝંદની કુર્બાની રબના હુકમ પર પેશ કરી દીધી. તેમજ ઝબહ કરવાથી જેહાદ તથા શહાદત પેદા થાય છે, જે કૌમે ખૂન ન જોયું હોય તે કદી જંગ નથી કરી શકતી. જેમ કે વાણિયા, બ્રાહ્મણ. જેમને મરતાં આવડે છે તેમને જીવતાં પણ આવડે છે. જે કૌમમાં મરવાનો જઝબો ન હોય તેને દુનિયામાં જીવંત રહેવાનો પણ હક્ક નથી. કુર્બાની કરવાના જાનવરને મારીને જાણે કે ખૂદ મરવાનું શીખવાનું છે.

## ★ જેહાદ તથા શહાદતનાં રહસ્યો ★

**સવાલ** : ઈસ્લામમાં જેહાદ શા માટે રાખવામાં આવ્યો ? એ તો જંગલીપણાનું કામ છે, ખૂનરેઝી અને શાંતિ બર્બાદ કરવામાં શો

ફાયદો છે ?

**જવાબ** :– જેહાદમાં ઘણી હિકમતો છે, અમુક નીચે પ્રમાણે છે :–

જેનું અસ્તિત્વ શાંતિ (અમ્ન)ના માટે ખતરો હોય તેને દબાવી દેવો, મિટાવી દેવો એટલે શાંતિ સ્થાપવું છે. ગવર્મેન્ટો બદમાશોને સજા આપે છે જેથી નેક લોકો શાંતિથી રહે, ખેતીમાંથી ઘાસને દૂર કરવામાં આવે છે જેથી ફસલ નબળી થાય, સડેલ કોહવાએલુ અંગ કાપી નાખવામાં આવે છે જેથી તંદુરસ્ત અંગને ખરાબ ન કરે, કાફિર દુનિયાના માટે જાણે કે ઘાસ અથવા સડેલા અંગ સમાન છે. મર્દે મોમિન જેમ કે ફસલ અથવા તંદુરસ્ત શરીર છે તેનો પ્રભાવ છવાઈ જવો એ નેક લોકોને શાંતિ (અમ્ન, સલામતી) આપવા સમાન છે. જેહાદથી કૌમી કુવ્વત પેદા થાય છે જેનાથી કૌમ બાઈજ્જત જિંદગી પસાર કરી શકે છે. જેહાદથી ઈબાદતની આઝાદી પ્રાપ્ત થાય છે. તલવારના સાયામાં મસ્જિદો કાયમ થાય છે અને ઈસ્લામી અહકામ લાગુ થઈ શકે છે. તલવાર કુર્આનનો માર્ગ સાફ કરે છે અને કુર્આન તલવારને મોકા (સંજોગ) વગર ચાલવાથી રોકે છે. જેમ કે તંદુરસ્તીના માટે બીમારીના સબબો દૂર કરવા જરૂરી છે એવી જ રીતે દીની શકિતના માટે કુફ્રનો પ્રભાવ મિટાવવો જરૂરી છે.

**સવાલ** :– શું જેહાદનો એ હેતુ છે કે કાફિરોને ફના કરી દેવામાં આવે ?

**જવાબ** :– નહીં ! બલ્કે કુફ્રનો ગલ્બો (પ્રભાવ) તોડી નાખવામાં આવે. જો જેહાદથી કાફિરોને મિટાવવાનો હેતુ હોત તો આજે હિંદુસ્તાનમાં એક કાફિર જોવા ન મળત ! કેમ કે અહીં ૮૦૦ વરસ ઈસ્લામી સલ્તનત રહી ચૂકી છે. અલ્લાહની જમીન પર મુસલમાનોએ પણ રહેવાનો હક્ક છે એને કાફિરો ગવારા નથી કરતા. જેહાદ વડે મુસલમાનોને તેમનો એ જાઈઝ હક્ક આપવામાં આવે છે.

**સવાલ** :– જેહાદને જેહાદ શા માટે કહે છે ?

**જવાબ** :– જેહાદ 'જહદ'થી બન્યો જેનો અર્થ તકલીફ છે.





તમામ ઈબાદતો કરતાં આ ઈબાદત અધિક કઠિન છે કેમ કે એમાં જાનનો ખતરો પણ અને મુસીબતોને વેઠવાનું પણ છે જેથી તેને જેહાદ કહેવામાં આવ્યો, એ અર્થ થયો કે તકલીફવાળી ઈબાદત. એટલા માટે તેનો સવાબ પણ વધારે છે કે મારીને આવ્યો તો ગાઝી અને મરી ગયો તો શહીદ, લૂંટાઈ ગયો તો રોઝા અને પાછો આવ્યો તો ઈદ !

**સવાલ** :– શહીદોને શહીદ શા માટે કહે છે ?

**જવાબ** :– કયાં તો શહીદ મૌજૂદ (હાજર)ના અર્થમાં છે કેમ કે અન્ય લોકો કિયામત પછી જન્નતમાં હાજર થશે અને આ મૃત્યુ પામતાં જ લીલાં પક્ષીઓનાં સ્વરૂપમાં જન્નતમાં પહોંચી જાય છે અને ત્યાંનુ રિઝ્ક ખાય છે. જેથી શહીદ એટલે હાજર છે અથવા એટલા માટે કે શહીદને બારગાહે ઈલાહીમાં હાજર કરીને પૂછવામાં આવે છે કે કાંઈક તમન્ના કર ! તો અર્ઝ કરે છે કે મને ફરીથી દુનિયામાં મોકલવામાં આવે જેથી ફરીથી શહીદ થાઉં ! જે લિજ્જત ખાક તથા ખૂનમાં તડપવામાં મળી તે કદી ન મળી. અલ્લાહનો હુકમ થાય છે કે એકવાર પાસ કરીને બીજીવાર પરીક્ષા નથી લેવામાં આવતી, જેથી એ શહીદ છે અથવા શહીદ ગવાહના અર્થમાં છે. આમ તો સર્વ મુસલમાન પાછલા પયગંબરોના ગવાહ છે પણ શહીદ સરકારી ગવાહ.

**સવાલ** :– શહીદનો ઈસ્લામમાં શું દરજ્જો છે ?

**જવાબ** :– નબુવ્વત પછી સિદ્દીકિયત છે અને સિદ્દીકિયત પછી શહાદત. રબ ફર્માવે છે : مِنَ النَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ શહીદ પર નબીની ખાસ તજલ્લી છે કે નબીની ઊંઘ વુઝૂ નથી તોડતી અને શહીદની મૌત ગુસલ નથી તોડતી. નબીના ફુઝલાત ઉમ્મતના માટે પાક છે. શહીદનું લોહી પાક છે. નબી વફાત શરીફ પછી જીવતા છે, રોજી પામે છે. હદીષ શરીફમાં છે : فَنَبِيُّ اللّٰهِ حَيٌّ يُرْزَقُ શહીદ પણ મૃત્યુ બાદ જીવંત છે, રોજી મેળવે છે. بَلْ اَحْيَآءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُوْنَ

**સવાલ** :– શહાદતનો આટલો ઉચ્ચ દરજ્જો શાથી છે ?

**જવાબ** :– એટલા માટે કે સવાબ તકલીફોના પ્રમાણે મળે છે. અન્ય આબિદો અલ્લાહની રાહમાં પોતાનો પસીનો તથા સમય ખર્ચ કરે છે અને આ લોકો જાન આપે છે અને જાન સૌથી ઉચ્ચ છે, જેથી તેનો અજર પણ વધારે છે. ગવર્નમેન્ટ સૈન્યની ઘણી ઈજ્જત કરે છે, જે માર્યા જાય તેના પત્ની બાળકો સાથે સારી રીતે વર્તી લે છે. કેમ કે તેણે પોતાના પ્રાણની સાથે ગવર્નમેન્ટની સેવા કરી. એ જ પ્રમાણે શહીદનું પણ છે.

**સવાલ** :– સૈયદુશ્શોહદા કોણ છે ? અબૂબક્ર સિદ્દીક, હઝરત ઉમર કે ઈમામ હુસૈન رضوان الله تعالى عليهم اجمعين.

**જવાબ** : હર ગુલેરા રંગ બૂએ દીગરસ્ત. ''દરેક ફૂલનો રંગ તથા ખૂશ્બૂ વિવિધ હોય છે.'' આ હઝરાતમાંથી દરેક વિવિધ એતબારથી સૈયદુશ્શોહદા છે. અબૂબક્ર ફનાફિર્રસૂલની હૈસિયતથી સૈયદુશ્શોહદા છે કે હુઝૂરની વફાત ખૈબરવાળા ઝહેરથી, સિદ્દીકની વફાત ગુફાવાળા મારના ઝહેરથી. હુઝૂરની વફાત પીરના રોજ જ્યારે સિદ્દીકની એક દિવસ પછી મંગળના રોજ રાતમાં, હુઝૂરના ઘરમાં વફાત બાદ રાત્રે ચિરાગમાં તેલ નથી, સિદ્દીકના ઘરે કફનના માટે કપડુ નથી. હઝરત ઉમર એટલા માટે સૈયદુશ્શોહદા છે કે મદીના પાકની જમીન, મસ્જિદે નબવી, ફજરની નમાઝની મશગુલિયત, હુઝૂરની મેહરાબ એમાં શહાદત પછી રોઝા પાકે મુસ્તફા صلى الله تعالى عليه وسلم માં દફન. હઝરત ઉષ્માનેગની એટલા માટે સૈયદુશ્શોહદા છે કે મદીના પાકની જમીન, કુર્આને પાકની તિલાવત, લોહીનું કુર્આન પર પડવું, મુકાબલા વિના શહીદ થવું. ઈમામ હુસૈન એટલા માટે સૈયદુશ્શોહદા છે કે આપ શહાદતના સમયે પરદેશી મુહાજિર પણ, ત્રણ દિવસના સતત રોઝદાર પણ, ઘરબારને અલ્લાહની રાહમાં લૂટાવી દેનાર અને અજોડ નમાઝી પણ, જેમની નમાઝ વુઝૂ તથા તયમ્મુમથી બેનિયાઝ છે !

**સવાલ** :– કર્બલાનો પ્રસંગ શાથી થયો ? એમાં શું હિકમતો છે ?

**જવાબ** :– સહાબાએ કિરામ અને અહલે બયતે એઝામ કુર્આનની ઝિંદા તફસીરો છે. કુર્આને શાકિરીન (શુક્ર કરનારાઓ)ના





અજરને પણ બયાન કરેલ છે અને સાબિરીન (સબ્ર કરનારાઓ)ના અજરને પણ. ખુલફાએ રાશિદીનની પાક જિંદગી શુક્રની તફસીર છે અને હઝરત ઈમામની મુબારક જિંદગી સબ્રની તફસીર. શાકિર બનીને ઝાકિર થનારા ખુલફાએ રાશિદીન છે અને સાબિર થઈને ઈમામ હુસૈનની શહાદત તફસીરે કુર્આનની તકમીલ છે.

**સવાલ** :– એના માટે ઈમામ હુસૈન જ શાથી તજવીઝ પામ્યા ?

**જવાબ** :– એટલા માટે કે ઈમામ હુસૈન જન્નતી જવાનોના સરદાર છે. જન્નતી જવાનોમાં કોઈ મુહાજિર હશે, કોઈ ગાઝી, કોઈ શહીદ. ઈમામ હુસૈન કર્બલાથી પહેલાં ઝાહેરી રીતે ન મુહાજિર હતા ન મુજાહિદ ન ગાઝી. અલ્લાહની મરજી હતી કે એક પ્રસંગ કર્બલામાં આ જન્નતી સરદારને સર્વ મર્તબાઓ પાર કરાવી આપવામાં આવે. જાણે કર્બલાની તપતી રેતી તેમના માટે ટ્રેનીંગ સ્કૂલ હતી, એટલા માટે આપના પર માલ, ઔલાદ, વતન, કુટુંબીઓ, જાન મતલબ કે તમામ ચીજોની મુસીબતો એકત્ર કરી દેવામાં આવી.

**સવાલ** :– જો ઈમામ હુસૈન જન્નતી યુવાનોના સરદાર છે તો જન્નતમાં સૌ યુવાન જ હશે. તો આપ પયગમ્બરો તથા સિદ્દીકોના પર સરદાર થવા જોઈએ કેમ કે તેઓ જન્નતના જવાન છે. જ્યારે કે આપ ઉમ્મતી છે અને ઉમ્મતી નબીનો સરદાર નથી બની શકતો. અને વળી સિદ્દીકે અકબર સૌથી અફઝલ છે.

**જવાબ** :– જન્નતી જવાનોથી મતલબ એ જન્નતી છે જેઓ જવાનીમાં મૃત્યુ પામી જાય, તેઓના આપ સરદાર છે. કોઈ પયગંબર દુનિયામાંથી યુવાન વયે ગયા નથી અને ન સિદ્દીકે અકબર તથા ફારૂકે આ'ઝમ તથા મૌલા અલી. જેથી આ હઝરાત એ હુકમમાંથી અલિપ્ત છે.

**સવાલ** :– રબ તઆલાએ આ મુસીબતો શાથી રાખી ? એ બંદાઓને મુસીબતમાં શા માટે નાખે છે ?

**જવાબ** :– આ મુસીબતો ખરા ખોટાની પહેચાન છે. અસલી નકલી સોનુ કસોટી પર જાણવા મળે છે. જંગના મેદાન ઈમાનની કસોટીઓ છે. મુસીબતોથી ગુનાહોની માફી થાય છે, જેમ કે આગથી

લોખંડની સફાઈ થાય છે.

**સવાલ** :– કસૌટી પર તે પારખે જે "આલિમુલ ગૈબ" ન હોય, રબ જ્યારે "આલિમુલ ગૈબ" છે તો તેણે ઈમ્તેહાન લેવાની શું જરૂરત ?

**જવાબ** :– ઈમ્તેહાન કયારેક જોવા માટે થાય છે કયારેક દેખાડવા માટે, રબનું ઈમ્તેહાન લેવું એ બીજા મકસદથી છે, જેથી કાલે કિયામતમાં બદલો આપતી વખતે કોઈને વાંધો ઉઠાવવાનો અવકાશ ન રહે.

**સવાલ** :– તો પછી એવું જોઈએ કે સર્વ મુસલમાન મુજાહિદ તથા ગાઝી થતા રહે, જેહાદ વિના જન્નત ન મળે. નહીં તો મખ્લૂક વાંધો લેશે. વળી મુસીબતો વિના ગુનાહોની સફાઈ પણ નહીં થાય.

**જવાબ** :– ઈમ્તેહાન લગભગ દરેકની થાય છે, કોઈને આરામ આપીને તો કોઈને તકલીફો આપીને, વિવિધ રીતની ઈમ્તેહાન હોય છે. ઐયૂબ عليه الصلوة والسلام સબ્રની ઈમ્તેહાનમાં કામિયાબ રહ્યા અને સુલૈમાન عليه الصلوة والسلام શુક્રના ઈમ્તેહાનમાં કામ્યાબ થયા. આપણો ગુનેહગારોનો પણ એ જ હાલ છે કે કોઈને આપીને ઈમ્તેહાન છે તો કોઈની લઈને છે. તેમજ કેટલીક ચીજો આગથી પાક કરવામાં આવે છે, કેટલીક પાણીથી, તેમ કેટલાક મુસલમાન રાહત પડે સાફ થાય છે તો કેટલાક તકલીફવાળા તરીકાથી.

**સવાલ** :– ઈમામ હુસૈનના કાતિલ કોણ હતા, સુન્ની કે શિઆ ?

**જવાબ** :– તેમના કાતિલ એકદમ શિઆ હતા, તેની ત્રણ દલીલો છે :– એક એ કે ઈમામ હુસૈનના કાતિલો કૂફાવાસી હતા. એ કૂફામાં જ હઝરત અલી મુર્તઝા رضي الله عنه નુ પાટનગર અને તેમનું રહેઠાણ હતું. જાહેર છે કે શિઆ જમાઅત પણ ત્યાં જ રહેતી હશે. આજે પણ લખનૌ અને ઓધ શિઆઓના મર્કઝ એટલા માટે છે કે ત્યાં શિઆ સુલ્તાનો રહ્યા અને જો શિઆ કૂફામાં વસ્યા ન હતા તો બતાવો કયાં હતા ?





બીજુ એ કે આજે પણ શિઆ જમાઅતમાં તકીયો દીનમાં દાખલ છે જ્યારે કે તે વખતે ઈમામ હુસૈને તકીયો ન કર્યો. અબ્દુલ્લાહ ઈબ્ને ઝિયાદ બસરાથી હિજાઝી લિબાસ પહેરીને હિજાઝના માર્ગે કૂફા પહોંચ્યો જેથી લોકો સમજે કે ઈમામ હુસૈન આવી ગયા. ત્રીજું એ કે આજે પણ મોહર્રમમાં શિઆઓ તે જ કામ કરે છે જે તે વખતે યઝીદીઓએ કર્યું હતું. **ઈમામનો જનાઝો કા□યો, આલમ તથા તાઝીયાનું જુલૂસ, એમાં નાચવું, કૂદવું, એહલે બયતે આ કામ નથી કર્યા.**

**સવાલ** :– શિઆ માતમમાં છાતી શા માટે કૂટે છે ? શું તેની કોઈ અસ્લ છે ? કેટલીક જગાએ ઝેરીલી તલ્વારથી માતમ કરાય છે ?

**જવાબ** :– એટલા માટે તેમના સીનાઓમાં સહાબાએ કિરામની અદાવતની આગ ભડકી રહી છે, તેઓ છાતી કૂટવા તથા પીટવાને જ લાયક છે. અહીં જાતે પીટે છે, આખેરતમાં એ છાતીઓને ફરિશ્તા કૂટશે. وَلَعَذَابُ الْاٰخِرَةِ اَكْبَرُ જો આ છાતી કૂટવુ મહોબ્બતના પ્રદર્શનનો તરીકો હોત તો તેમનાથી વધારે અહલે બૈતની મહોબ્બત રાખનારા ઈમામ ઝૈનુલ આબિદીન رضي الله عنه હતા, તેઓ ભાલાઓ બરછીઓથી મામત કરત.

**સવાલ** :– શહીદોને જીવંત શા માટે કહેવામાં આવ્યા છે ?

**જવાબ** :– એટલા માટે કે તેમણે પોતાની ફાની જિંદગી અલ્લાહની રાહમાં કુર્બાન કરી જેથી તેમને બાકી તથા કાયમી જિંદગી અતા થઈ. બદલો ઈબાદતના પ્રમાણે અતા થાય છે.

**સવાલ** : જો શહીદ જીવતા છે તો તેમની પત્નીઓ બીજાના નિકાહમાં શા માટે આવી જાય છે ? અને તેમનો વારસો શા માટે વહેંચાય છે ?

**જવાબ** :– આ ભૌતિક અને શારીરિક જીવનના હુકમો છે કે માણસની પત્ની તથા માલ અન્યને ન મળે. શહીદોની જિંદગી બરઝખી, રૂહાની, હુકમી છે જે અનુભવવામાં નથી આવતી, એટલા માટે ફર્માવવામાં આવ્યું, بَلْ اَحْيَآءٌ وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ એની અધિક તેહકીકાત અમારી 'તફસીરે નઈમી' પારા–૨ માં આ જ આયતની તફસીરમાં જુઓ.

# ★ નિકાહ તથા તલાકનાં રહસ્યો ★

**સવાલઃ** નિકાહને નિકાહ શા માટે કહે છે ?

**જવાબઃ** નિકાહનો મતલબ છે મળવું, કેમ કે એના સબબથી બે વ્યકિત જ નહીં બલ્કે બે કુટુંબો બલ્કે કયારેક બે મુલ્ક મળી જાય છે. કેમ કે છોકરીનાં સગાં છોકરાનાં સગાં બની જાય છે એ જ પ્રમાણે છોકરાનાં સગાં છોકરીનાં સગાં થઈ જાય છે. એટલા માટે તેને નિકાહ કહેવાય છે.

**સવાલઃ** ઈસ્લામમાં નિકાહને ઈબાદત શા માટે માનવામાં આવે છે ? તેને વ્યાપારની જેમ દુનિયાવી કારોબાર કેમ ન ઠરાવ્યો ?

**જવાબઃ** એટલા માટે કે આ અંબિયાની સુન્નત છે. આદમ (عليه الصلاة والسلام)થી કિયામત સુધી ચાલુ છે. એના કારણે માણસ જાનવરથી વિશિષ્ટ છે. એનાથી વંશવેલો ચાલે છે અને વંશવેલાથી હજારો ફાયદા છે. એનાથી અવલિયા તથા બુઝુર્ગોને દીનની પેદાઈશ છે જેનાથી ઈસ્લામની હયાતી છે. એનાથી બાળ ઉછેર અને કેળવણીની વ્યવસ્થા છે. નિકાહથી સર્વ રિશ્તા સલામત છે. માં, બાપ, કાકા, કાકી, મામા.... વગેરે નિકાહની બરકતથી છે. એટલા માટે કુર્આને કરીમે નિકાહને નેઅમત ઠરાવ્યું. وَجَعَلَهُ نَسَبًا وَّصِهْرًا યાદ રાખશો કે ઈબાદતનો મૌકૂફ ઈલૈહ (ઈબાદત જેના પર આધારિત હોય તે) પણ ઈબાદત છે. વુઝૂ નમાઝના માટે ફર્ઝ છે અને નિકાહ પર સર્વ ઈબાદતો મૌકૂફ છે, કેમ કે નમાઝી, ગાઝી એના થકી પેદા થાય છે જેથી એ ઈબાદતોનુ મૂળ છે.

**સવાલઃ** ઈસ્લામમાં નિકાહ ઈજાબ તથા કુબૂલ (કુબૂલ તથા મંઝૂર ) થી શા માટે થાય છે, હિંદુઓની જેમ છોકરીની આસપાસ ચક્કર લગાડવા અથવા અંગ્રેજોની જેમ છોકરીના ગળામાં હાર નાખવાનું નામ નિકાહ કેમ નથી ?

**જવાબઃ** એટલા માટે કે દરેક લેણદેણ ઈજાબ તથા કુબૂલથી જ થાય છે. નિકાહમાં છોકરીનું લેવું અને મહેરનું આપવું છે જેથી તેના માટે ઈજાબ તથા કુબૂલ જરૂરી છે. જો હું કોઈના મકાનની આસપાસ સો ચક્કર પણ





લગાડું અથવા કોઈના જાનવરના ગળામાં દસવાર હાર નાખી દંઉ તો પણ તેનો માલિક બની શકતો નથી. પરંતુ જો તે કહી દે કે, મેં આપ્યું ! અને હું કહી દંઉ કે મેં લીધું, તો હું માલિક થઈ ગયો. એ જ પ્રમાણે નિકાહ છે.

**સવાલ :** નિકાહમાં ગવાહ શા માટે શરત છે અને એલાન શા માટે સુન્નત છે ?

**જવાબઃ** જેથી કરીને ઝિનાથી ભિન્ન થઈ જાય. કેમ કે ઝિના છુપી રીતે થાય છે. તેમ જ અઝીમુશ્શાન (મોટી, ભારે) આપ લે પર ગવાહ(સાક્ષી) બનાવવામાં આવે છ, જેથી ભાવિમાં ઝઘડો ઉભા ન થાય. મામૂલી ચીજો લખાણ તથા ગવાહ વિના ખરીદવામાં આવે છે પણ જમીનની લે વેચ પર ગવાહ બલ્કે નોંધણી પણ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં ઝઘડો ઉભો ન થાય. નિકાહ પણ અઝીમુશ્શાન આપ લે છે જેમાં સેંકડો ઝઘડાઓનો ભય છે, જેથી ગવાહ જરૂરી છે.

**સવાલઃ** નિકાહમાં વલીમાની દા'વત, ખોરાક લૂંટાવવું કેમ સુન્નત છે ?

**જવાબઃ** એટલા માટે કે નિકાહ અલ્લાહની નેઅમત છે અને નેઅમત પામતાં ખુશી મનાવવી એ રબને પસંદ છે. ફર્માવે છે :– فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا આ ચીજો ખુશી પ્રદર્શિત કરવા માટે છે, જેમ કે બાળકની પેદાઈશ પર અકીકો.

**સવાલઃ** નિકાહમાં મર્દની જિમ્મેદારીમાં મહેર કેમ હોય છે ?

**જવાબઃ** જેથી પતિ–પત્નીમાં સમતોલપણુ રહે કે પત્નીએ પોતાની જાન પતિને સુપ્રત કરી આપી તો તેના બદલામાં પતિએ મહેર તથા ભરણ પોષણની જિમ્મેદારી લીધી, જેથી બરાબરી થઈ ગઈ. જો વેચાણમાં કિમંત ન હોય તો તે ભેટ છે વેચાણ નથી. જો પતિ પર મહેર વગેરે હક્કો ન હોય તો ઔરત લોંડી છે પત્ની નહીં.

**સવાલઃ** નિકાહમાં પુરૂષને સ્ત્રી કરતાં અફઝલ શા માટે માનવામાં આવેલ છે ? પતિ–પત્નીમાં તદ્દન સમાનતા કેમ રાખવામાં ન આવી ? સ્ત્રી પણ અલ્લાહની બંદી છે !

**જવાબઃ** વ્યવસ્થા ત્યારે જ સલામત રહી શકે છે જ્યારે કે હાકિમે આ'લા (ઉપરી) એક જ હોય અને બાકીનાં સૌ તેના હાથ હેઠળ હોય. દેશનો બાદશાહ એક, ઝાડનુ થડ એક, માણસનાં જાહેરી અંગો બબ્બે પણ દિલ કે જે શરીરનુ સુલ્તાન છે તે એક, ફોજના કમાન્ડર ઈન ચીફ એક. એજ પ્રમાણે ઘરનો સુલ્તાન પણ એક હોવો જોઈએ બાકીના તેના હેઠળ રહે ઘરગથ્થુ વ્યવસ્થા સલામત રહે.

**સવાલઃ** એ રીતે પણ થઈ શકતુ હતુ કે સ્ત્રી અફઝલ (ઉપરી) રહે અને પુરૂષ તેના હેઠળ ! એવું કેમ ન થયું ?

**જવાબઃ** એનાં કેટલાક કારણો છે. એક તો એ કે પુરૂષની જિમ્મેદારીમાં ભરણ પોષણ તથા મહેર છે જે સ્ત્રીની જિમ્મેદારીમાં નથી. જે ખર્ચ આપે તે હાકિમ બને છે. બીજું એ કે પુરૂષ સ્ત્રી કરતાં સામાન્યતઃ બુધ્ધિ તથા શકિતમાં અધિક છે જેથી એ જ ઉપરીને લાયક છે. ત્રીજુ એ કે સ્ત્રી માટે કેટલોક સમય એવી સ્થિતિ ઉભી થાય છે જ્યારે તે કોઈ કામ નથી કરી શકતી, સમજ બુઝ પણ તેણીની ઠેકાણે નથી રહેતી. જેમ કે માસિક સ્ત્રાવ તથા નિફાસની હાલતો. અને પુરૂષ તેનાથી મેહફૂઝ છે જેથી સરદારીના માટે એ જ લાયક છે. એટલા માટે નબુવ્વત, સલ્તનત, ન્યાયધીશપણુ પુરૂષોને જ આપવામાં આવે છે.

**સવાલ :** એક પુરૂષ ચાર સ્ત્રી સાથે શા માટે નિકાહ કરી શકે છે ?

**જવાબ :** એના અમુક કારણો છે. એક એ કે સ્ત્રીઓની પેદાવાર પુરૂષની સરખામણીમાં વધુ છે. વળી પુરૂષો જંગોમાં માર્યા જાય છે જેથી જો એકથી વધુ નિકાહની રજા ન હોય તો સ્ત્રીઓ નિકાહ વિહોણી રહી જાય. બીજુ એ કે અધિક નિકાહોથી કૌમની વસ્તી અધિક થશે, કેમ કે એક પત્ની થકી જેટલા સમયમાં એક બાળક જન્મે છે એટલી મુદ્દતમાં ચાર પત્નીઓથી ચાર બાળકો હાંસલ થશે. આજે સંખ્યાના કારણે સલ્તનતો બને છે. પાકિસ્તાનનું અસ્તિત્વ સંખ્યા બળને કારણે જ થયું છે. એ જે હદીષે પાકમાં છે કે, ''મહોબ્બત અને અધિક બાળકો જણનારી સ્ત્રીઓ સાથે નિકાહ કરો કેમ કે હું તમારા અધિક સંખ્યાબળ માટે ફખ્ર કરીશ.''





**સવાલ :** તો પછી એવું પણ હોવું જોઈએ કે કોઈ જગાએ પુરૂષો અધિક હોય તો એક સ્ત્રી કેટલાક પુરૂષો સાથે નિકાહ કરી શકે ?

**જવાબ :** હરગિઝ નહીં ! પુરૂષ આ'લા હાકિમ (ઉપરી) છે, તે એક જ હોવો જોઈએ. તેમજ ઈન્સાનનું બાળક ઉછેર તથા કેળવણી બંને માટેનું હાજતમંદ છે. ઉછેર માની જિમ્મેદારીમાં છે અને કેળવણી બાપના જિમ્મે. જો સ્ત્રીના એકથી અધિક પતિઓ હોય તો કોઈ પણ બાળકની કેળવણીનો જિમ્મેદાર થશે નહીં અને વંશ કોઈનાથીય સાબિત નહીં થાય. જેમ કે જાનવરો કેળવણીના હાજતમંદ નથી જેથી ત્યાં આ બંધન નથી. કુદરતે હાથમાં અંગૂઠો એક જ રાખ્યો છે અને આંગળીઓ તે જેમ કે છે તે ચાર રાખી છે. જાણવા મળ્યું કે મર્દ એક જ હોવો જોઈએ. તદ્ ઉપરાંત એકથી અધિક પતિઓમાંથી સ્ત્રીના ભરણ પોષણનો જિમ્મેદાર કોઈ થશે નહીં. જેમ કે કેટલીક ઔલાદના માટે એક જ બાપ જોઈએ, એક શખ્સની કેટલાય બાપ નથી થઈ શકતા ! એજ પ્રમાણે પત્નીના માટે એક જ પતિ જરૂરી છે.

**સવાલ :** તો પછી નબીની પણ ચાર જ પત્નીઓ હોવી જોઈતી હતી, જ્યારે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની નવ પત્નીઓ હતી. આવી એશ પરસ્તી સાથે નબુવ્વતની ફરજો કઈ રીતે અંજામ આપી શકાય ?!

**જવાબ :** નિકાહ કેવળ એશ પરસ્તી (મોજમજા) માટે નથી થતા, નહીં તો હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની તમામ પત્નીઓ કુવાંરી હોત. તદ્દન યુવાન વયે જે નિકાહ શરીફ થયા તે આધેડ વયની પત્ની હઝરત બીબી ખદીજાથી થયા જેમની ઉમ્ર શરીફ (૪૦) વર્ષ અને આપની ઉમ્ર મુબારક ૨૫ વર્ષની હતી. ૫૦ વર્ષની વયે જે વુધ્ધાવસ્થાની વય છે એમાં બીજા નિકાહ થયા. વળી નબુવ્વતની ફરજો એ પ્રમાણે અંજામ આપી કે સુબ્હાનલ્લાહ ! અંબિયાની જિમ્મેદારી તબ્લીગ હોય છે અને તબ્લીગ માટે જરૂરી છે કે કૌમો સાથે સંબંધો હોય. સંબંધ પેદા કરવા માટે બેહતરીન ઝરીયો છોકરી લેવી આપવી છે. હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)એ તે કબીલાઓના સરદારોની બેટીઓને નિકાહમાં કબૂલ ફર્માવી જેનાથી આખા કબીલા

કબજામાં આવી ગયા. જેમ કે હઝરત ઉમ્મે હબીબા જે બની ઉમૈયાના સરદાર અબૂ સુફયાનની પુત્રી, હઝરત સફિય્યહ્ જે કિબ્ત કૌમના સરદાર હય ઈબ્ને ખતબની પુત્રી વગેરે. જેનું પરિણામ એ આવ્યું કે તે કૌમો સાથે જંગ ખત્મ થઈ ગઈ અને છેવટે તેઓ સૌ ઈસ્લામની દૌલતથી પાવન થઈ ગયા. આજે બ્રિટનના સંબંધો અમેરિકા સાથે એટલા માટે મજબૂત છે કે તેમની પુત્રીઓ એકબીજાનાં ઘરોમાં છે, જ્યારે જર્મની સાથે એ સંબંધ નથી. સુલ્તાનોના નિકાહોમાં સેંકડો રહસ્યો હોય છે.

**સવાલઃ** ઈસાઈ અને હિન્દુઓને ત્યાં નિકાહ વિનાના પાદરી તથા સાધુ થવુ મહાન ઈબાદત છે. સાધુ સંતો અપરણિત (બ્રહ્મચારી) રહે છે. ઈસ્લામમાં એવું કેમ નથી ?

**જવાબ :** ખુદાની અર્પિત શકિતઓને બેકાર કરી દેવી મૂર્ખાઈ છે, અને યોગ્ય જગાએ વાપરવી એ ખરેખર કમાલ છે. આંખ બંધ કરી લેવી મૂર્ખાઈ છે પણ તેને ગૈર મહેરમથી રોકવી કમાલ છે. વાસના શકિત એ પણ રબની નેઅમત છે, જો તે બુરી હોત તો રબ આપત જ શા માટે ? આ વાસનાને રોકવાના ઘણાં બુરાં પરિણામો વ્યભિચારના રૂપમાં જાહેર થાય છે. જો નિકાહ ન કરવો કમાલ છે તો સુલૈમાન (عليه السلام) એ એક હજાર પત્નીઓ શા માટે રાખી ? ઈસાઈ શું જવાબ આપશે ? અને રામચંદ્રજીના પિતા રાજા દશરથે બે, કનૈયાએ એક હજાર પત્નીઓ શા માટે રાખી ? હિંદુઓ તેનો શો જવાબ આપશે ?

**સવાલ :** મુસલમાનના નિકાહ કાફિર સાથે કેમ નથી થઈ શકતા ? જ્યારે કે તેમની સાથે વેપાર કરી શકીએ છીએ, તો નિકાહ પણ થવા જોઈએ!

**જવાબ :** એટલા માટે કે નિકાહનો મતલબ ઘરની આબાદી છે. એ ત્યારે જ થશે જ્યારે દિલ મળેલાં હોય. ધર્મમાં વિરોધાભાસના કારણે આપસમાં નફરત પેદા થશે જેનાથી ઘરની બર્બાદી લાઝીમ થશે.

**સવાલ :** તો પછી અહલે કિતાબ સ્ત્રીઓ સાથે નિકાહ શાથી જાઈઝ છે ? તેઓ પણ કાફિર છે !

**જવાબ :** એટલ માટે કે તેઓ ઈસ્લામથી નિકટ છે, જેથી ઉમ્મીદ છે કે





એવી સ્ત્રી મુસલમાનની સોહબતથી મુસલમાન બની જાય, જો પુરૂષના ભટકવાના અંદેશો હોય તો અહલે કિતાબ સાથે પણ નિકાહ મના છે. મુશ્રિકા તથા મુર્તદ્દા ઈસ્લામથી ઘણી દૂર છે જેથી તેના ઈમાનની ઉમ્મીદ નથી માટે તેમનાથી નિકાહ જાઈઝ નથી.

**સવાલ :** છોકરીના માટે ણ સમજાતિ (સમ કબીલા) શા માટે શોધવામાં આવે છે ?

**જવાબ :** એટલા માટે કે દરેક શખ્સ પોતાના કબીલાથી અધિક લગાવવાળો હોય છે જેટલો અધિક લગાવ હશે એટલી મહોબ્બત પણ લાંબી ટકી રહેશે.ઉચ્ચ ખાનદાનની પુત્રી મામૂલી પતિને ગણત્રીમાં લાવતી નથી જેના કારણે ખેંચાખેંચી રહે છે.

**સવાલ :** ઈસ્લામે કાકાની તથા ફોઈની પુત્રી સાથે નિકાહ શા માટે હલાલ કર્યો ? એવું થવું જોઈતું હતું કે તદ્દન અંજાણી જગાએ નિકાહ થાત. જેમ કે હિન્દુઓમાં થાય છે.

**જવાબ :** એટલા માટે કે આપસમાં સગાં વહાલાં એકબીજાની આદતોથી વાકેફ હોય છે જેથી જેટલી મહોબ્બત આપસમાં થશે એટલી મહોબ્બત અજનબીમાં થશે નહીં, કોને ખબર તેમનો મિજાઝ કેવો હોય. તદ્ ઉપરાંત આપસમાં જાત વગેરેની તહેકીક નથી કરવી પડતી. તેમ જ આપસમાં નિકાહ કરવાથી આપણી માલ સંપત્તિ ખાનદાનમાં જ રહે છે ગૈર જગાએ નથી જતી. તેમ જ આપસના નિકાહથી મહોબ્બત વધે છે કેમ કે એક મહોબ્બત પહેલેથી મૌજૂદ હતી અને બીજી મહોબ્બત છોકરીથી કાયમ થઈ.

**સવાલ :** તો પછી સગી બહેન સાથે પણ નિકાહ થવા જોઈએ કેમ કે આ સર્વ ફાયદા તેણીમાં વિશેષ છે. જેમ કે પારસી લોકો કરે છે.

**જવાબ :** હરગિઝ નહીં ! કેમ કે બહેન, માં, માસી વગેરે પર કોઈને વાસના ઉપસ્થિત નથી થતી, એ બાબતે દિલમાં નફરત ઉદ્ભવે છે, જેથી આ સંજોગોમાં કયાં તો ઔલાદ પેદા થશે નહીં અને જો કોઈ બેશરમને ઔલાદ થશે તો ખૂબ જ કમજોર થશે અને એ નિકાહના મકસદથી વિરૂધ્ધ છે.

**સવાલ :** ઈસ્લામમમાં ખત્ના શા માટે રાખવામાં આવેલ છે?

**જવાબ :** એના કેટલાક કારણો છે. એક તો એ સુન્નતે ઈબ્રાહીમી અને સુન્નતે નબવી છે. ખત્ના ન કરવાથી ઘણી બીમારીઓ જન્મ પામે છે. ખત્ના એ ઘણી બીમારીઓનો ઈલાજ છે. એટલા માટે ડોકટર કેટલીક બીમારીઓમાં હિંદુઓને ખત્ના કરાવી નાખે છે. ખત્નાની ચામડી બાકી રહેવાથી તે જગાએ ખુજલી જેવું થાય છે અને ખુજલી બળતરા પેદા કરે છે જેનાથી હજારો બીમારીઓ પેદા થાય છે. ખત્નાવાળાની સ્ત્રી ખૂબ જ ઓછા પ્રમાણમાં બદચલન હશે. ખત્નાથી ઔલાદ મજબૂત પેદા થાય છે. હઝરત ઈસ્માઈલ (અલૈહિસ્સલામ)ની કુર્બાની કબૂલ થઈ અને બદલામાં ઘેટુ ઝબહ કરાવ્યું અને શરીરનો એક હિસ્સો એટલે કે ખત્નાની ચામડી કાપી નાખવામાં આવી. આ ખત્ના માનવ શરીરની કુર્બાની જેમ છે.

**સવાલ :** તલાકને તલાક શા માટે કહે છે ?

**જવાબ :** એટલા માટે કે 'તલાક'થીબનેલ છે જેનો અર્થ છે ખુલવું. ચહેરાને ખુલવાને 'તલાકુલ વજહદ્' અને બેકૈદને મુત્લક કહે છે. તલાકમાં સ્ત્રીને નિકાહની કૈદથી ખોલી દેવામાં આવે છે જેથી તેને તલાક કહે છે.

**સવાલ :** તલાકને શા માટે જાઈઝ રાખવામાં આવી ? એ તો જુદાઈ છે.

**જવાબ :** એટલા માટે કે કેટલીકવાર મર્દ તથા ઔરતની જુદાઈ ખૂબ જ જરૂરી થઈ જાય છે. જેથી તેને જાઈઝ કરવામાં આવેલ છે છતાં બુરી ચીજ દર્શાવવામાં આવે છે.

**સવાલ :** જો તલાકની જરૂર પડી જ જાય છે તો પછી સ્ત્રીને પણ તલાકનો હક્ક હોવો જોઈએ ! એ કેવું કે પુરૂષ તો આઝાદ હોય અને સ્ત્રી પુરૂષની પાબંદ ?!

**જવાબઃ** સ્ત્રીમાં (સામાન્યતઃ) કુદરતી રીતે જ બુધ્ધિ ઓછી હોય છે અને જોશ તથા ગુસ્સો વધુ હોય છે. જેથી તેણીને તલાકનો હક્ક આપવો તે જાણે કે દીવાનાના હાથ તલ્વાર આપવા સમાન છે. જે કૌમોએ ઔરતને તલાકનો હક્ક આપ્યો ત્યાં વાત વાતમાં તલાકો થઈ રહી છે અને ઘરો





બર્બાદ થઈ રહ્યાં છે, જેમ કે લંડન, પેરીસ વગેરે.

**સવાલ :** ઔરતની આવી પાબંદીના કારણે ઘણા ફિત્ના ઉઠયા છે કે પુરૂષોએ સ્ત્રીઓ પર ઘણા જુલ્મો કર્યા છે. જો સ્ત્રીને પણ તલાકનો હક્ક હોત તો આ જુલ્મ ન થાત.

**જવાબ :** વળી એનાથી સેંકડો ઘણી મુસીબત થાત. હક્ક એ છે કે તલાક મુસીબત છે પરંતું પુરૂષના કબજામાં હોય તો ઓછી મુસીબત છે અને સ્ત્રીઓના કબજામાં જાય તો અધિક મુસીબત. અને જ્યારે માણસ બે મુસીબતોમાં સપડાય તો આસાનને અપનાવે. સ્ત્રીઓને આઝાદી મળવાથી કોઈ ઘર સલામત રહી શકતુ નથી.

**સવાલ :** જેવી રીતે નિકાહમાં બંને બાજુની (સ્ત્રી–પુરૂષની) મરજી જરૂરી છે એવી જ રીતે તલાકમાં પણ બંને જણાની રજા જરૂરી હોવી જોઈએ. કેવળ પુરૂષની રાયથી તલાક શા માટે થઈ જાય છે ?

**જવાબ :** નિકાહમાં એક ચીજ પુરૂષની માલિકીમાં આવે છે જેથી અનિવાર્ય છે કે માલિક થનાર તથા માલિકીમાં આવનાર બંને રાજી હોવાં જોઈએ. તલાકમાં માલિકીમાંથી નીકળવું છે અને એમાં માલિક મુખ્તાર છે. નોકર રાખતી વખતે માલિક તથા નોકર બંનેની મરજી જરૂરી છે પણ નોકરીથી છૂટા થતી વખતે કેવળ માલિકની મરજી પૂરતી છે.

**સવાલ :** નિકાહ પઢાવતી વખતે પતિ પત્નીને કલમો શા માટે પઢાવવામાં આવે છે ? જ્યારે કે બંનેવ પહેલેથી જ મુસલમાન હોય છે !

**જવાબ :** એટલા માટે કે નિકાહનો સમય જેમ કે કરારનો સમય છે કે પતિ પત્નીના માટે મહેર અને ભરણ પોષણનો વાયદો કરે છે અને પત્ની પતિના માટે આજ્ઞા(પાલન)નો વાયદો કરે છે. અને કરાર વખતે કલમો પઢવો અથવા કુર્આન શરીફ ઉંચકાવવું તાકીદના માટે હોય છે જેથી કરારથી કોઈ ફરી ન શકે, જેથી કલ્મો પઢાવીને વાયદો કરાવે છે. તેમ જ લોકોના મોઢેથી કયારેક કુફ્રની વાતો નીકળી જાય છે, ગુનાહો કરતો રહે છે જેથી કલ્મો પઢાવીને તૌબા કરાવીને નિકાહ પઢાવે છે જેથી બરકત રહે.

**સવાલ** : હવે નિકાહ ફસાદ (ઝઘડા)નુ મૂળ બની ગયો છે કે એનાથી બનેલાં (સારાં) દિલો બગડી જાય છે, એનું શું કારણ છે ?

**જવાબ** : એટલા માટે કે વર્તમાનના મુસલમાને નિકાહને ઈબાદત નથી જાણી અને તેને આર્થિક કારોબાર બનાવી લીધો. છોકરા અધિક દહેજની ફિકરમાં છે અને છોકરી અધિક મહેરની જેથી તે દુનિયાવી કારોબાર બની ગયો. અને દુનિયા ફસાદનુ મૂળ છે જેથી એમાં ઝઘડા ફસાદ થઈ ગયા.

# ☆ ઈસ્લામી સજાઓનાં રહસ્યો ☆

**સવાલ** : ઈસ્લામમાં ચોરીની સજા હાથ કાપવું છે એ જુર્મ કરતાં વિશેષ છે કેમકે ચોર માલ તો લે ચાર રૂપિયાનો અને હાથ તો કપાય જેની કિંમત જ નથી ! રબ ફર્માવે છે, مَنْ جَآءَ بِالسَّيِّئَةِ فَلَا يُجْزٰٓى اِلَّا مِثْلَهَا "જે ગુનોહ કરે તેને ગુનાહના પ્રમાણમાં જ સજા આપવામાં આવે."

**જવાબ** : ચોરનો હાથ કાપવો એ માલના પ્રમાણની સજા નથી બલ્કે કાયદાના ભંગની સજા છે. કાયદો હાથ કરતાં કેટલાંય ઘણો કિંમતી છે. કાનૂની સાચવણી માટે સેંકડો કત્લ કરી દેવામાં આવે છે એટલા માટે જો ચાર લાખ રૂપિયા માલિકને આપી દે તો પણ હાથ કાપવાથી નથી બચી શકાતુ. આયતમાં 'મિષ્લહા'થી શરઈ મિષ્લ મુરાદ છે ન કે જુર્મી. શરીઅતે આ મિષ્લ (પ્રમાણ)ને હાથની મિષ્લ ઠરાવી દીધું જેથી તે જ તેનું પ્રમાણ (મિષ્લ) છે. અથવા આ આયત આખેરતના બારામાં છે. એટલે કે રબ તઆલા નેક લોકોને નેકીઓનો અધિક સવાબ આપશે કે એક સવાબનો સાતસો સાતસો ગણો, પણ ગુનાહમાં બિલકુલ વધારો નહીં થાય.

**સવાલ** : ચોરીમાં હાથ કાપવો જુલ્મ છે ! થોડા રૂપિયાના કારણે માણસની જિંદગી ખરાબ કરવી ન જોઈએ.

**જવાબ** : જુલ્મ તો તે સજાને કહેવાશે જે કાનૂનથી વિશેષ હોય, હાથ કાપવો કાનૂની સજા છે. આજે ચોરને બે વર્ષની સજા થાય છે, જ્યારે કે તે





અડધા કલાકમાં ચોરી કરે છે ! પણ કેમ કે કાનૂનમાં એ છે એટલે એ જુલ્મ નથી. જો એક બદમાશની જિંદગી બર્બાદ થવાથી લાખો જિંદગીઓની સંભાળ થઈ જતી હોય તો એમાં કોઈ વાંધો નથી. કૌમ માટે વ્યકિતઓ કુર્બાન થાય છે. એકનો હાથ કાપવાથી અન્ય બદમાશો ચોરી કરવાથી દૂર રહેશે અને નેક લોકો આરામથી જિંદગી જીવી શકશે.

**સવાલ** : હાથ કાપવાથી ફાયદો શો છે ?

**જવાબ** : હાથ ચોરીનો નિમિત્ત છે તો નિમિત્ત જ ખત્મ કરી દો ! ન રહે બાંસ ન બઝે બાંસરી ! વળી તે શખ્સ હરતી ફરતી જાહેરાત બની જશે અને લોકો માટે સબક મેળવવાનુ સાધન બનશે, કેમ કે તેને જોઈને લોકો ચોરીથી તૌબા કરશે અને તે પોતે પણ પોતાનો કપાયેલો હાથ જોઈને ફરી ચોરી કરવા વિશે વિચારશે નહીં.

**સવાલ** : જ્યારે ચોરીમાં હાથ કાપવામાં આવ્યો કે જેના થકી ચોરી કરવામાં આવે છે તો ઝિનામાં ઝાની (વ્યભિચારી)નું અંગ કાપો જેનાથી ઝિના થાય છે ! એમાં સજા (પથ્થરો મારી મારી નાખવું) શા માટે કરો છો ?

**જવાબ** : ચોરી કેવળ હાથ વડે થાય છે, નહીં તો ત્યાં જવું, આંખ વડે માલ જોવો એ ચોરીનાં પ્રાથમિક કામો છે. ઝિનામાં એથી ઉલ્ટુ છે કે તે તો તમામ શરીરથી થાય છે અને આખા શરીરને આનંદ મળે છે. વિર્ય પણ શરીરના દરેક અંગના લોહી વડે બને છે.

**સવાલ** : ઈસ્લામમાં ઝિનાની સજા મૌત (સંગસારી) શા માટે છે ? જીવના બદલે જીવ હોય, નહીં કે ગુનાહના બદલે ?!

**જવાબ** : વ્યભિચારી એક બાળકની આખી પેઢી ખરાબ કરે છે કે તેને હરામી બનાવે છે. હરામી હોવું હલાકતની જેમ છે. જેથી ઝાની જાણે એક નસલનો કાતિલ છે, જેથી તેનો જીવ લો !

**સવાલ** : એનું શું કારણ છે કે કાતિલથી કેસાસ (બદલો) તલ્વારથી લેવામાં આવે છે પણ ઝાનીની જાન પથરાવ કરીને કાઢવામાં આવે છે ? જે કત્લથી બદતર છે. શું ઝિના કત્લથીયે બદતર છે ?

**જવાબ** : હા ! કાતિલ કત્લ થનારની ફકત જાન લે છે પણ ઝાની બાળકની નસલને ખરાબ કરે છે અને જેનાથી ઝિના કરે છે તે તેણીની બલ્કે આખા ખાનદાનની આબરૂ જીવથી વિશેષ પ્રિય ચીજ છે. તેમ જ ઝિના મોટી ખૂનરેઝીનો ઝરીયો છે એનાથી (ઝઘડામાં) સંબંધીઓની ઘણી જાનો જઈ શકે છે. જેથી એને રોકવા માટે સબક આપે તેવી સજા આપવી જ જરૂરી છે. હાબીલનુ ખૂન કાબીલના ઝિનો કરવાને કારણે જ થયું. જાણવા મળ્યું કે **પ્રથમ ખૂન ઝિનાના કારણે થયુ હતું.**

**સવાલ** : શું કારણ છે કે ઝિનાના (વ્યભિચારની) સજા સંગસાર (પથરાવ) કરવું છે ? પણ સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય (લવાતત) જે ઝિનાથીયે બદતર છે તેની આ સજા નથી ! એમાં કેવળ ચેતવણી (ધમકાવવું) છે.

**જવાબ** : એટલા માટે કે લવાતતમાં કોઈ બાળકનો વંશ નથી બગડતો, હા ! એ અતિશય બેશર્મીનું કામ છે એટલા માટે લૂતી (સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય કરનાર) ની જાન લેવી જરૂરી નથી.

**સવાલ** : એનું શું કારણ છે કે જુગાર રમનારની સજા નિશ્ચિત નથી ? પણ શરાબ માટે ૮૦ કોરડા નિશ્ચિત છે. જ્યારે શરાબ તથા જુગાર બંને સરખાં ગુનો છે ?

**જવાબ** : સરખો ગુનોહ નથી ! શરાબથી બુધ્ધિ જતી રહે છે જેનાથી ઈન્સાન સેંકડો ગુનાહો કરી શકે છે. કેમ કે જુર્મોને રોકનારી ચીજ બુધ્ધિ જ હતી, જ્યારે તે ખત્મ થઈ ગઈ તો હવે જુર્મથી કોણ રોકે ? જેથી એની સજા સખત છે. શરાબ ખરાબીઓનું જડ છે.

**સવાલ** : ઈસ્લામે જેલની સજા કેમ નથી રાખી ?

**જવાબ** : એટલા માટે કે જેલ રાજા તથા પ્રજા બંનેના માટે મુસીબત છે અને એનાથી ગુનાહ ઓછા નથી થતા. કેમ કે જેલના કારણે હુકૂમત પર ખૂબ ખર્ચો આવે છે જેને પૂરો કરવા માટે કયાં તો મુજરિમથી દંડ લેવો પડે છે અથવા પ્રજા પાસેથી ટેકસ. અને મુજરિમ જ્યારે સમજે છે કે જુર્મની સજા જેલ છે જ્યાં મફતમાં રોટીઓ મળશે, તો તે જુર્મ પર દિલેર બની જાય છે. કેટલાક ગરીબોને કહેતાં સાંભળ્યા છે કે ચોરીમાં ફાયદો છે !





કેમ કે જો બચી ગયા તો માલ હાથ આવશે અને જો પકડાઈ ગયા તો બે વર્ષ મફતની રોટી મળશે ! ફાકાથી તો બચીશું ! એટલા માટે જુર્મ વધતો જાય છે, સજાઓ થતી જાય છે, પણ જો બે ચાર હાથ કપાઈ જાય તો ઈન્શાઅલ્લાહ ચોરીનો ખાત્મો થઈ જાય.

**સવાલ** : ઈસ્લામે દંડની સજા કેમ ન રાખી ?

**જવાબ** : એટલા માટે કે તેનાથી જુર્મ ઘણા જ પ્રમાણમાં વધશે. અને ગુનાખોરીવાળો તબકો મોટા ભાગે ગરીબ છે જેમનાથી દંડ વસૂલ નથી થઈ શકતો, જેથી તેઓ જુર્મ માટે દિલેર બનશે કે હુકૂમત અમારી પાસેથી શું લઈ લેશે ? રહ્યો અમીર તબકો (વર્ગ), તો પણ જુર્મ કરવા દિલેર બનશે કે જુર્મ કરી લો દંડ ભરી દઈશું ! વળી હુકૂમત પણ જુર્મ વધે તેવું ચાહશે કેમ કે જુર્મ થકી દંડની આવક થશે. અને પોતાની આવક કોને બુરી લાગે ! સારાંશ કે ઈસ્લામનો મતલબ કુકર્મો (બદમાશી) મિટાવવાનો છે, ન કે બદમાશોથી કમાવું છે.

**સવાલ** : કાબીલ પાસેથી હાબીલનો કેસાસ (ખૂનનો બદલો ખૂન) કેમ ન લેવામાં આવ્યો. તે કત્લ બાદ પોતાની બહેન અકલીમાને અદનમાં લઈને ભાગ્યો. જેનાથી તેની ઔલાદ થઈ, તેણે મોટા ગુનાહો કર્યા અને તે પોતાના મૌતે મર્યો. તેને પહેલાં જ કેમ ન મારી નાખવામાં આવ્યો ?

**જવાબ** : એનાં ત્રણ કારણો છે, એક એ કે તે સમય સુધીમાં હજી કેસાસના હુકમો આવ્યા ન હતા. બીજુ એટલા માટે કે આદમ (અલૈહિસ્સલામ)ને કત્લની શરઈ ગવાહી ન મળી શકી. ત્રીજુ એટલા માટે કે આદમ (અલૈહિસ્સલામ) કત્લ થયેલ હાબીલના વલી હતા અને કત્લ થનારના વલી (વાલી)ને માફીનો હક્ક છે.

**સવાલ** : કાબીલે હાબીલને કત્લ કર્યો, તેને સખ્ત મુજરિમ ઠરાવવામાં આવ્યો. **ફઅસ્બહ મિનલ્ ખાસિરીન.** બલ્કે દુનિયાની સર્વ કત્લોમાં તેનુ નામ રાખવામાં આવ્યું. કિન્આને નૂહ (અલૈહિસ્સલામ)ની વિરૂધ્ધતા અપનાવી તો તેને કાફિર ઠરાવવામાં આવ્યો. પણ હઝરત યૂસુફ (અલૈહિસ્સલામ) ના ભાઈઓને આટલો માટો જુર્મ કર્યો તેમ છતાં તેમને કેટલાકે નબી માન્યા અને સહાબી અથવા વલી તો સૌ માને છે. હઝરત

યૂસુફ (અલૈહિસ્સલામ)એ તેમને તારાના સ્વરૂપમાં જોયા. જુર્મ સરખો છતાં પરિણામમાં ફરક શાથી ?

**જવાબ** : બે કારણે, એક તો એ કે કાબીલે ઔરતના ઈશ્કમાં કત્લ કરી અને કિન્આને કાફિરોની મહોબ્બતમાં પયગંબરને નારાજ કર્યા. તેમના જુર્મની બુનિયાદ નાજાઈઝ પર હતી. પણ યૂસુફ (عليه السلام)ને ભાઈઓએ આ સૌ યાકૂબ (عليه السلام)ની મહોબ્બત અને તેમના નૂરે નઝર બનવાની લાલચમાં કર્યું કે જો યૂસુફ (અલૈહિસ્સલામ) ન હોય તો અમે તેમના મહબૂબ બેટા થઈશું. તેમણે જુર્મ કર્યા પણ જુર્મનું કારણ પયગંબરની મહોબ્બત હતી, જેથી ફરક રહ્યો અને તેમને તૌબા નસીબ થઈ. બીજુ એ કે તે ભાઈઓએ યાકૂબ તથા યૂસુફ (અલૈહિમુસ્સલામ)થી માફીઓ મેળવી, જ્યારે તે બંનેવ આવું ન કરી શકયા.

**સવાલ** : મુર્તદને કત્લ શા માટે કરવામાં આવે છે ? મઝહબની આઝાદી હોવી જોઈએ !

**જવાબ** : એટલા માટે કે મુર્તદ હુકૂમતના બાનીનો બાગી છે કે રબની વફાદાર પ્રજા બનીને ફરી ગયો. અને મૂળ કાફિર તો પ્રજા બનતો જ નથી. જ્યારે આ જૂઠી હુકૂમતોનો બાગી (દેશદ્રોહી) કત્લનો હકદાર છે તો પછી હકીકી સલ્તનતનો બાગી (દ્રોહી એટલે મુર્તદ યાને કલ્મો પઢીને ફરી જાય) પણ કત્લનો અધિકારી થવો જાઈએ. ઈસ્લામે દીની આઝાદી આપી છે. અને કોઈ કાફિરને ઈસ્લામ કબૂલવા મજબૂર નથી કર્યો. કરોડો કાફિરોને ઈસ્લામી સુલ્તાનોએ હિફાઝતમાં રાખેલા છે.

**સવાલ** : શું ઉસ્તાદ પાસેથી શાગિર્દનો બદલો લેવામાં આવશે ?

**જવાબ** : જો શાર્ગિદને કત્લ કે ઝખ્મી કરી દીધો છે તો જરૂર બદલો લેવામાં આવશે. પણ કોઈ વાંક હેઠળ ધબ્બો મારવાનો કે સોટી મારવાનો બદલો ન થશે. હા ! ઉસ્તાદ માટે પણ એ છે કે જુર્મ પ્રમાણે સજા, વધારે શિક્ષા ન કરે. (શામી)

**સવાલ** : તો પછી હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) એ એક મૌકા પર એક સહાબીને શા માટે ફર્માવ્યું કે મારાથી તમારો બદલો લો !





જ્યારે કે નબીનો હક્ક ઉસ્તાદથી કેટલાયે અંશે અધિક છે !

**જવાબ** : ઉમ્મતની તાલીમના માટે એ પ્રમાણે કર્યું, કે જ્યારે હું પયંગબર થઈને આટલી કાળજી રાખુ છું તો તમારે ખૂબ જ અધિક પ્રમાણમાં સાવધાની રાખવી જોઈએ. તેમ જ એ અંદેશાએ કે કયાંક સજા કુસૂર કરતાં અધિક આપવામાં આવી હોય.

# ☆ તરીકતનાં રહસ્યો ☆

**સવાલ** : શરીઅતને શરીઅત શા માટે કહે છે ? અને તરીકતનું નામ તરીકત શા માટે છે ?

**જવાબ** : શરીઅત શરઅથી બન્યું અર્થાત પહોળો સીધો રસ્તો. રબ ફર્માવે છે : شِرْعَةً وَّمِنْهَاجًا તરીકત તરીકતથી બન્યું અર્થાત તંગ તથા ગુંચવણવાળો માર્ગ. એનાથી છે, **અતરક ફુમ.** શરીઅત ઈસ્લામનો તે માર્ગ છે જેના પર દરેક વ્યકિત આંખ મીંચીને ચાલી શકે છે. તરીકતમાં રહસ્યોની તે ગુંચવણભરી અને સાંકડી ગલી કૂચીઓ છે જેને ભોમિયા સિવાય બીજો પાર પાડી શકતો નથી. શરીઅતમાં આસાની છે પણ કામયાબી મોડેથી મળે છે, જ્યારે તરીકત કઠિન છે પણ ખૂબ જ જલ્દી હેતુ સુધી પહોંચાડી આપે છે. ગલીઓ મારફતે જલ્દી પહોંચી જવાતુ હોય છે.

# ☆ શરીઅત અને તરીકતમાં ફરક ☆

**સવાલ** : શરીઅત અને તરીકતમાં તફાવત શું છે ?

**જવાબ** : જિસ્મે પાકે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની હાલતોનું નામ 'શરીઅત' છે અને પાક દિલના અહવાલનુ નામ 'તરીકત' છે અને પાક સર (માથા)નું નામ 'હકીકત' છે, રૂહ પાકની હાલતોનુ નામ મઅરેફત છે. મતલબ કે ઝાતે પાકે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم આ ચારેવનું મર્કઝ (કેન્દ્ર) છે. આપનુ જિસ્મ પાક શરીઅતનુ મર્કઝ અને મુબારક દિલ તરીકતનુ મર્કઝ છે.

**સવાલ** : શરીઅત તથા તરીકતનો આપસમાં શો સંબંધ છે ?

**જવાબ** : શરીઅત કવચ છે અને તરીકત અંદરનુ મગ્ઝ (મીજ). કવચ

મીજ વિના નકામુ છે અને મીજ કવચ વિના સુરક્ષિત નથી. બદામનુ છીલકુ જયારે મીજથી અલગ થાય છે તો તેની કાંઈ કિંમત નથી રહેતી. એ જ પ્રમાણે બદામનુ મીજ કવચથી કોઈ પણ જાનવરનો ખોરાક બની જાય છે. શૈતાનની ઈબાદત મીજ વિનાના કવચ રૂપી હતી, જેથી તેની કોઈ કિંમત ન રહી. 'જાહિલ સૂફી'ની ઈબાદતો કવચ વિનાના મીજ જેવી છે જેથી સતત ભયમાં છે અને તે શૈતાનનો મસ્ખરો છે. તરીકત જાણો કે 'હકીકત' છે અને શરીઅત જાણો કે 'મજાઝ'. તરીકત સમુદ્ર છે અને શરીઅત જહાઝ. જે કહે કે હવે દુનિયામાં વલી કોઈ નથી તે જૂઠો છે. કેવી રીતે શકય છે કે મજાઝ છે અને હકીકત ન રહે. શરીઅત ઝાડ છે અને તરીકત તેનુ ફળ ફુલ. શરીઅત રસ્તો છે અને તરીકત મંઝિલે મકસૂદ, શરીઅત મેહફૂઝ કિલ્લો છે અને તરીકત તે કિલ્લાનો મેહફૂઝ ખજાનો, શરીઅત ગાઝીનો ઝંડો છે અને તરીકત ઘરનો પર્દો.

## ☆ પીરની જરૂરત શા માટે ☆

**સવાલ** : પીરની શું જરૂરત છે ? શું હિદાયત માટે પયગંબર પૂરતા નથી ?

**જવાબ** : જેવી રીતે ખુદા સુધી પહોંચવા માટે પયગંબરની જરૂરત એવી જ રીતે રસૂલ સુધી પહોંચવા માટે પીરની જરૂરત છે. જેવી રીતે કૂતરાના ગળામાં માલિકનો પટ્ટો હોવો જોઈએ એવી જ રીતે આ કૂતરાના ગળામાં પણ મુર્શિદનો પટ્ટો હોવો જોઈએ કે આ નફ્સ કૂતરો છે, તેને આઝાદ ન રહેવા દો, તેના ગળામાં જંઝીર નાખીને કોઈના હવાલે કરી દો. જંઝીરમાં કડીઓ હોય છે અને છેલ્લી કડી પટ્ટામાં અને પ્રથમ કડી માલિકના હાથમાં. મશાઈખના શજરા તેની જંઝીરની કડીઓ છે જેની પ્રથમ કડી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હાથ મુબારકમાં છે અને છેલ્લી કડી આપણા નફ્સના ગળામાં છે. જે કોઈ શમ્અ (દીવા)થી દૂર હોય તેણે જોઈએ કે એવા આઈનાઓની સામે બેસે જ્યાંથી નૂરનું પરાવર્તન થઈને આવી રહ્યું છે. મશાઈખ (પીરો)નાં દિલો સાફ આઈના છે. મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم નો પાક જમાલ શમ્અ છે. જે કોઈ વરસાદ ન પામે તે તળાવ (નહેર)થી મેળવે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રહમતની વર્ષા છે અને મુર્શિદ તળાવ, તમારા





ઈમાનની ખેતીઓ તેના વડે સૈરાબ કરો. મશાઈખ (પીરો) ખાસ મુસીબતમાં કામ આવે છે. યાકૂબ علیہ الصلوٰۃ والسلام કિન્આનમાં હતા અને અહીં ઝલેખાએ યૂસુફ علیہ الصلوٰۃ والسلام ને ગુનાહના ઈરાદાથી રોકયા. નજમુદ્દીન કુબરાએ ઈમામ રાઝીને મૃત્યુવેળાએ ઈમદાદ કરી. રબ તઆલા ફર્માવે છે, **યૌમ નદઊ કુલ્લ ઉનાસિમ્ બિઈમામિહિમ્** ''કિયામતના દિવસે અમે સૌને ઈમામ (સરદાર)ની સાથે બોલાવીશું.'' જો પીર ન હોય તો કોની સાથે ઉઠશો ? દિલનો સંબંધ શરીરની સાથે નસોના થકી બાકી રહેલો છે અને હુઝૂર વિશ્વનું દિલ છે અને પીરો દુનિયારૂપી શરીરની રગો છે. પાવર હાઉસનો સંબંધ આખા શહેર સાથે વીજળીના તાર થકી થાય છે, ઉલમાએ કિરામ એ તારોના થાંભલા છે. બીલ્લોરી કાચ વડે સૂર્યનાં કિરણો કપડાને સળગાવી દે છે, આપણા દિલો કપડાં છે અને હુઝૂર સૂર્ય અને કામિલ પીર બીલ્લોરી કાચ જેમ છે. જો આ વાસ્તો (માધ્યમ) મૌજૂદ ન હોય તો ઈશ્કની જલન ઉદ્દ્ભવ પામશે નહીં.

**સવાલ** : સહાબાએ કિરામ કોઈનાથી બય્અત કે મુરીદ હતા કે નહીં ?

**જવાબ** : સહાબાએ કિરામે ઘણી બય્અતો કરી. પ્રથમ તો ઈસ્લામ લાવતી વખતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે બય્અત કરી. પછી ખાસ કરારો (વાયદા) વખતે બય્અત કરી જેમ કે હુદૈબિયહ્માં બય્અતે રિદ્વાન થઈ હતી. રબ તઆલા ફર્માવે છે, إِنَّ الَّذِينَ يُبَايِعُونَكَ إِنَّمَا يُبَايِعُونَ اللَّهَ પછી ખુલફાએ રાશિદીનના હાથો પર બય્અત કરી, જેથી તે હઝરાત મુરીદ હતા. બેપીરો તો બેનૂરો રહે છે !

**સવાલ** : શું એક બય્અત પૂરતી નથી ? તેમણે અનેક બય્અતો શા માટે કરી ?

**જવાબ** : બય્અત કેટલાક પ્રકારની હોય છે. તેમની પ્રથમ બય્અત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હાથ મુબારક પર ઈસ્લામની બય્અત હતી. પછી ખાસ પ્રસંગોએ ખાસ બય્અત થઈ. પછી ખુલફાએ રાશિદીનના હાથ પર થયેલી બય્અત બે બય્અતો પર આધારિત હતી, એક બય્તે સલ્તનત અને બીજી બય્અતે તરીકત. ખુલફાએ રાશિદીનના સમય સુધી દરેક સુલ્તાન શયખ (પીર) પણ હોતો હતો, કેમ કે તેમની ખિલાફત રાશિદા

હતી. તેમના પછી સુલ્તાનો એવા પાયાના (કક્ષાના) ન રહ્યા જેથી તેમનાથી કેવળ સલ્તનતની વફાદારીની બય્અત કરવામાં આવી. આજે જેને વફાદારીની કસમ કહે છે અને પીરો મશાઈખથી તરીકતની બય્અત થતી રહી.

**સવાલ** : મુરીદનો અર્થ શું છે અને એ કયા શબ્દથી બન્યો છે ? તેને બય્અત શા માટે કહે છે ?

**જવાબ** : આ શબ્દ 'ઈરાદા'થી બન્યો છે અર્થાત નિશ્ચય કરવો. તેનો માખઝ આ આયત છે : يُرِيْدُوْنَ وَجْهَ اللّٰهِ وَاُولٰٓـئِكَ هُمُ الْمُفْلِحُوْنَ જેથી મુરીદનો અર્થ થયો, ઈરાદો કરનાર. કેમ કે **મુરીદ અલ્લાહની રઝા (રાજીપા)નો તાલિબ થઈને શૈખ (પીર)ની પાસે જાય છે,** જેથી તેને 'મુરીદ' કહે છે. બય્અત 'બય્અ'થી બનેલ છે અર્થાત વેચવું. કેમ કે મુરીદ પીરના હાથ પર વેચાઈ જાય છે જેથી તેનાથી બય્અત થઈ ગયો.

**સવાલ** : મુરીદ બનવાનો મકસદ શું છે ? અને મુરીદ થતી વખતે પીરના હાથમાં હાથ શા માટે આપે છે ?

**જવાબ** : અલ્લાહ عزوجل થી વાયદો કરવો કે મૌલા તઆલા હું તારો આજ્ઞાંકિત બંદો બનીને રહીશ, પણ અલ્લાહ عزوجل સુધી આપણી પહોંચ નથી જેથી તેના કોઈ નેક બંદાના હાથ પર આ વાયદો કરીએ છીએ. જેમ કે જ્યારે ખુદાને સિજદો કરવો હોય તો કા'બાને સામે રાખીને એ દિશામાં સિજદો કરી લઈએ છીએ. કા'બા નમાઝનો કિબ્લો છે, જ્યારે પીર વાયદાનો. બાદશાહના ગવર્નર પાસે બાદશાહના માટે વફાદારીની કસમ (કરાર) લઈએ છીએ પણ સામે ગવર્નર હોય છે. એ જ પ્રમાણે સામે તો પીર હોય છે પણ કસમ તથા વાયદો રબથી કરીએ છીએ. એટલા માટે રબ તઆલાએ ફર્માવ્યું : يَدُ اللّٰهِ فَوْقَ اَيْدِيْهِمْ વળી કરાર (વાયદો) કરતી વખતે હાથ પણ મિલાવતા હોય છે કે આવો ! હાથ મિલાવો ! એટલા માટે બય્અત કરતી વખતે પીરના હાથમાં હાથ આપે છે.

**સવાલ** : તરીકતના સિલસિલા કેવળ ચાર છે, વધારે કે ઓછો કેમ નથી ?





**જવાબ** : એ કુદરતી વાત છે, કેમ કે રબને ચારની સંખ્યા ઘણી પસંદ છે. મોટા ફરિશ્તા ચાર છે : જિબ્રઈલ, મિકાઈલ, ઈસ્રાફીલ, ઇઝરાઈલ (અલૈહિમુસ્સલામ). આસ્માની કિતાબો ચાર, અંબિયા વ મુરસલીન ચાર, શરીઅતના સિલસિલા ચાર : હનફી, શાફઈ, માલિકી, હંબલી. બલ્કે ઈન્સાનના ખમીરમાં ચાર ચીજો : આગ, પાણી, હવા, માટી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના યાર ચાર; જેથી તરીકતના સિલસિલા પણ ચાર. એક ઈમારતમાં કાટખૂણે બનતા ખૂણા ચાર જ હોઈ શકે છે. જો વધ ઘટ થઈ જાય તો કાટખૂણાથી નાના કે પહોળા થઈ જશે. ઈસ્લામની ઈમારતમાં શરીઅત તથા તરીકતના સૌ ખૂણા કાટખૂણે (૯૦ અંશ) છે, જેથી ચાર ચાર હોવા જોઈએ.

**સવાલ** : સૂફિયાએ કિરામ કુર્આનથી દમ દુરૂદ (કુર્આન પઢીને ફૂંક મારવાનુ) શા માટે કરે છે ? એનાથી તાવીઝ શા માટે લખે છે ? કુર્આનનુ નુઝૂલ હુકમો (અહકામ) માટે છે નહીં કે ઈલાજ કરવા માટે ?!

**જવાબ** : કુર્આનનુ નુઝૂલ કેવળ અહકામ માટે નથી, એનાથી ઘણા ફાયદાઓ છે. સવાબ માટે તિલાવત, નમાઝમાં કિરાઅત, ખાવા પર **બિસ્મિલ્લાહ** પઢવી, છીંક વગેરે પર **અલ્હમ્દુલિલ્લાહ** પઢવું, શરીઅતના હુકમો લાગુ પાડવા. રબ તઆલા ફર્માવે છે :

وَنُنَزِّلُ مِنَ الْقُرْاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّرَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ

કુર્આન શિફા પણ છે અને રહમત પણ. જો કુર્આન કેવળ અહકામના માટે હોત તો તેમાં મન્સૂખ તથા ઝાત તથા સિફતોવાળી આયતો ન હોત, પણ કેવળ અહકામની આયતો હોત. જ્યારે આપણે જાહેરી અંગો અને ઈબાદત અને દુનિયવી ચીજોથી સેંકડો ફાયદા પ્રાપ્ત કરી લઈએ છીએ. તો શું અલ્લાહનુ કલામ એ ચીજોથી પણ કમ છે ?! જ્યારે એક વીજળી થકી રોશની, હવા, સમાચાર પહોંચાડવા, રેડિયો, તાર, ટેલિફોન, રેલ્વે ગાડી, ટેલીવિઝન, મશીનરીઓ વગેરે ચાલે છે વગેરે સેંકડો કાયદા તેનાથી હાંસલ થઈ શકે છે, જો કે તે એક તાર છે, તો પછી કુર્આન જે નૂર છે તેના કેટલા ફાયદા હોવા જોઈએ.

**સવાલ** : મોઢાનો શ્વાસ વૈજ્ઞાનિક કાયદા હેઠળ ઝેરીલી છે તેનાથી પાણી પર દમ કરવો બીમારીનો સબબ થશે !

**જવાબ** : આપે એટલુ તો માની લીધું કે જે બહારની હવા શરીરના આંતરિક ભાગોને મળીને આવે તો તેમાં બીમાર કરવાની તાસીર પેદા થઈ જાય છે. એટલુ અધિક માની લો કે જે હવા જીભથી સ્પર્શીને આવે, જેણે હમણા કુર્આન પઢેલું છે તો તેમાં તંદુરુસ્ત કરવાની તાસીર પેદા થઈ જાય છે.

**સવાલ** : જ્યારે કુર્આની આયતો નૂર તથા શિફા છે તો જોઈએ કે દરેક શખ્સ તેના પર અમલ કરી લીધા કરે. અમલો તથા વઝીફાઓમાં ઈજાઝતની અને ઈલ્મે દીનમાં દસ્તારબંદી તથા સનદની શરત શા માટે છે ? અમલ આગની તાસીર ધરાવે છે અને આગનું જલાવવુ ઈજાઝત પર અવલંબિત નથી.

**જવાબ** : અમલો તથા વઝીફાઓ અને ઈલ્મમાં બે નૂર છે, એક તો શબ્દોનું બીજુ આમિલ અથવા આલિમની ઝબાનના શબ્દોના સવાબનુ નૂર છે.આમિલના અસરની કામયાબીનો દરવાજો ઈજાઝત મળવાથી ખુલે છે. આ અસર સીનાએ પાકે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم થી પાક સીનાઓ થકી એવી રીતે પહોંચે છે જેવી રીતે આયના પર પડીને શમ્અનું નૂર આગળ વધે છે. તલ્વારમાં ધાર અને વાર બંને હોવાં જરૂરી છે. વાર શીખ્યા વિના ધાર બેકાર છે, એ વારના માટે શયખની ઈજાઝતની જરૂરત છે, નહીં કે ધારના માટે.

**સવાલ** : જ્યારે કુર્આન તથા હદીષ નૂર તથા શિફા છે તો શૈખની બય્અત, ઉસ્તાદની શાગિર્દી, ઈમામોની તકલીદ સૌ બેકાર છે !

**જવાબ** : દવાની શિફા તબીબ થકી જાહેર થાય છે. તબીબ નબ્ઝ જોવાની તથા બીમારીને ઓળખવાની ઘણી ફી લઈ લે છે. એ જ પ્રમાણે મશાઈખે એઝામ દિલની બીમારીના તબીબ છે, કુર્આન તથા હદીષ દવાઓ છે અને મુહદ્દિષો તથા મુફસ્સિરો જાણે કે રૂહાની અત્તાર છે. તેમની પાસે હદીષો તથા આયતો એવી છે જેવી રીતે અત્તારની દુકાનમાં સાફ સુનહરી





બેહતરીન દવાઓ તેની દુકાનમાં છે. સર્વ કાંઈ છે પણ તબીબની તજવીઝ દવાઓ વિના બીમારના માટે લાભદાગી નથી.

**સવાલ** : તાવીઝ શા માટે લખવામાં આવે છે ? તેનાથી શો ફાયદો છે ?

**જવાબ** : જેવી રીતે અમુક મખ્લૂકનાં નામોમાં તાષીર છે કે કોઈને ઉલ્લુ, ગધેડો કહી દો તો તે નારાજ થઈ જાય છે અને હઝરત કિબ્લા, કા'બા કહી દો તો ખુશ થઈ જાય છે. જ્યારે કે ઉલ્લુ, ગધેડો પણ મખ્લૂક છે અને હઝરત કિબ્લા, કા'બા પણ મખ્લૂક છે. એવી જ રીતે ખાલિકના વિવિધ નામોમાં વિવિધ અસરો છે. શાફીમાં શિફાની, ગફ્ફારમાં બખ્શિશની, પછી ભલે તે અલ્લાહના નામો લખીને પાસે રાખો કે પછી પઢીને દમ કરો, તો જરૂર અસર કરશે. જો પ્યાજની ગાંઠ પાસે હોય તો લૂ અસર નથી કરતી, એવી જ રીતે રબનુ નામ સાથે હોય તો બલાઓ અસર નથી કરતી, તદ્ ઉપરાંત બલાઓ આપણા પર ગુનાહોની નહૂસતના લીધે આવે છે અને રબનાં નામો ગુનાહને દૂર કરે છે, જેવી રીતે પાણી ગંદકીને દૂર કરે છે, જેથી તેનાથી શિફ મળે છે.

**સવાલ** : તો પછી દુરૂદથી શો ફાયદો !

**જવાબ** : જેવી રીતે જો હવા બાગમાં થઈ આવે તો દિમાગને સુગંધિત કરી દે (તાઝગી બખ્શે) છે અને ઉકરડાથી આવે તો દિમાગને ખરાબ કરી દે છે, આગથી સ્પર્શીને આવે તો દઝાડે છે, બરફને સ્પર્શીને આવે તો ઠંડક પહોંચાડે છે. કોહે મરીની હવા તપવાળાઓને શિફા આપે છે કેમ કે ચીળનાં ઝાડથી ટકરાઈને બીમારને લાગે છે. એવી જ રીતે જે જીભથી ઝિક્રુલ્લાહ કરવામાં આવેલ હોય તેને સ્પર્શીને જે હવા નીકળે તે બીમારને તંદુરુસ્તી આપે છે. સહાબાએ કિરામ હુઝૂરના બાલ શરીફ, લિબાસ શરીફને ધોઈને બીમારોને પીવડાવતા હતા. ખૂદ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم બીમારોના માટે પાણીમાં પોતાની મુબારક આંગળીઓ ડબોડયા કરતા હતા. ઈસા علیہ الصلوٰۃ والسلام દમ વડે મુડદાને જીવતુ કરતા હતા, કેમ કે તે ખૂદ હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام ના દમથી પેદા થયા હતા અને જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام રૂહુલ અમીન છે.

**સવાલ** : તો પછી જાતે જ કુર્આન પઢીને દમ કરી લેવું જોઈએ અથવા

લખીને બાંધી લેવું જોઈએ ! એ કામ પીરો પાસે શા માટે કરાવે છે ?!

**જવાબ** : કુર્આની આયતો કારતૂસની જેમ છે અને નેક બંદાઓની જીભો રાયફલ છે. કારતૂસથી ત્યારે જ શિકાર થઈ શકે છે જ્યારે કે રાયફલ વડે તેનો ઉપયોગ કરાવમાં આવે. આપણી જીભો એ દરજ્જાની નથી.

**સવાલ** : પીરોના વઝીફા વિવિધ શાથી છે ? કોઈ જોરથી ઝિક્ર કરાવે છે કોઈ મુરાકેબો ! જ્યારે ઝિક્ર એક છકે તો આ મતભેદ શાથી ?

**જવાબ** : જેવી રીતે દાકતર તથા યૂનાની તબીબ બીમારોનો ઈલાજ તો એ જ જડીબુટ્ટીથી કરે છે પણ વિવિધ રીતો વડે કરે છે. વળી યૂનાની તબીબોમાં પણ લખનવી તબીબોની ઈલાજ કરવાની રીત અલગ છે, દિલ્હીવાળાઓની કાંઈ અલગ છે. જ્યારે કે દવાઓ પણ એક જ છે અને સૌ બૂ અલી સીનાને અનુસારા છે. એ જ પ્રમાણે આ ઈમાનના તબીબો જો કે હુઝૂરનુ જ નામ લેવાવાળા છે તથા કુર્આન વ હદીષની દુઆઓથી ઈલાજ કરે છે, પણ ઈલાજનો તરીકો અલગ છે. અને સૌ દુરુસ્ત છે.

**સવાલ** : સૂફીઓ ચિલ્લાં શા માટે કરાવે છે ? તેનાથી શો ફાયદો છે ?

**જવાબ** : નફસને માત અને દિલની સફાઈના માટે એકાંત તથા ઝિક્રે ઈલાહી ખૂબ જ ફાયદાકારક છે. દિલના આયના માટે ગૈરોની સોહબત એવી છે જેવી રીતે કાચના માટે ધૂળ, અને દુનિયવી ઉલઝનો એવી છે જેવી રીતે લોખંડના માટે જમીન કે પાણી કે જેનાથી કાટ લાગી જાય છે. ચિલ્લામાં આ ચીજોથી અલિપ્ત રહેવાય છે જેથી દિલની સફાઈ હાંસલ થાય છે. રબ તઆલાએ મૂસા عليه الصلوة والسلام ને તૌરાત આપવા માટે તૂર પર બોલાવ્યા તો તેમની પાસે ૪૦ દિવસ ચિલ્લુ કરાવ્યું. ફર્માવે છે : وَاِذْ وٰعَدْنَا مُوْسٰٓى اَرْبَعِيْنَ لَيْلَةً. હુઝૂર صلى الله تعالى عليه وسلم એ નબુવ્વત એલાન પહેલાં છ મહીના ગારે હિરામાં ચિલ્લાં કર્યાં.

**સવાલ** : તો ચિલ્લાઓ માટે ૪૦ દિવસ જ શા માટે નિશ્ચિત છે ?

**જવાબ** : રૂહાની તથા જિસ્માની તરક્કીઓના માટે ૪૦ની સંખ્યા માનીતી





છે. આદમ عليه الصلوة والسلام નુ ખમીર ૪૦ સાલ સુધી સૂકવવામાં આવ્યું. બાળક માંના પેટમાં ૪૦ દિવસ નુત્ફો, ૪૦ દિવસ જામેલુ લોહી, પછી ૪૦ દિવસ સુધી ગોશ્તનો ટૂકડો રહે છે, પેદાઈશ પછી માંને ૪૦ દિવસ સુધી નિફાસ આવી શકે છે. ૪૦ વરસની વયે બુધ્ધિ પુખ્તા થાય છે. એટલા માટે મોટા ભાગના પયગંબરોની નબુવ્વત ૪૦ વરસે જાહેર થઈ એટલે ચિલ્લા માટે ૪૦ દિવસ નિશ્ચિત થયા.

## ☆ ઉર્સનું રાઝ ☆

**સવાલ** : સૂફીઓનો ઉર્સ શાથી મનાવવામાં આવે છે ?

**જવાબ** : શરીઅતમાં નમાઝો, હજ્જ તથા મદીના મુનવ્વરાની ઝિયારત વડે મુસલમાનોને ભેગા થવાનો મોકો આપવામાં આવે છે જેથી સંબંધો સ્થપાય, એવી જ રીતે તરીકતવાળાઓને એકત્ર કરવા માટે ઉર્સ નિશ્ચિત કરવામાં આવ્યા છે. જેમાં એક પીરના મુરીદો આપસમાં એકબીજાથી મળીને સંબંધો કાયમ રાખી શકે છે. તેમ જ સામાન્ય મુસલમાનોને ઉર્સ થકી પીરની તલાશનો મોકો મળી જાય છે, કેમ કે એક જગાએ હજારો અહલે દિલ ભેગા થઈ જાય છે. ઉલમાને મદ્રસાઓના વાર્ષિક જલ્સા, કોન્ફરન્સો થકી એકત્ર કરી શકાય છે. આ ઉર્સ સૂફીઓની કોન્ફરન્સો છે. એની અસ્લ હદીષ શરીફથી છે કે નબી صلى الله تعالى عليه وسلم સાલમાં એકવાર ઓહદના શહીદોની ઝિયારત ફર્માવતા હતા.

**સવાલ** : તેને ઉર્સ શા માટે કહે છે ?

**જવાબ** : એટલા માટે કે ઉર્સનો અર્થ છે શાદી (ખુશી). એટલા માટે દુલ્હાને અરૂસ કહે છે. બુઝુર્ગોની વફાત પોતાના પ્યારા આકા પોતાના મહબૂબ صلى الله تعالى عليه وسلمથી મુલાકાતનો ઝરીયો છે, જેથી તે તેમની શાદીનો દિવસ છે. તેમજ મુન્કર નકીર (નકીરૈન) તેમને ઈમ્તેહાન કામયાબ પામીને તેમને અર્ઝ કરે છે : نَمْ كَنَوْمَةِ الْعَرُوْسِ " હે અલ્લાહના બંદા ! દુલ્હાની જેમ સૂઈ જા ! જેથી તેમની વફાતનો દિવસ ઉર્સનો દિવસ કહેવાય છે.

## ☆ કવ્વાલી વિશે ખુલાસો ☆

**સવાલ** : અમુક ઉર્સોમાં કવ્વાલી થાય છે અને અમુકમાં નહીં. કવ્વાલી

(વાજિંત્રો સાથે) તો બુરી ચીજ છે એ કેમ થાય છે ? હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તો ગાવા વગાડવાથી મના કરતા હતા !!

**જવાબ** :– ગાના બરાએ રોના...................... કવ્વાલી (વાજિંત્રો વગાડયા વગર)★ એક દર્દની દવા છે, જેને દર્દ હોય તે ઉપયોગ કરે ! બીજો તેનાથી અલિપ્ત રહે. જે ગાવાથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મના કર્યું છે તે ખરાબ અખ્લાકવાળા વાહિયાત (જેમ કે ફિલ્મી ગીતો, વાજિંત્રોની મહેફિલ) ગીતો ગાય વગાડે છે. કવ્વાલી (વાજિંત્રો વિનાની જેમ કે નઅ્તની મેહફિલમાં હોય છે) ગાનારા સાંભળનારા સૌ દર્દવાળા હોવા જોઈએ.

**સવાલ** :– કવ્વાલી વગેરેમાં વજ્દ તથા રકસ શા માટે કરે છે ? શરીર શા માટે હલાવે છે ?

**જવાબ** :– પ્યારાનો ઝિક્ર વજ્દ તથા શોખપૂર્વક સાંભળવો જોઈએ. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કુર્આન પાકની તિલાવતમાં એવી રીતે હાલતા હતા જેવી રીતે સવારની ઠંડી હવાથી કુમળી ડાળીઓ હાલે છે, તિલાવત કરનાર, મહબૂબનો ઝિક્ર કરનાર, મહબૂબનો ઝિક્ર સાંભળનાર જાણે ઈસ્લામના બાગનું ઝાડ છે અને મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلمનો ઝિક્રે પાક જાણે કે રહમતની ઠંડી હવા છે. સહીહ તરીકાથી સાબિત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કસીદા બુર્દાના અમુક શેઅરો પર ઝુમી ઉઠયા, તેને અશ્આરે માઈલહ્ કહે છે. હજી પણ હુકમ છે કે એ કસીદાના એ શેઅરોને ઝુમીને પઢવા જોઈએ. આખુ કુર્આન વજ્દની જેવી સ્થિતિ પેદા કરીને ઝુમતા ઝુમતા (હાલતાં હાલતાં) પઢવું જોઈએ. રબ તઆલા ફર્માવે છે : تَقْشَعِرُّ مِنْهُ جُلُوْدُ الَّذِيْنَ يَخْشَوْنَ رَبَّهُمْ "અમારા કલામથી ડરનારાઓનાં શરીરનાં રૂવાંઓ ઉભાં થઈ જાય છે." અને રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلمના ઝિક્ર પર જાનવરો, પથ્થરો બલ્કે લાકડીઓને વજ્દ થયું છે, જેમ કે હદીષોથી સાબિત છે. મૂસા علیہ الصلوٰۃ والتسلیم તો દીદારે યારમાં બેહોશ થઈને જમીન પર આવી ગયા હતા, પહાડ

★ અહીં કવ્વાલીથી મુરાદ વાજિંત્રો વિના જેમ કે નઅતની મેહફિલ હોય છે. કારણ કે **વાજિંત્રો સાથે કવ્વાલી હરામ છે**, તેમાં હાજર રહેનાર સૌ ગુનેહગાર છે અને તે સૌનો ગુનોહ કવ્વાલો તથા આયોજકો પર છે અને દરેકના ગુનાહમાં પણ કાંઈ કમી થશે નહીં. [વધુ માટે વાંચો કિતાબ **અહકામે શરીઅત–૧, પેજ–૬૧,૬૫, અઝ : ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رضی اللہ عنہ]

(અઝ : અનુવાદક)





ફાટી ગયા. اَنَا اللّٰهُ اِنِّیْ રબ તઆલા ફર્માવે છે કે, "જો પહાડ પર કુર્આન ઉતારત તો તે ખૌફે ઈલાહીથી ફાટી જાત."

**સવાલ** :– તો પછી એવું હોવું જોઈએ કે બધા બુઝુર્ગો કવ્વાલી (વાજિંત્ર વિના) સાંભળ્યા કરે, વજ્દ કર્યા કરે, જ્યારે કે અમુક સૂફીઓ એનાથી પરહેઝ કરે છે.

**જવાબ** :– અમુક બુઝુર્ગો પર ઈતાઅત તથા ફર્માંબરદારીનો ગલ્બો (પ્રભાવ) છે અને અમુક પર ઈશ્ક તથા મહોબ્બતનો પ્રભાવ છવાયેલો હોય છે. પહેલા પ્રકારના હઝરાત એનાથી દૂર રહે છે, બીજા પ્રકારવાળા સાંભળે છે. ઔલિયા સહાબાના અને સહાબા અંબિયાએ કિરામના નકશે કદમ પર છે. અમુક સહાબા જેમ કે હઝરત ઉમર رضی اللہ عنہ પર ઈશ્કનો ગલ્બો વધુ હતો એ જ પ્રમાણે અંબિયામાં મૂસા علیہ الصلوٰۃ والتسلیم પર ઈશ્કનો પ્રભાવ વિશેષ હતો, ઈસા علیہ الصلوٰۃ والتسلیم તારિકુદુન્યા હતા, સુલૈમાન علیہ الصلوٰۃ والتسلیم સાહિબે તખ્તો તાજ (સુલ્તાન) હતા, આપણા પ્યારા મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم સર્વ ખૂબીઓનો સમુહ છે. આવી બાબતોના કારણે વિવિધતા જોવા મળે છે.

**સવાલ** :– કેટલાક લોકો શરીઅતની વિરૂધ્ધ કામ કરે છે અને લોકો તેમને બુઝુર્ગ માને છે ! આ કેટલા અંશે યોગ્ય છે ? શું બેનમાઝી વલી હોઈ શકે છે ?

**જવાબ** :– કેટલાક સૂફી અક્કલ ગુમાવી બેસે છે જેમને મજઝૂબ કહેવામાં આવે છે, તેમના પર ઘણા બધા શરીઅતના હુકમો જેમ કે નમાઝ, રોઝા વગેરે લાગુ નથી થતા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે, "ત્રણ શખ્સો પરથી કલમ ઉઠાવી લેવામાં આવેલ છે; બાળક, પાગલ તથા મજનૂન (મજઝૂબ). એવા લોકો અલ્લાહના પ્યારા છે. તેમના પર વાંધા ન ઉઠાવો." પણ **જેમના હોશ હવાસ ઠેકાણે હોય છતાં પણ શરીઅતની વિરૂધ્ધ કામો કરે તે "સૂફી" નથી પણ "શૈતાન" છે.** જ્યારે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم પર શરીઅતના હુકમો લાગેલા રહે છે તો બીજાની ગણત્રી જ શું ? એ પણ યાદ રાખશો કે દરેક દીવાનો મજઝૂબ નથી.

**સવાલ** :– કેટલાક મશહૂર બુઝુર્ગો થકી શરીઅત વિરૂધ્ધ વાતો જાહેર

થઈ છે. કોઈએ કહ્યું; "અનલ્ હક્ક", કોઈએ કહ્યું, "સુબ્હાની મા આ'ઝમ ષાની". આશ્ચર્ય છે કે ફિરઔને ખુદાઈનો દાવો કર્યો તો કાફિર થયો અને મન્સૂર ખુદાઈ દાવો કરે તો મોમિન રહે ! આવું થઈ શકે છે ?

**જવાબ :–** તે બુઝુર્ગોથી આવા શબ્દો બેખૂદી અને ઈશ્કના નશામાં નીકળ્યા છે. જાહેર છે કે તેમના પર શરઈ હુકમો એટલે કે કુફ્રનો ફત્વો લાગુ નથી કરી શકાતો. તે સમયે જીભ તેમની હતી અને કલામ રબનું હતું. જેમ કે ફોટોગ્રાફરની રેકોર્ડ અથવા રેકોર્ડની પટ્ટી કે તે ખૂદથી નથી બોલતી, અવાજ તેમાંથી નીકળે છે પણ બોલનાર કોઈ બીજો હોય છે. તૂરે સીનાના ઝાડેથી અવાજ આવતો હતો કે "યા મૂસા ઈન્ની અનલ્લાહ !" "હે મૂસા ! હું અલ્લાહ છું !" આ કલામ રબનું હતું અને ઝાડ તેનુ મઝહર (ઉદ્ભવ સ્થાન). શું તે ઝાડ કાફિર થઈ ગયું ?! હરગિઝ નહીં. એ જ પ્રમાણે એ હઝરાતની હાલત છે. જ્યારે ફિરઔનની હાલત એવી ન હતી. (જેથી તે કાફિર કર્યો).

**સવાલ :–** કેટલાક સૂફિયાએ કિરામ 'વહદતુલ વજૂદ'ને માનનારા છે એ કયાં સુધી દુરુસ્ત છે ? શું આખુ વિશ્વ ખુદા છે ? મઆઝલ્લાહ ! એક શખ્સ કહે છે , "હું તું છે ખુદા, દરેક દરો દીવાર ખુદા છે" આવો અકીદો રાખનારો મુસલમાન કેવી રીતે થઈ શકે છે ? હિંદુ બે ખુદામાં માને તો મુશ્રિક ! અને આ અઢાર હજાર આલમને ખુદા માને છતાં મોમિન રહે ?!

**જવાબ :–** 'વહદતુલ્ વજૂદ'નો અર્થ એ નથી કે દરેક ચીજ ખુદા છે. તેનો અર્થ છે, "ખુદા સિવાય કાંઈ નથી." પ્રથમ વાત કુફ્ર છે ન કે બીજી. તેઓનું એવું ફર્માન છે :**હમા નેસ્તન્દ આંચેહ્ હસ્તી.** ટૂંકમાં એમ સમજો કે દીવાલનો પડછાયો દીવાલથી અલગ મુસ્તકીલ વજૂદ નથી ધરાવતો. અરીસાઓના રૂમમાં કોઈ શમ્અ જલાવે તો હજારો વિવિધ આઈનાઓમાં તેનાં પ્રતિબિંબો જોવા મળશે. શમ્અ વિવિધ નથી બલ્કે તેનાં પ્રતિબિંબો વિવિધ છે જેમનું ગૈર મુસ્તકિલ વજૂદ તે એક મુસ્તકિલ શમ્અને આધારિત છે. તેઓ ફર્માવે છે કે એ જ પ્રમાણે વિશ્વની ચીજો ખૂદ મુસ્તકિલ રીતે કાંઈ જ નથી, આ રબના જલ્વા છે જેનું વજૂદ કેવળ એતબારી છે. અસલ વજૂદ તો તે જ માઅ્બૂદ છે.

તેઓ કહે છે : لَا مَوْجُوْدَ اِلَّا هُوَ એ કેવળ સમજાવવા માટે





કહેવામાં આવ્યું, નહીં તો તેમની નજીક તે આવ્યું પણ એતબારી અને એતબાર પણ એતબારી છે. વાકેફિયત રબના સિવાય કોઈનામાં નથી. તેના સિવાય કાંઈ કહેવાની ગુંજાઈશ નથી.

**સવાલ :–** કેટલાક મુરીદો પોતાના પીરના સિવાય કોઈ બુઝુર્ગને નથી માનતા ! દરેક વખતે પોતાના પીરની જ ચર્ચા કરતા રહે છે અને બીજી ચર્ચાને પસંદ નથી કરતા. શું આ યોગ્ય છે ?

**જવાબ :–** માનવું અલગ વાત છે અને દરેક વખતે કોઈની ચર્ચા કરતા રહેવું અલગ વાત છે. દરેક મુરીદ સર્વ બુઝુર્ગોને માને છે પણ હરદમ પોતાના પીરનો દમ એટલા માટે ભરે છે કે તેને રૂહાની નેઅમતો તેના થકી મળી છે. કૂતરો પોતાના માલિક પાછળ જ પૂછડી હલાવતો હોય છે, કેમ કે તેના હાથથી ટૂકડા ખાઈ છે. શાગિર્દ પોતાના જ ઉસ્તાદના ગુણ ગાય છે પણ સર્વ આલિમોને માનતો હોય છે. જો કોઈ બદબખ્ત મુરીદ અન્ય બુઝુર્ગોનો મુન્કિર હોય તો તે, તે શૈખ (પીર)ના ફૈઝથી પણ મેહરૂમ રહેશે. મશાઈખના સિલસિલા જાળના ફંદા છે જો એક ખુલી ગયું તો સર્વ ખુલી જશે. કોઈ નબીનો મુન્કિર શરીઅતની રૂએ કાફિર છે, જ્યારે કોઈ વલીનો મુન્કિર તરીકતનો મુજરિમ છે. **ખાક પાએ ગૌષે આ'ઝમ ઝેરે સાયા હર વલી.**

**સવાલ :–** કેટલાક લોકો કોઈ બુઝુર્ગના જંગલમાં શિકાર નથી કરતા અથવા ત્યાં કોઈ જાનવરને નથી મારતા. મખ્દૂમ સૈયદ અશરફ જહાંગીર કછોછવી رحمۃ اللہ علیہના તલાવની માછલીઓ કોઈ નથી પકડતું. શું તે જાનવર હરામ અથવા શિકાર હરામ છે ? તથા મુસલમાનોનું આ કૃત્ય ઈમાન વિરૂધ્ધ છે કે નહીં ?

**જવાબ :–** ન એ જાનવર હરામ છે ન તેમનો શિકાર, સૌ હલાલ છે. તેમના શિકારથી બચવાનુ હુર્મત (હરામ હોવા)ના કારણે નહીં, બલ્કે નુકસાનથી બચવાના માટે છે. જેમ કે કફવાળો માણસ દહીં અને લસ્સીથી બચે છે, અથવા દરેક શખ્સ ખારા પાણીથી બચે છે, કેમ કે આ ચીજો હરામ નથી પણ નુકસાનકર્તા છે. કેટલાક બુઝુર્ગોના જંગલોમાં જાનવરોના શિકાર કરવામાં લોકોએ નુકસાન વેઠવું પડયું, તો અનુભવ થતાં શિકાર ત્યજી દીધો.

તેનો આધાર (અસ્લ) એ છે કે સાલેહ عليه السلام ની ઊંટણી કે તે હરામ ન હતી પણ તેને તકલીફ આપવાનું તકલીફદાયક સાબિત થયું. એટલા માટે તેમ કરવાથી મના કરી દેવામાં આવ્યું, નહીં તો હલાલ છે. પાછલા પયગંબરોની કુર્બાનીઓ કે તેમનો ગોશ્ત કોઈ ખાઈ શકયું ન હતું. હુઝૂર عليه السلام જ્યારે કૌમે સાલેહ عليه السلام ના કૂવા આગળથી એક સફરમાં પસાર થયા તો સહાબાએ કિરામને તે કૂવાના પાણીથી રોકી દીધા, એટલુ જ નહીં જે લોકોએ એ પાણીથી આટો ગુંદી લીધો હતો તે પણ ફેંકાવી દીધો. તે પાણી હરામ ન હતું પણ તેનો ઉપયોગ નુકસાનકર્તા હતો. હરમે મદીનાનો શિકાર અહનાફ (હનફીઓ) નજીક હરામ નથી, ન તેનાથી બદલો વાજિબ, પણ તેનાથી બચવું લાઝિમ છે. હરમે મદીનાના કબૂતરો કોઈ નથી મારતુ કેમ કે તે કૃત્ય નુકસાનકર્તા થશે, જ્યારે કે કબૂતર હલાલ છે.

**સવાલ** :– સૂફિયાએ કિરામ દુઆઓના પ્રારંભમાં **અલ્લાહુમ્મ** શા માટે લગાડે છે ? અલ્લાહની સાથે **મીમ** કેવી ? જો કહેવામાં આવે કે આ શબ્દ અસલમાં **યા અલ્લાહ** હતો, **યા** ને બદલે **મીમ** લગાડી છે તો **મીમ** ને બદલે કોઈ અન્ય અક્ષર કેમ ન લગાડયો ?

**જવાબ** :– એટલા માટે કે **મીમ** રબનાં ૨૦ નામોમાં આવે છે જેમ કે...

مُومِنٌ مُهَيْمِنٌ - مَالِكٌ - ملك - مُقْتَدِرٌ - كَرِيْمٌ - رَحِيْمٌ - حَلِيْمٌ - رَحْمٰنٌ

વગેરે. જેથી જો કોઈ અલ્લાહની સાથે **મીમ** લગાડીને પોકારશે તો જાણે તેણે રબને એવાં નામો સાથે યાદ કર્યો. અને દરેક નામની અસર વિવિધ હોય છે જેથી તમામ અસરો પ્રાપ્ત થઈ. એટલા માટે હુઝૂર عليه السلام ના ઘણા અસ્મા શરીફમાં **મીમ** આવે છે. જેમ કે **મુહમ્મદ, અહમદ, મુસ્તફા, મુજતબા** વગેરે... કેમ કે અલ્લાહની ઝાત તથા સિફતોના મઝહર છે, જેથી અલ્લાહમાં અલ્લાહનું નામ અને મુહમ્મદની **મીમ** આવી ગઈ. જાણે કે દુઆમાં હુઝૂર عليه السلام નો વસીલો પણ હાંસલ થઈ ગયો.

**સવાલ** :– સૂફિયાએ કિરામ તવજ્જોહ આપ્યા કરે છે, તેની શી હકીકત છે ?

**જવાબ** :– તવજ્જોહનો મતલબ છે ધ્યાન આપવું, પોતાના દિલને કોઈના તરફ લગાડી દેવું. સૂફિયાએ કિરામનું દિલ કામિલ નૂરાની હોય છે, અને





આ'લા નૂરની ખાસિયત રોશની પણ છે અને પાક કરવું અથવા ફયૂઝ પહોંચાડવું પણ છે. જુઓ સૂર્યનાં નૂરાની કિરણો રોશનીની સાથે ગંદી જમીનને સુકી કરીને પાક પણ કરી નાખે છે અને ખેતીઓ પણ પકાવે છે. ચંદ્રનાં નૂરાની કિરણો ફળોમાં દૂધ પેદા કરે છે. તારાઓનાં કિરણો ફળોમાં લિજ્જત તથા રંગત ભરે છે એ જ પ્રમાણે શૈખના દિલનાં નૂરાની કિરણો મુરીદના દિલમાં સફાઈ, ઈમાની કુવ્વત વગેરે પેદા કરી આપે છે. મેસ્મેરીઝમવાળા આંખના કિરણો થકી વજની ચીજો ખેંચી લે છે, નિગાહ વડે કાચ તોડી કાઢે છે. હુઝૂર عليه السلام એ આંગળી મુબારકની નૂરાનિયત વડે આસ્માન પર ચંદ્રના ટુકડા કરી દીધા. એ જ પ્રમાણે શૈખની તવજ્જોહથી મુરીદને ફાયદો પહોંચે છે જે તમામ ફાયદાઓથી આ'લા (ઉચ્ચ) છે.

**સવાલ** :– તસવ્વૂરનો શૈખ શા માટે કરવામાં આવે છે ? એ તો મુશ્રિકો જેવું કૃત્ય છે !

**જવાબ** :– તસવ્વૂરનો અર્થ છે ખયાલ કરવો કે ખયાલ રાખવો. બંદાએ જોઈએ કે રબની કુદરત તથા સલ્તનતનો ખયાલ રાખે કે જેથી એ ખયાલ તેને ગુનાહોથી રોકે. બાળક ઉસ્તાદને ગાફેલ જોઈને રમવા કૂદવા લાગે છે પણ જો પાછળથી ઉસ્તાદ જોઈ રહ્યો છે તો બરાબર પઢતો રહે છે. આ ખયાલ નેકીઓનું મૂળ છે. فان لم تكن تراه فانه يراك દરેકનો એ જ મકસદ છે. પણ ઈન્સાન જોયા વિનાની જાતનો ખયાલ નથી રાખી શકતો. ન આપણે રબને જોયો છે ન રસૂલની ઝિયારત કરી છે. મજાઝ હકીકતની સીડી છે. શૈખને એ ખયાલથી જોયો છે કે તે અલ્લાહ વ રસૂલનો પ્યારો છે. એ લેહાઝથી જો શૈખની સૂરતને ધ્યાનમાં રાખવામાં આવે તો એ શકલ આઈનએ હકનુમા બની જશે. પછી રબની સિફતો પર ધ્યાન જામી જશે જે મૂળ ધ્યેય છે.

**સવાલ** :– શું તસવ્વુરે શૈખની કાંઈ અસ્લ છે પણ કે પછી કેવળ સૂફીઓની કાઢેલ ચીજ છે ?

**જવાબ** :– તેની અસ્લ એ છે કે સહાબાએ કિરામ હુઝૂર صلى الله تعالى عليه وسلم ના તસવ્વુરમાં રહે છે. કેટલીકવાર રિવાયત કરતાં ફર્માવી દેતા હતા : كانّى انظر الى رسول الله ﷺ "જાણે હું હુઝૂર صلى الله تعالى عليه وسلم ને અત્યારે જોઈ

રહ્યો છું.'' આ તસવ્વુર જમાવવા માટે હુલિયા શરીફ (દેખાવ) સંપૂર્ણપણે બયાન કરતા હતા, એકબીજાને સંભળાવ્યા કરતા હતા. કબરમાં પણ એ જ તસવ્વુરની પરીક્ષા થશે. કે અંતિમ સવાલ એ જ થશે કે તમે આ કાળી ઝુલ્ફોવાળા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلمને કેવા જાણો છો ? એ જ તસવ્વુરની કામયાબી પર એ આખરી પરીક્ષાની કામયાબી અવલંબિત છે.

**સવાલ** :– શું તસવ્વૂરે શય્ખ કે તસવ્વૂરે રસૂલ નમાઝમાં પણ કરવો દુરુસ્ત છે ?

**જવાબ** :– શયખનો તસવ્વુર નમાઝમાં ઈરાદાપૂર્વક ન લાવો, કેમ કે એ ખુશૂઅ (એકાગ્રતા)ની વિરૂધ્ધ છે, ઈરાદા વિના આવી જાય તો વાંધો નથી. પણ તસવ્વુરે રસૂલ નમાઝમાં રાખવો જરૂરી છે, કેમ કે નમાઝ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની અદાઓનું નામ છે. જેની અદાઓની નકલ કરી રહેલ છે તેનો ખયાલ પણ જરૂર રાખો. તેમજ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمનું નામ શરીફ નમાઝમાં આવી જાય છે. કુર્આને કરીમમાં રસૂલ, નબી તથા મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ઠેક ઠેકાણે આવે છે. **અત્તહિય્યાત**માં સ્પષ્ટ રીતે નામ શરીફ લઈને સલામ અર્ઝ કરવામાં આવે છે. **(અસ્સલામુ અલૈક ઐયુહન્નબી** એટલે **યા નબી સલામ અલૈક** એટલે **હે નબી ! આપ પર સલામ હજો !)** સહાબાએ કિરામ رضی اللہ عنہم એ ચાલુ નમાઝની હાલતમાં હુઝૂરની તા'ઝીમ કરી છે. સિદ્દીકે અકબર رضی اللہ عنہ નમાઝ પઢાવી રહ્યા છે એવામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના આગમનની ખબર આપી અને એ જ ટાઈમે સિદ્દીકે અકબર મુકતદી બનીને સફમાં આવી ગયા અને હુઝૂર નમાઝની વચમાંથી ઈમામ બની ગયા. (બુખારી શરીફ) આ તો તસવ્વુરથીય વિશેષ થયું !

**સવાલ** :– સૂફીઓ મુરાકબો શા માટે કરાવે છે ? એનાથી શો ફાયદો છે ?

**જવાબ** :– મુરાકબો 'રુકબા'થી બન્યો, જેનો અર્થ છે ગરદન ઝુકાવવી. કેમ કે મુરાકબામાં ગરદન ઝુકાવવામાં આવે છે, જેથી તેને મુરાકબો કહે છે. એમાં બે ફાયદા છે. એક તો વિચારવું તથા ચિંતન મનન કરવું. સૂફિયાએ કિરામની દ્રષ્ટિએ **એક પળનું ચિંતન એક વરસના ચિંતન વિનાના ઝિક્ર કરતાંય અફઝલ છે.** ઈન્સાન ચિંતન મનનની પળોમાં માથુ ઝુકાવી લે છે. જાણે કે મોમિન માથુ ઝુકાવીને રબની ખાસ સિફતને સોચે છે. આ વિચારવાનો હુકમ કુર્આનમાં પણ છે :–





اَفَلَا يَتَدَبَّرُوْنَ الْقُرْاٰنَ یَا اَوَلَمْ يَنْظُرُوْا فِیْ مَلَكُوْتِ السَّمٰوٰتِ وَالْاَرْضِ

બીજુ એ કે દિલ (કલ્બ)માં પણ એક નૂર છે અને દિમાગમાં પણ નૂર છે, જેથી જ્યારે દિમાગના ચિંતનને દિલ સાથે જોડવામાં આવે તો બે નૂરો ભેગાં મળીને નૂરુલ આ'લા નૂર બની જાય છે જેનાથી દિલ તથા દિમાગ બંનેમાં સફાઈ પેદા થાય છે. દિલના નૂરે દિમાગની અને દિમાગના નૂરે દિલની રોશનીમાં ઉમેરો કર્યો. કેટલાક અરસા પછી તે મુરાકબામાં શૈખ આખા વિશ્વને બલ્કે આલમના ખાલિકના નૂરને પામે છે. મેસ્મેરીઝમવાળા દ્રષ્ટિ જમાવવાની પ્રેકિટસ કરી લે છે તો તેમની નજરમાં અજબની તાસીર જન્મે છે, તો જે દિલ પર ખયાલ જમાવે તે કેટલી શકિતઓનો માલિક બનશે. એ જ શકિતઓનો ઉલ્લેખ કસીદએ ગૌષિયહ્‌માં ફર્માવવામાં આવ્યો છે.

**સવાલ** :– કુર્આને કરીમે ''રાસિખીન ફિલ્ ઈલ્મ''ની ઘણી તારીફ કરી છે. આ 'રાસિખીન' કોણ લોકો છે અને તેમને રાસિખીન શા માટે કહેવામાં આવે છે ?

**જવાબ** :– 'રાસિખીન ફિલ ઈલ્મ' તે ઉલમા છે જેમને તસવ્વુફનો પણ હિસ્સો મળ્યો છે. ''રાસિખ'' તે ઝાડ છે જેનાં ઘણા મૂળીયાંઓ જમીનમાં ફેલાયેલાં હોય અને તે મજબૂતીથી જડાયેલું હોય. છોડ જો કે જમીન પર ઉભો છે પણ મજબૂત નથી. એ જ પ્રમાણે ઈલ્મના ત્રણ સ્થાનો છે; દિલ, દિમાગ અને જીભ. જીભ વડે ઈલ્મનું બયાન, દિલ થકી મઅરેફત અને દિમાગ થકી હિફ્ઝ (યાદ) કરાય છે. તેમ જ 'રાસિખ' તે દુકાન છે જેમાં ત્રાજવું હોય કે જે કાંઈ દુકાનમાં આવે તે તોલાઈને આવે અને જે જાય તે વજન થઈને જાય.

એ જ પ્રમાણે 'રાસિખ' આલિમ તે છે જે પોતાના દરેક ઈલ્મને શરીઅતના ઈલ્મથી તોલી લે અથવા 'રાસિખ' આલિમ તે છે જેને ઈલ્મની સાથે ઈશ્ક પણ હોય. એ જ ઈશ્કવાળો ઈલ્મ અલ્લાહની મઅરેફતનો ઝરીયો છે. તેની જ રબ તઆલાએ તારીફ ફર્માવી છે. ઈશ્ક વિનાનો ઈલ્મ હિજાબ (પડદો) છે : **અલ ઈલ્મુ હિજાબિ** પણ કહેવામાં આવ્યું છે કે **બેઈલ્મ નાતવાં**

**ખુદારા શનાખ્ત** (જાહિલ રબને ઓળખી શકતો નથી.) કયાંક ફર્માવ્યું : وَأَضَلَّهُ اللّٰهُ عَلٰى عِلْمِهٖ અને કયાંક ફર્માવ્યું : إِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمَاءُ

**નોંધ :– 'અલ્હમ્દુલિલ્લાહ !** તસવ્વુરે શૈખનું મઝમૂન (લખાણ) લખ્યા બાદ હઝરત કારી સૂફી ગુલામ નબી સાહબ સાથે મારી મુલાકાત થઈ. તેમણે ખૂદ દર્શાવ્યું કે પ્રારંભમાં તસવ્વુરે શયખમાં મારો એ હાલ થયો કે મને નમાઝમાં એવું મેહસૂસ થતુ હતું કે હું મારા શયખની પેશાની પર સજદો કરી રહ્યો છું. કેટલાક દિવસો બાદ તે શયખની શકલ જમાલે મુસ્તફા જણાવા લાગી. પછી તરક્કી થઈ તો દરેક બાજુ નૂરે ઈલાહી જલ્વાગર દેખાવા લાગ્યું. હજી પણ મને મારી પેશાની અને આંખોમાં અલ્લાહ લફ્ઝ મેહસૂસ થાય છે. **અલ્હમ્દુલિલ્લાહ !** એક **સાહિબે હાલ** શયખુલ વકતના બયાનથી મારા આ **કાલ**નુ સમર્થન થયું. રબ તઆલા પોતાનાં પ્યારાંઓના તુફૈલ મુઝ ગુનેહગારને એ **હાલ** નસીબ કરે, આમીન.

**સવાલ :–** કેટલાક સૂફીઓ દુનિયાને બુરી શા માટે જાણે છે ? જો દુનિયા બુરી ચીજ છે તો રબ તઆલાએ પેદા શા માટે ફર્માવી અને કેટલાક મશાઈખ દુનિયામાં મશગૂલ શાથી થાય છે ?

**જવાબ :–** તેમની પરિભાષામાં દુનિયા તે છે જે રબ તઆલાથી ગાફિલ કરી દે. રિયાકારીની ગુફા દુનિયા છે અને રબની રઝાના માટે વેપાર કરવો પણ દીન છે. એ કારોબારને જેમણે ગફલતનો સબબ જાણ્યો તેઓ અલગ રહ્યા. જેમણે તેને અપનાવ્યો તેઓ તેમાં ફસાયેલા રહ્યા. તેમના માટે આ દુનિયા નથી બની.

**સવાલ :–** દુનિયાને દુનિયા શા માટે કહે છે ? તેનો અર્થ શો છે ?

**જવાબ :–** આ શબ્દ (દુનિયા)થી બન્યો છે, એટલે કે નઝદીકી, કેમ કે દુનિયા ફનાની નિકટ છે જેથી દુનિયા છે અથવા **દનાઅતુન્**થી બન્યો, અર્થાત : ઝિલ્લત તથા ખુવારી. કેમ કે તે તુચ્છ તથા ઝલીલ છે. પણ ખયાલ રાખશો કે દુનિયા ઝીરોની જેમ ખાલી છે. ઝીરો જો એકલો હોય તો ખાલી છે (તેની કોઈ કિંમત નથી) પરંતુ જો કોઈ આંકડા સાથે મળી જાય તો તેને દસ ગણો કરી આપે છે. એક ને દસ





અને દસને સો બનાવી દે છે. એ જ પ્રમાણે દુનિયા મીંડુ (૦) (ઝીરો) છે અને આખેરત આંકડો છે, જયારે તે આખેરતને મળે તો દસ ગણી કરી દેશે. مَنْ جَاءَ بِالْحَسَنَةِ فَلَهُ عَشْرُ أَمْثَالِهَا પણ ખયાલ રાખશો કે જો મીંડુ (૦) મુકતદીની જેમ આંકડાની જમણી બાજુ રહે તો દસ ગણુ કરે છે, પરંતુ તે ઈમામ બનીને ડાબી બાજુ રહે તો પછી ખાલી છે ! એ જ પ્રમાણે જો આખેરત મૂળ ધ્યેય હોય અને દુનિયા ગૌણ હોય તો બહાર (વસંત) છે અને જો દુનિયા મૂળ ધ્યેય હોય તો બેકાર છે.

**સવાલ :–** તો પછી દુનિયવી એહકામમાં ફરક શાથી છે ?

**જવાબ :–** એટલા માટે કે મીંડુ (૦) આંકડાને દસ ગણો કરે છે, જેવો આંકડો તેવો તેનો વધારો. હજારને દસ હજાર અને લાખને દસ લાખ બનાવે છે. જે લોકોની આખેરત મોટા આંકડાની જેમ ઉચ્ચ શાનવાળી છે તેમની દુનિયા પણ ઉચ્ચ હોય છે અને જેમની આખેરત મામૂલી છે તેમની દુનિયા પણ મામૂલી. અંબિયાએ કિરામની દુનિયા આપણી દુનિયાથી આ'લા છે, કેમ કે તેમની આખેરત પણ આ'લા (ઉચ્ચ) છે.

**સવાલ :–** દુનિયા ફાની (નાશવંત) અને આખેરત બાકી (સદા રહેનારી) શાથી છે ? બંનેનો ખાલિક **હૈયુ** તથા **બાકી** છે. મખ્લૂકમાં તફાવત શાથી ?

**જવાબ :–** મોટા ભાગે દુનિયામાં આપણા કસબ (આપણી કોશિશ)ને દખલ છે અને આપણે નાશવંત છીએ જેથી આપણા કસબ પણ નાશવંત. આખેરતની ચીજો આપણા કસબ (પ્રયત્નો)માંથી નથી પણ ડાયરેકટ અલ્લાહથી સંબંધિત છે, જેથી બાકી છે. જેમ કે, ગેસ અને સૂર્યનુ નૂર. અને જો દુનિયાને દીનથી મિલાવી દો તો પછી ઈન્શાઅલ્લાહ એ પણ ફનાથી મેહફૂઝ રહેશે. પાંદડું થડ સાથે જોડાયેલું રહેશે તો સૂકાઈ જશે નહીં, પરંતુ અલગ થાય તો તરત જ સૂકાઈ જાય છે. બગડનારાં ફળો ચાસણીમાં રાખી દેવામાં આવે તો લાંબા ગાળા સુધી નથી બગડતાં. કેટલીક ચીજોમાં મસાલો લગાડી દેવામાં આવે તો સલામત રહે છે. એ જ રીતે નફ્સાની ચીજો દિલી નૂર સાથે મળી જાય તો સલામત થઈ જાય છે, જેમ કે અમલો. مَا عِنْدَكُمْ يَنْفَدُ وَمَا عِنْدَ اللّٰهِ بَاقٍ

# ★ ઈસ્લામી અકીદાઓ ★

**સવાલ :** સહીહ અકાઈદ (અકીદાઓ)ને ઈમાન શા માટે કહે છે ? ઈમાનનો અર્થ શો છે ?

**જવાબ :** ઈમાન 'અમ્ન'થી બનેલ છે. જેનો મતલબ 'સલામતી' છે, જેથી તેનું નામ ઈમાન થયું. બંદો એ અર્થમાં 'મો'મિન' છે કે પોતાને અઝાબથી મેહફૂઝ રાખે છે. રબ એ અર્થમાં 'મો'મિન' છે કે તે નેક બંદાઓને અઝાબથી બચાવે છે.

**સવાલ :** કાફિરને મુસલમાન બનાવતી વખતે કલમો શા માટે પઢાવવામાં આવે છે ? ઈસાઈઓની જેમ Baptism (એક ઈસાઈ વિધિ) અથવા આર્યોની જેમ કોઈ ચીજ કેમ ખવડાવતા નથી ?

**જવાબ :** ઈમાન ઈલ્મ છે અને ઈબાદતો અમલ. ઈલ્મનો દરજો અમલથી પહેલાં છે, ઈમાન અલ્લાહ તથા રસૂલને માનવું છે, ઈબાદતો તેની ફર્માંબરદારી કરવું છે. માનવું ફર્માંબરદારીથી અગ્રસ્થાને છે. પ્રથમ તબ્લીગમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કાફિરોને એ જ સવાલ કર્યો હતો કે كَيْفَ اَنَا فِيْكُمْ બતાવો ! હું તમારામાં કેવો છું ? જાણવા મળ્યું કે અલ્લાહ તથા રસૂલની મઅરેફત અગ્રસ્થાને છે. અમલો દુનિયામાં જ રહી જાય છે પણ ઈમાન સાથે જાય છે, જન્નતમાં અમલ હશે નહીં પણ ઈમાન હશે.

**સવાલ :** કલ્મામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નામને રબના નામ સાથે શા માટે મિલાવ્યું છે ?

**જવાબ :** કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રબનો કુર્બ (નિકટતા) છે, જેથી તેમના નામને રબના નામની સાથે મિલાવવામાં આવ્યું. જુઓ 'મુહમ્મદ'માં ચાર હર્ફ (અક્ષરો) છે, ચારેવ નુકતા વિનાના અને એક પર તશ્દીક છે. એ જ રીતે 'અલ્લાહ'માં ચાર હર્ફ છે, સૌ નુકતા વિનાના અને એક તશ્દીદ છે પણ તશ્દીદ પર ખળા ઝબરથી જાણવા મળ્યું કે રબ શહેનશાહ છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم વઝીરે આઝમ. વળી, لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ માં બાર હર્ફો છે. એ જ પ્રમાણે محمد رسول الله માં પણ બાર. અબૂબક્ર





સિદ્દીક અને ઉમર ઈબ્ને ખત્તાબ અને ઉસ્માન ઈબ્ને અફ્ફાન અને અલી ઈબ્ને અબી તાલિબ આ સૌ નામોના બાર હર્ફો છે. વળી, રબનું નામ 'હામિદ' છે, હુઝૂરનું નામ 'મુહમ્મદ'. મહબૂબનું નામ શરીફ 'અહમદ', રબનું નામે પાક 'મહમૂદ'. એટલે રબ તેમનો હામિદ અને તે રબના.

**સવાલ :** ઈસા علیہ الصلوٰۃ والتسلیم ચોથા આસ્માન પર છે અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્શ (જમીન) પર જલ્વા અફરોઝ છે. સાબિત થયું કે અલ્લાહની વધુ નિકટતા (કુર્બ) ઈસા علیہ الصلوٰۃ والتسلیم ને હાંસલ છે.

**જવાબ :** કેવળ ઉપર નીચે હોવા પર કુર્બનો આધાર નથી. મોતી સમુદ્રમાં નીચે રહે છે અને પાણીનો પરપોટો ઉપર. અશ્રફુલ મખ્લૂકાત ઈન્સાન જમીન પર રહે છે અને ચાંદ, તારા, સૂરજ આસ્માન પર, માણસ જમીન પર સૂએ છે જ્યારે પક્ષીઓ ઝાડો પર. ઈસા علیہ الصلوٰۃ والتسلیم નુ ચોથા આસ્માન પર જવું દુશ્મનોથી મેહફૂઝ રહેવા માટે હતું, અને મેઅરાજમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નુ અર્શ પર જવું મહેમાનીના રૂપે હતું અને મેઅરાજમાં હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم નુ અર્શ પર જવું મહેમાનીના રૂપે હતું, એ તૂરની મેઅરાજ અને ચોથા આસ્માન સૌથી અફઝલ છે. હુઝૂરના મો'જિઝાઓ અસંખ્ય છે અને કુર્બે ઈલાહી બેહદ છે.

**સવાલ :** જ્યારે ઈસા علیہ الصلوٰۃ والتسلیم ફરીવાર દુનિયામાં આવશે તો નબી હશે કે નહીં ? જો નબી હશે તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ખાતમુન્નબિય્યીન ન રહ્યા ! અને નબી નહીં હોય તો એ ગલત છે, કેમ કે ખુદા નબીને નબુવ્વતથી મઅઝૂલ (બરખાસ્ત) નથી કરતો.

**જવાબ :** નબીનો તા'લ્લુક રબ તઆલાથી ફયૂઝ હાંસલ કરવાનો છે. એ નબુવ્વતનું બતન છે અને મખ્લૂકથી સંબંધ ફયૂઝ આપવાનો છે અને એ નબુવ્વતનો ઝહૂર (પ્રદર્શિત થવું) છે. પ્રથમ ગુણ કેન્સલ થવાને કાબિલ નથી અને બીજો ગુણ રદ થવાને પાત્ર છે. ઈસા علیہ الصلوٰۃ والتسلیم નુઝૂલના સમયે (ફરી આવે ત્યારે) કુર્બના હિસાબે તથા દરજ્જાના લેહાઝથી નબી હશે પણ ઝહૂરની હૈસિયતથી મુસલમાનોના વલી હશે. મૂસા علیہ الصلوٰۃ والتسلیم જ્યારે હઝરત ખિઝર علیہ الصلوٰۃ والتسلیم ને મળ્યા ત્યારે નબી જ હતા પણ ત્યાં પોતાના

હુકમો (અહકામ) લાગુ ન કરી શકયા. શબે મેઅરાજમાં સર્વ નબી હુઝૂરની પાછળ નમાઝમાં મૌજૂદ હતા પણ અહકામ બહાર પાડવા માટે નહીં. એક કચેરીનો જજ બીજા શહેરની કોર્ટમાં ગવાહ બનીને રજુ થાય તો તે પોતાના સ્થાને જજ છે પણ ત્યાં અત્યારે ગવાહની હેસિયતથી છે. ખાતમુન્નબિય્યીનનો અર્થ એ છે કે આપના પછી કોઈને નબુવ્વત મળશે નહીં. ઈસા علیہ الصلوٰۃ والسلام પહેલાંના નબી છે. આખરી પુત્ર તે કહેવાય જેના પછી કોઈ પુત્ર જન્મ ન પામે કે પહેલી ઔલાદ સૌ મરી જાય. નબીની વફાતથી તથા નબીનો દીન મન્સૂખ થવાથી નબુવ્વતનો ઝહૂર નથી રહેતો, પણ તેમની નબુવ્વત એ જ પ્રમાણે કાયમ રહે છે, એટલા માટે આપણે સર્વ પયગંબરો પર ઈમાન રાખીએ છીએ, પણ સૌના અહકામ પર નથી ચાલતા.

**સવાલ** : કુર્આન પરથી જાણવા મળે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આપણા જેવા બશર (માણસ) છે, તો પછી તેમને અફઝલુલ અંબિયા શા માટે કહેવામાં આવે છે ?

**જવાબ** : બશર બુશ્રાથી બન્યું છે, અર્થ જાહેરી ખાલ. બશર એટલે જાહેરી ખાલ (ચામડી)વાળો. માણસ સિવાય કોઈની જાહેરી ખાલ જાહેર નથી. કોઈ ચામડી પાંખો વડે તો કોઈની વાળો વડે ઢંકાએલી છે. સાપની ચામડી પણ કાંચણીથી છુપી છે, તેમજ તેની પીઠ જાહેર અને પેટ જમીન સાથે લાગેલું છે. જેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જાહેરી ચહેરા મોહરામાં આપણી જેવા જણાય છે, જેમ કે કુર્આન તથા અન્ય દીની કિતાબોમાં છે. જેમ કે કુર્આન તથા અન્ય દુનિયાવી કિતાબો કાગળ, લખાણ તથા છપાઈમાં એક સરખી જણાય છે, પણ હકીકતમાં ઘણો ફર્ક છે. એ જ પ્રમાણે હુઝૂર વહી વાળા, મેઅરાજવાળા, દુરૂદવાળા છે જેથી ઘણો મોટો તફાવત એમનામાં તથા આપણામાં છે. ખૂદ ફર્માવે છે : اَیُّکُمْ مِثْلِی یُطْعِمُنِی رَبِّیْ وَیَسْقِیْنِی "તમારામાં મારા જેવો કોણ છે ? મને રબ ખવડાવે પીવડાવે છે." જેવી રીતે બુધ્ધિશાળી ઈન્સાનને તમામ મખ્લૂક કરતાં આ'લા કરી દીધો એવી રીતે یُوْحٰی اِلَیَّ ની સિફતથી





હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સર્વ ઈન્સાનોથી અફઝલ થયા.

**સવાલ** : હુઝૂરને 'ઉમ્મી' શા માટે કહે છે ?

**જવાબ** : આ શબ્દ કયાં તો 'ઉમ્મુલ કુરા'થી બન્યો છે જેમાં મુન્ઝમહ્‌ની પ્રતિ નિસ્બત છે. એટલે કે મક્કાવાળા રસૂલ. મક્કા મુકર્રમાને 'ઉમ્મુલ કુરા' એટલા માટે કહે છે કે આ તમામ જમીનની અસ્લ છે, કેમ કે ત્યાંથી જમીન ફેલાઈ અથવા ઉમ્મીનો અર્થ છે માં વાળા. હુઝૂરનાં જેવાં વાલિદા કોઈનાં નથી એટલા માટે તેમનુ નામ આમેના થયું, એટલે કે 'દુનિયાને અમ્ન આપનારી' અથવા અલ્લાહની અમાનતદાર ખાતૂન.' દાઈનુ પાક નામ હલીમા એટલે હિલમદાર (સંયમી) બીબી. રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પેટ મુબારકમાં હિલમવાળીનુ દૂધ શરીફ જ જવું જોઈએ. અથવા 'ઉમ્મી'નો અર્થ છે, 'માંના પેટથી આલિમ' એટલે કે 'પેદાઈશી ઈલ્મવાળા, દુનિયામાં કોઈના શાગિર્દ નહીં.' એટલા માટે જે શખ્સ ઈલ્મે લદુન્ની (અલ્લાહ તરફથી મળેલ ઈલ્મ) ધરાવે છે તેને હજી પણ ઉમ્મી કહી દેવામાં આવે છે. એટલે કે જે હાલતમાં માંના પેટથી પેદા થયા તે હાલમાં રહે. અથવા ઉમ્મીનો અર્થ છે 'અસલ આલિમની માં' એટલે કે અસલ. કેમ કે નૂરે પાકે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم તમામ દુનિયાનું મૂળ (અસ્લ) છે, જેથી હુઝૂરનુ નામ શરીફ ઉમ્મી થયું. (ન લખનાર અને કિતાબ જોઈને ન પઢનારને પણ ઉમ્મી કહે છે, એ અર્થમાં પણ હુઝૂરને ઉમ્મી કહેવામાં આવ્યા છે કે આપ એનાથી ગની હતા, ઉમ્મિયત આ અર્થમાં છે અને વર્તમાન કાળમાં અરબસ્તાનમાં કેવળ જહાલત (અભણતા)ના અર્થમાં વપરાય છે. મદ્રસાનાં નામો રાખે છે; મદારિસુલ લૈલિયહ્‌ લિ મકાફિહતુલ્‌ ઉમ્મિયહ્‌ એ જ પ્રમાણે અન્યોએ મવહુલ ઉમ્મિયહ્‌નો દિવસ બનાવ્યો છે અને તેની ટિકિટો બહાર પાડી છે, પરંતુ તેઓ પૂરાણા 'ઉમ્મી' કયાં છે ? તેઓ ફસીહ તથા બલીગ હતા. આ કિતાબત તથા કિરાઅત જાણવાવાળા પોતાની રોજની જિંદગીમાં "હક્ક" (બડા કાફથી)ને "હક્ક" (છોટા કાફથી) બોલે છે !)

## ☆ હુઝૂરના માબાપ મોમિન હતા કે નહીં ? ☆

**સવાલ** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મા બાપ મોમિન હતાં કે નહીં ?

**જવાબ** : આદમ عليه الصلوٰة والسلام થી હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ સુધી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પેઢીનામામાં કોઈ મુશ્રિક નથી. સર્વ બાપ દાદા તથા માંઓ મોમિન તથા મુવહ્હિદ થયા છે. રબ તઆલા ફર્માવે છે : وَتَقَلُّبَكَ فِى السَّاجِدِيْنَ "ઉચ્ચ મોતી કિંમતી ડબ્બામાં રાખવામાં આવે છે." નૂરે મુહમ્મદી આ'લા ચીજ હતું એટલા માટે પાક પીઠ તથા પવિત્ર પેટ અનિવાર્ય છે.

**સવાલ** : ઈબ્રાહીમ عليه الصلوٰة والسلام ના વાલિદ આઝર મૂર્તિપૂજક હતા, જ્યારે કે આપ પણ હુઝૂરના વંશજમાં સામેલ છે ! રબ ફર્માવે છે : لِاَبِيْهِ اٰزَرَ

**જવાબ** : આઝર ઈબ્રાહીમ عليه الصلوٰة والسلام ના કાકા છે પિતા નથી. તેમના વાલિદ તો 'તારખ' છે જે મોમિન મુવહ્હિદ હતા. અરબીમાં કાકાને **અબ** એટલે બાપકહી દેવામાં આવે છે. (જેમ કે આપણા ત્યાં બાપના મોટા ભાઈને માનમાં બડે અબ્બા–મોટાબા કહે છે.–અનુવાદક) રબ તઆલાએ ફર્માવ્યું : وَاٰبَآئِكَ اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ જુઓ ! ઈસ્માઈલ عليه الصلوٰة والسلام યાકૂબ عليه الصلوٰة والسلام ના કાકા છે છતાં તેમને બાપદાદામાં સામેલ કર્યા છે, એ જ પ્રમાણે ત્યાં પણ છે.

**સવાલ** : હદીષ શરીફથી જાણવા મળે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આમેના ખાતૂનની કબ્રની ઝિયારતની રજા રબથી માંગી તો આપી દેવામાં આવી પણ મગફિરતની દુઆ કરવા ચાહ્યું તો તેનાથી રોકી દેવામાં આવ્યા ! જો તેણી મુસલમાન હોત તો તેમના માટે મગફેરતની દુઆથી શા માટે રોકવામાં આવ્યા ?

**જવાબ** : એટલા માટે કે આપ બેગુનાહ હતા, અને દુઆએ મગફેરત તો ગુનેહગારની કરવામાં આવે છે. જુઓ ! બાળકની નમાઝે જનાઝામાં મૈયતને માટે દુઆ નથી કરવામાં આવતી, કેમ કે તે બેગુનાહ છે. જો આપ મુસલમાન ન હતાં તો તેમની કબ્રની ઝિયારત પણ મના થાત. રબ ફર્માવે છે : وَلَا تَقُمْ عَلٰى قَبْرِهٖ અને આપ ગુનેહગાર પણ કેમ કરીને બનતાં ! કેમ કે ગુનાહ તે કરી શકે છે જે શરીઅતનો હુકમ પામે અને તેની વિરૂધ્ધ વર્તે. આપ તો ઈસ્લામના ઝહૂર પહેલાં ઈન્તેકાલ કરી ગયાં. આપનુ નામ આપના





ઈમાનની ઓળખ આપે છે. આમેના એટલે ઈમાનવાળી અથવા અમ્ન આપનારી અથવા અલ્લાહની અમાનત રાખનારી બીબી رضی اللہ تعالیٰ عنہا.

**સવાલ** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક વ્યકિતને ફર્માવ્યું : اِنَّ اَبِىْ وَاَبَاكَ فِى النَّارِ "તારો અને મારો બાપ આગમાં છે." જો હઝરત અબ્દુલ્લાહ મોમિન અને બેગુનાહ હતા તો આગમાં શાથી છે ?

**જવાબ** : અહીં **અબી** થી મુરાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકા છે. અરબીમાં કાકાને પણ **અબ** કહેવામાં આવે છે.

**સવાલ** : હઝરત આમેના ખાતૂન તથા અબ્દુલ્લાહ કયા નબીના દીન પર હતાં ? ઈસાઈ હતાં કે યહૂદી ?

**જવાબ** : તેઓ કેવળ મુવહ્હિદ (એક અલ્લાહમાં માનનાર) હતાં. તેમનામાં કોઈ પયગંબરના દીન પર ન હતાં. તેનાં બે કારણો છે, એક એ કે મૂસા عليه الصلوٰة والسلام તથા ઈસા عليه الصلوٰة والسلام બની ઈસ્રાઈલના પયગંબર હતા. કુર્આન ફર્માવે છે : وَرَسُوْلًا اِلٰى بَنِىْٓ اِسْرَآئِيْلَ અને વાલિદૈન પાક બંને બની ઈસ્માઈલ હતાં. બીજું એટલા માટે કે ઈસાઈયત તથા યહૂદિયત તે સમયે પોતાના મૂળ સ્વરૂપમાં ન રહ્યાં હતાં. તૌરાત તથા ઈન્જીલમાં ઘણી તબદીલીઓ થઈ ચૂકી હતી. તે પયગંબરોની તાલીમાત નષ્ટ થઈ ચૂકી હતી. એ નષ્ટ થયેલી તાલીમનુ માનવું જરૂરી ન હતું. એવા લોકો માટે તો તૌહીદનો અકીદો જ પૂરતો હતો. તેઓને "અસ્હાબે ફિતરત" કહે છે.

**સવાલ** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને નબી પણ કહે છે, રસૂલ પણ અને ઉમ્મી પણ કહે છે. આ ત્રણેવ અર્થોમાં શો ફરક છે ? આ શબ્દો હુઝૂરે પર કઈ રીતે લાગુ છે ?

**જવાબ** : હુકૂમતના ખાતાં ત્રણ હોય છે. (૧) ગૃહ ખાતુ જે સલ્તનતની આંતરિક બાબતોનુ કામ સંભાળે છે, જેમ કે પોલીસ ચોકી વગેરે. વિદેશ ખાતુ જે સલ્તનતના બાહ્ય કામો સંભાળે છે તથા સંરક્ષણ ખાતુ જેમ કે ફૌજ વગેરે સંભાળે છે. આ ખાતુ ગૃહખાતા તથા વિદેશખાતા સાથે સંકળાયેલુ છે, એ જ પ્રમાણે હુકૂમતે રબ્બાનીના ખાતાં છે કે કેટલાક ફરિશ્તા જમીનની વ્યવસ્થા રાખે છે, અને કેટલાક આસ્માનની. એ બંને ખાતામાં સંબંધ સ્થાપિત કરનારા અંબિયાએ કિરામ છે કે જેઓ રબના અહકામ (હુકમો) મખ્લૂક

સુધી લાવે છે અને મખ્લૂકની અરજોને રબ સુધી પહોંચાડે છે, ગુનાહોની માફી કરાવે છે. આ હઝરાત (અંબિયા) બંદાઓની ખબરો, અમલો રબ સુધી પહોંચાડે છે જેથી તેઓ રસૂલ છે. وَيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا વળી જેવી રીતે પોસ્ટ ખાતુ તારની ખબરો જલ્દી અને પત્રની ખબરો મોડેથી પહોંચાડે છે, એ જ રીતે અંબિયાની મારફત કેટલાક બંદા જલ્દી અને કેટલાક મોડેથી રબ સુધી પહોંચે છે. વળી અન્ય અંબિયા દુનિયામાં તશરીફ લાવ્યા અને આપણા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નબી બનીને તશરીફ લાવ્યા. كُنْتُ نَبِيًّا وَّاٰدَمُ بَيْنَ الْمَآءِ وَالطِّيْنِ જેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઉમ્મી નબી એટલે માદરઝાદ નબી છે.

**સવાલ** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જે ફર્માવ્યું : كُنْتُ نَبِيًّا وَّاٰدَمُ بَيْنَ الْمَآءِ وَالطِّيْنِ (હું ત્યારે નબી હતો જ્યારે હઝરત આદમ પાણી તથા માટી દરમ્યાન હતા.) જો એનો મકસદ એ છે કે હું અલ્લાહના ઈલ્મમાં નબી હતો, જ્યારે આદમ علیہ الصلوٰۃ والتسلیم નુ ખમીર તૈયાર થઈ રહ્યું હતું, તો આ અર્થમાં તો સર્વ પયગંબરો તે વખતે નબી હતા. અને જો અર્થ એ છે કે હું ખરેખર નબી હતો તો એ અશકય છે, નબુવ્વત તો દુનિયામાં છે ત્યાં કેવી ?! વળી નબી ઈન્સાન હોય છે અને ઈન્સાન માટે આ શરીર જરૂરી છે, તો પછી તે વખતે નબુવ્વત કેવી ?

**જવાબ** : મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાક રૂહ આલમે અરવાહમાં આખા આલમે હકીકતમાં નબી હતી. તે વખતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની રૂહ મુબારક અંબિયાની રૂહોની તર્બિયત કરી રહી હતી. સર્વ અંબિયા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી જ ફયૂઝ પામીને આ આલમે ઈજસામ (શરીરોવાળા આલમ) માં નબી બન્યા. બલ્કે તેમની નબુવ્વતના ઝહૂર પછી પણ રૂહે પાકે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم થી ફયૂઝ આવતો રહ્યો, જેવી રીતે તારાઓમાં સૂર્ય હોય છે. એટલા માટે આદમ علیہ الصلوٰۃ والتسلیم એ પેદા થતાં જ અર્શના થાંભલા પર લખેલું જોયું : لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ, જન્નતમાં પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની જ નબુવ્વત જાહેર થશે અને સર્વ જન્નતી આપનો જ કલ્મો પઢશે અને જન્નતની દરેક ચીજ પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું નામ લખેલુ છે. શબે મેઅરાજમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ અંબિયાના ઈમામ થયા. બશરીયત





(માનવ સ્વરૂપ) વગેરે આ દુનિયામાં નબુવ્વત માટે જરૂરી છે. બશરીયત આદમ علیہ الصلوٰۃ والتسلیم થી શરૂ થઈ. હુઝૂરની નબુવ્વત તેમનાથી પણ પહેલાંથી છે. શરીરમાં આદમ علیہ الصلوٰۃ والتسلیم હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની અસ્લ છે અને હકીકતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આદમ علیہ الصلوٰۃ والتسلیم ની અસ્લ છે. જાહરેમાં ઝાડ ફળની અસ્લ છે પણ હકીકતમાં ફળ ઝાડની અસ્લ છે કે ઝાડ તેના થકી જ ઉદ્‌ભવ પામ્યું.

## ☆ આલમે અરવાહમાં નબુવ્વતની જરૂરત શું હતી ? ☆

**સવાલ** : આલમે અરવાહ (રૂહોની દુનિયા)માં નબુવ્વતની જરૂરત શું હતી ? ત્યાં રોઝા, નમાઝ ફર્ઝ જ ન હતા ! એ જ અહકામ માટે નબુવ્વતની જરૂરત પડે છે.

**જવાબ** : દરેક સ્થળ અને દરેક કૌમના હુકમો (અહકામ) અલગ પ્રકારના હોય છે. તે આલમમાં રૂહો માટે પર હુકમો હતા, પણ તે હુકમો આ હુકમોથી અલગ હતા. اَلَسْتُ بِرَبِّكُمْ ના જવાબમાં સૌની પાસે ‘‘**બલા**’’ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કહેવડાવ્યું હતું. (જુઓ મદારિજ વગેરે) અહીં પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક મખ્લૂકના નબી છે, પણ રોઝા, નમાઝ કેવળ માણસો માટે છે, ઝાડ વગેરે માટે આ હુકમો લાગુ નથી થતા. માણસોમાં પણ ગરીબ, માલદારાના અલગ અલગ હુકમો છે, છતાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નબી સૌના છે. જન્નતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સૌના નબી હશે, પણ હુકમો અલગ અલગ હશે. મતલબ કે ત્યાં પણ નબુવ્વતની જરૂરત સૌને હતી. કદી રબનો ફયૂઝ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલા વિના કોઈને નથી મળતો.

**સવાલ** : નબી તથા ઉમ્મતી બંનેવ ઈસ્લામના જહાઝમાં સવાર છે, તો ફર્ક શા માટે છે ?

**જવાબ** : જહાઝનો કપ્તાન અને સવારીઓ (મુસાફરો) સૌ એક જ જહાઝમાં સવાર હોય છે પણ મુસાફરો તો પાર ઉતરવા માટે સવાર હોય છે અને કપ્તાન સૌને પાર લગાડવા માટે સવાર થાય છે. એ જ પ્રમાણે મુસાફરો ભાડુ ચૂકવીને સવાર થાય છે પણ કપ્તાન પગાર લઈને સવારી કરે છે. આપણી નમાઝો, રોઝાઓ, નજાત પામવા માટે હોય છે જ્યારે

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈબાદતો આપણને નજાત અપાવવા માટે છે કે જેથી તેમને ઈબાદત કરતા જોઈને આપણે પણ એ જ પ્રમાણે કરીએ. નહીં તો આપ صلی اللہ تعالیٰ علیہ وسلم તો પહેલેથી જ ખુદાની બારગાહના મકબૂલ છે.

**સવાલ** : કિયામતના દિવસે અંબિયાએ કિરામના અમલો મીઝાનમાં તોલવામાં આવશે કે નહીં ?

**જવાબ** : નહીં ! અમલોનું વજન કેવળ તે લોકોનું થશે જેમની પાસે નેકીઓ તથા ગુનાહો બંનેવ હશે. કેમ કે ત્યાં વજનીયાં (કાટલાં) થી વજન થશે નહીં, બલ્કે બુરા અમલોનુ નેક અમલોથી વજન થશે. એટલા માટે કાફિરોના બારામાં કુર્આને કરીમ ફર્માવે છે : فَلَا نُقِيمُ لَهُمْ يَوْمَ الْقِيٰمَةِ وَزْنًا એટલે કે કાફિરોના માટે પણ કિયામતમાં વજન નથી કેમ કે તેમની પાસે નેકીઓ તદ્દન નથી. તે ઉપરાંત અંબિયાએ કિરામના અમલો એટલા વજની છે જેને કોઈ ત્રાજવું તોલી નથી શકતુ. જેવી રીતે દુનિયાનું ત્રાજવુ જમીન તથા આસ્માનને નથી તોલી શકતુ એવી જ રીતે કુદરતના કારખાનામાં એવું ત્રાજવું બન્યું જ નથી જે નબીની નેકીઓને તોલે. કેટલાક ગુનેહગારોના દફતરનું એક કલ્મા તૈયેબહ્ વડે તોલવામાં આવશે તો કલમો વજની થશે અને તેનાં દફતર હલકા ઠરશે. કેમ કે તે એ ગુનેહગારનાં કામો છે જ્યારે આ (કલમા)માં અલ્લાહ તથા મુસ્તફાના صلی اللہ تعالیٰ علیہ وسلم નુ પ્યારું નામ છે. તેમનો (અંબિયાનો) એક સિજદો કૌનૈનની સર્વ ઈબાદતો કરતાંય અધિક વજનવાળો છે.

**સવાલ** : નબીની તૌહીન કુફ્ર શાથી છે ?

**જવાબ** : એટલા માટે કે એમાં રબ તઆલાના કલામનો રદિયો છે અને શૈતાનનું સમર્થન છે. રબ તઆલા તેમની તારીફમાં ફર્માવે છે : نِعْمَ الْعَبْدُ (તેઓ મારા સારા બંદા છે)આ બંદો કહે છે કે, નહીં ! તે બુરા હતા ! સારા ન હતા ! નબીની પ્રશંસા ખુદાના કલામનું સમર્થન છે અને તેમની તૌહીન રબની રદ છે.

**સવાલ** : નબીની દરેક ચીજની તૌહીન કુફ્ર શાથી છે ? એવું હોવું જોઈએ કે કેવળ તબ્લીગી બાબતોનો ઈન્કાર કુફ્ર હોય !

**જવાબ** : એટલા માટે કે રબે તેમની મુત્લક (બેકૈદ) તારીફ ફર્માવી કે :





**નિ'મલ્ અબ્દ** ''તેઓ મારા સારા બંદા છે.'' અને સ્પષ્ટ છે કે બંદો દરેક હાલતમાં દરેક ગુણ સાથે બંદો છે. જ્યારે રબે તેમને બંદો ફર્માવીને સારા કહ્યા તો જાણે તેમના સૂવા, જાગવા, ચાલવા, ફરવા દરેક હાલતની તારીફ થઈ, હવે જો કોઈ તેમની કોઈ પણ હાલતની તૌહીન કરે તો તે રબને રદિયો આપે છે.

સવાલ : મૂસા علیہ السلام એ અર્ઝ કરી કે رَبِّ أَرِنِي તો તે મહબૂબ રહ્યા અને બની ઈસ્રાઈલે કહ્યું કે અમને રબ દેખાડો ! તો તેમના પર અઝાબ આવી ગયો !! આમાં ફરક શું છે ?

**જવાબ** : મૂસા علیہ السلام એ મુલાકાત તથા દીદારના શોખમાં આ પ્રમાણે કહ્યું હતું જ્યારે બની ઈસ્રાઈલે દુશ્મની તથા મૂસા علیہ السلام પર અવિ□ાસના કારણે એ માગણી કરી હતી અને કહ્યું હતું કે : لَنْ نُّؤْمِنَ لَكَ حَتّٰى نَرَى اللّٰهَ રબને જોયા વિના તમારી વાત માનીશું નહીં, અને નબી પર અવિ□ાસ કુફ્ર છે.

સવાલ : રબ તઆલાએ મુસલમાનોને ઉમ્મતે વસ્ત એટલે વચલી ઉમ્મત ફર્માવ્યું છે, જ્યારે કે આ આખરી ઉમ્મત છે ?!

**જવાબ** : અહીં દરમ્યાની (વચલી) થી જમાનાના એતબારે દરમ્યાની નથી બલ્કે મતલબ એ છે કે દીને મૂસ્વીમાં ખૂબ સખ્તી હતી, દીને ઈસ્વીમાં ખૂબ નરમી હતી, જ્યારે દીને મુહમ્મદીમાં મધ્યમ સ્થિતી છે જેથી વસ્ત કે અવસતથી અફઝલ મુરાદ છે. અફઝલ ચીજ દરમ્યાનમાં હોય છે. ઈમામ સફની વચ્ચે, મોટુ મોતી હારની વચમાં, દિલ શરીરની વચમાં, મક્કા શરીફ આબાદ પૃથ્વીના સેન્ટરમાં, લશ્કરનો જનરલ લશ્કરની વચમાં, મેહરાબ મસ્જિદની વચમાં છે. કમી કિનારોઓમાં હોય છે, અને વચ્ચેનો ભાગ ભરપુર હોય છે અથવા એટલા માટે વસ્ત કહ્યું કે મધ્યની ચીજ પર સૌનો દારોમદાર હોય છે, જેમ કે વર્તુળનું કેન્દ્ર, ઘંટીના પૈડાની ઘરી, ત્રાજવાની દાંડી. એ જ રીતે મુસલમાન પણ આખા વિ□ના અસ્તિત્વનો ઝરીયો છે કે તેના ફના થવામાં દુનિયાની ફના છે, જેથી એ વચમાં છે.

**સવાલ** : કુર્આનને ફુર્કાન શા માટે કહે છે ?

**જવાબ** : કુર્આનનો અર્થ છે, મિલાવનાર. માણસ ખોરાક, ભાષા, પોષાક, શકલો સૂરતમાં વિવિધ પ્રકારનો હતો પણ કુર્આને સૌને મિલાવીને મુસલમાન બનાવી દીધા, જેવી રીતે વિવિધ ફૂલોના રસ મધ માખીના કારણે એક મધ બની ગયા, જેથી એ કુર્આન છે. વળી કુર્આનથી પહેલાં મોમિન તથા કાફિર, સિદ્દીક તથા ઝિન્દીક સમાન જણાતા હતા તો કુર્આને તેમનામાં તફાવત દર્શાવી દીધો, જેમ કે વરસાદ પહેલાં આખી જમીન સમાન જણાતી હતી, ખબર ન પડતી હતી કે માલિકે કઈ જગાએ શું વાવ્યું છે, પણ વરસાદ આવતાં જ છોડ ઉગ્યા જેનાથી અંદર બીજની ભાળ મળી ગઈ. જેથી એ ફુર્કાન (ફર્ક કરનાર) છે.

**સવાલ** : કુર્આન જમા કરવા માટે હઝરત ઉષ્માન رضي الله عنه ને શા માટે પસંદ કરવામાં આવ્યા ? ઉષ્માન عليه الصلوة والسلام જામેએ કુર્આન શા માટે છે ?

**જવાબ** : એટલા માટે કે હુઝૂર صلى الله تعالى عليه وسلم એ સુલહે હુદૈબિયાના પ્રસંગે પોતાના ડાબા હાથ શરીફને ફર્માવ્યું, આ ઉષ્માનનો હાથ છે. અને હુઝૂરનો હાથ રબનો દસ્તે કુદરત يَدُ اللّٰهِ فَوْقَ اَيْدِيْهِمْ છે. એટલા માટે ઉષ્માન رضي الله عنه નો હાથ **યદુલ્લાહ** થયો. જેથી કિતાબુલ્લાહને જમા કરવા માટે **યદુલ્લાહ** જ હોવો જોઈતો હતો.

**સવાલ** : કુર્આન શરીફની તૌહીનને ફકીહોએ કુફ્ર શાથી લખ્યું છે ?

**જવાબ** : એટલા માટે કે હુકૂમતની કોઈ ચીજની તૌહીન હુકૂમતની તૌહીન છે. અદાલતમાં હાકિમની (જજની) સામે ઊંચા અવાજે બોલવું જુર્મ છે, કે એ અદાલતની તૌહીન છે, અને અદાલતની તૌહીન (અપમાન) હુકૂમતનું અપમાન છે.

**સવાલ** : મૂસા عليه الصلوة والسلام એ બની ઈસ્રાઈલની મૂર્તિપૂજા જોઈને તૌરાત પટકી દીધી, જ્યારે કે તેની તખ્તીઓ લખાણ સર્વ રબના તરફથી છે. જ્યારે તે કુફ્ર ન થયું તો હાલમાં કુર્આનનો નુસ્ખો કે જેનો કાગળ, સ્યાહી, લખાણ સૌ બંદાનું છે તો તેની તૌહીન કુફ્ર શા માટે છે ?

**જવાબ** : અલ્લાહની કિતાબને ફેંકવાના ત્રણ સંજોગો છે. ભૂલથી પડી જાય, કોઈના પર ગુસ્સો આવે જેના લીધે કિતાબુલ્લાહ હાથેથી છોડી





દેવામાં આવે અથવા ખૂદ કિતાબુલ્લાહના અપમાનના કારણે ફેંકવામાં આવે. પ્રથમ સંજોગોમાં ગુનોહ પણ નથી કે ભૂલથી પડી. બીજી સ્થિતીમાં ખતા કે ગુનોહ છે પણ કુફ્ર નથી, કેમ કે કિતાબના અપમાનનો હેતુ નથી. ત્રીજી સ્થિતીમાં કયાં તો વિના ઈરાદે પડી ગઈ અથવા કૌમ પર અલ્લાહને ખાતર ગુસ્સો આવ્યો અને શરીર કાંપી ઉઠયું જેથી પડી ગઈ, અથવા કૌમ પર ગુસ્સો આવ્યો અને જુસ્સાભેર તખ્તીઓ ફેંકી દીધી, જેથી ખતા થઈ. જેની રબથી માફી ચાહી : رَبِّ اغْفِرْ لِيْ وَلِاَخِيْ મતલબ કે ત્યાં તૌરાત શરીફની તૌહીનનો હેતુ ન હતો.

**સવાલ** : મૂસા عليه الصلوة والسلام એ હઝરત હારૂન عليه الصلوة والسلام ની દાઢી પકડી, જેમાં દાઢીની પણ તૌહીન છે જે સુન્નતે રસૂલ અને એક પયગંબરની પણ તૌહીન છે. આ બંને કુફ્ર છે અને આ સખ્તી તેમણે વિના કારણે કરી જેથી કેસાસ (બદલો) આપવો જોઈએ કે એ બંદાઓના હક્કોમાંથી છે.

**જવાબ** : જો મૂસા عليه الصلوة والسلام ના આ કામો કુફ્ર તો શું ગલતી કે ખતા પણ હોત તો તેમના પર એતાબ (ચેતવણી) અલ્લાહ તરફથી આવી જાત, જેમ કે આદમ عليه الصلوة والسلام સાથે ઘઉંનો દાણો ખાવાને કારણે થયું. હારૂન عليه الصلوة والسلام ઉમરમાં હઝરત મૂસા عليه الصلوة والسلام થી મોટા હતા, પણ દરજ્જામાં મૂસા عليه الصلوة والسلام આ'લા હતા. કે આપ સુલ્તાન હતા અને હારૂન વઝીર હતા. મૂસા عليه الصلوة والسلام થી ખતાએ ઈજતેહાદી થઈ. આપ સમજ્યા કે હારૂન عليه الصلوة والسلام એ કૌમને શિર્કથી રોકવામાં ઉણપ કરી જેથી ધમકાવ્યા, પણ સાચી સ્થિતી પૂછયા પછી દુઆ આપી. ખતાએ ઈજતેહાદી માફ છે. જો હાકિમ ગલતીથી કોઈને સજા આપે તો માફ છે. જજ પોતાના મુજરિમ બાપને સજા આપી શકે છે. મતલબ કે એમાં તૌહીન ન હતી પણ ચેતવણી હતી જે ખતાએ ઈજતેહાદીથી અસ્તિત્વમાં આવી.

**સવાલ** : કુર્આન ફર્માવે છે કે, ઈસા عليه الصلوة والسلام માટીનાં પક્ષીઓ બનાવીને ફૂંકથી જીવંત કરી આપતા હતા, એવું કેવી રીતે થઈ શકે છે ? માટીમાં જીવ કેમ કરીને આવી શકે છે ?

**જવાબ** : રાત દિવસ માટીમાં જીવ આવતો રહે છે. માથામાં માટી પડી તો એકત્ર થઈને જૂ પેદા ગઈ, ખાટલામાં મેલ જમા થતાં માંકડ બની

જાય છે. વરસાદ માટીમાં પડયો તો તે માટી હજારો દેડકાં, પતંગિયાના રૂપમાં જાહેર થાય છે. જો આપની ફૂંકથી પણ માટીમાં જીવ પડે તો શું વાંધો છે ! આપનુ નામ જ રૂહુલ્લાહ છે.

**સવાલ** : ઈસા عليه السلام ફૂંક વડે મુડદાંને જીવંત કરતા હતા એ પણ અશકય જેવી વાત છે. નીકળી ગયેલી રૂહ ફૂંક વડે કેમ કરીને પાછી ફરી શકે છે ?

**જવાબ** : એ પણ અશકય નથી ! કેટલાક સાપોની ફૂંક વડે માણસની રૂહ નીકળી જાય છે. જ્યારે સાપનો □ાસ જીવ કાઢી શકે છે તો રૂહુલ્લાહનો □ાસ જાન નાખી શકે છે ! સૂર થકી ઈસ્રાફીલ عليه السلام ની □ાસ તમામ આલમને જીવતુ કરશે !

**સવાલ** : હદીષ શરીફમાં છે કે કિયામતની નજીક ઈસા عليه السلام તશરીફ લાવશે તો તેમના □ાસથી કાફિરો મરશે. અજબની વાત છે કે પહેલાં આપના □ાસથી મુડદાં જીવંત થતાં હતાં અને હવે જીવતાં મરશે ?!

**જવાબ** : જે સીવવાનુ જાણે છે તે ઉકેલવાનુ પણ જાણે છે ! મૌત તથા જિંદગી રબના તરફથી છે અને એ □ાસ શરીફ ઝરીયો છે, એ જે સમયે ચાહે કામ લઈ લે. ઈસ્રાફીલ عليه السلام ની પ્રથમ ફૂંક વડે જીવતાં મરી જશે પછી બીજી ફૂંક વડે સૌ મુડદાં જીવંત થશે.

**સવાલ** : કુર્આનથી લોકો ગુમરાહ શા માટે થઈ જાય છે ? તે ''હાદી'' છે અને ''હાદી'' થી ગુમરાહી કેવી ?

**જવાબ** : એક જ હાર્મોનિયમનો એક પડદો દબાવો તો મોટો અને ભારે અવાજ નીકળે છે અને બીજો દબાવો તો સુરીલો અને તીણો અવાજ નીકળે છે, જો કે હવા તો એક જ જાય છે ! ઈન્સાનના દિલો દિમાગમાં રહમાની પડદા પણ છે અને શયતાની પણ. જો શૈતાની પડદા ગાલિબ છે તો કુર્આની હવાથી કુફ્નો અવાજ કાઢે છે, અને જો રહમાની પડદા ગાલિબ છે તો તે કુર્આની હવાથી ઈમાન બોલે છે. એ કુર્આનનો કુસૂર નથી, પણ આપણા પડદાનો કુસૂર છે. વરસાદથી કયાંક ફૂલ લીલોતરી ઉગે છે કયાંક કાંટા.

**સવાલ** : કુર્આન તો સારી ચીજ છે તેનાથી સારી જ ચીજ બહાર પડવી





જોઈએ !

**જવાબ** : કુર્આન તો સારું છે પણ કુર્આન પઢવાવાળાનું દિલ તથા દિમાગ બુરું. સામરીના વાછરડાના મોઢામાં હઝરત રૂહુલ અમીન (જિબ્રઈલ عليه السلام) ની ઘોડીની માટી પડી જે ખૂબ જ ઉચ્ચ હતી, પણ તે સોનુ ફિરઔનનો ગંદો માલ હતો એટલા માટે તે પાક માટીએ ભલે તેમાં જિંદગી અર્પી અને અવાજ પેદા કરી દીધો, પણ એ અવાજથી લોકો ગુમરાહ થયા. કોઈ અલ્લાહનો બંદો તે માટી ખાતો તો લાખોને હિદાયત આપત. કુર્આન તથા તિબ્બનો ઈલ્મ ઉચ્ચ છે પણ બેદીન આલિમ સામરીનું વાછરડુ છે કે તે ઈલ્મ પઢીને જે બોલે છે તેનાથી લોકો ગુમરાહ જ થાય છે.

# ★ કબર તથા દફન ★

**સવાલ** : મૈયતને દફન કરવું કાગડાનુ કૃત્ય છે, મુસલમાનોએ કાગડાની શાગિર્દી કરીને દફન કરવાનુ શીખ્યું છે. મૈયતને સળગાવવું સારું છે કેમ કે દફનાવવાથી જમીન ઘેરાઈ છે અને મૈયતનુ શરીર ખરાબ થાય છે. બે ગજ જમીનમાં લાખો હિંદુઓની લાશોને સળગાવવામાં આવે છે પણ મુસલમાન એકલો કિયામત સુધી તે જમીન પર કબજો જમાવેલ રહે છે !

**જવાબ** : મુડદાને સળગાવવું ફિતરત (સ્વભાવિકપણા) ની વિરૂધ્ધ છે અને દફનાવવું જ ફિતરત પ્રમાણે છે, કેમ કે માણસ માટીનો છે, આગ, પાણી, હવા તો માટીને ખમીર કરવા માટે એમાં એ રીતે મિલાવવામાં આવી છે જેવી રીતે આટામાં પાણી તથા આગ. એટલા માટે તેને આદમી કહે છે, એટલે કે માટીની ચીજ. વળી માણસનો પોષાક, ખાવા, પીવા માટી થકી જ છે, જેથી જોઈએ કે ખૂદ પણ મૃત્યુ બાદ માટીમાં જ રહે.

મુસલમાન પાયાવાળી દિવાલ છે કેમ કે તેનાં જીવતાં જમીનની ઉપર અને મુડદાં જમીનની નીચે છે. મુશ્રિક બેબુન્યાદ દિવાલ છે કે તેનાં જીવતાં મરેલાં બંને જમીનની ઉપર છે, જેથી મુસલમાન મજબૂત છે અને મુશ્રિક કમજોર. દફન જ શું ઘણાયે કામો માણસે જાનવરથી શીખેલાં છે. જેમ કે ઓપરેશન એક બળદથી શીખ્યું. એક ધોબીને પેટ ફૂલવાની (જલંધરની) બીમારી હતી. અકસ્માતે બે બળદ આપસમાં

લડયા અને એકે નાસતાં નાસતાં ધોબીના પેટ પર લાત મારી દીધી જે સૂઈ રહ્યો હતો, જેથી ધોબીનુ પેટ ફાટી ગયું ! અને પાણી નીકળી જતાં આરામ થઈ ગયો ! ઝહેરની દવાઓ વાંદરા પાસેથી અને સિપાહીગીરીની એક કળા (અમુક દાવ) વાંદરા પાસેથી શીખી. જુઓ, હકીમ અજમલખાં દહેલ્વીની કિતાબો. તો શું આ તમામ જાનવર માણસના ઉસ્તાદ થઈ ગયાં ! જો કોઈ પોતાનુ કામ કરી રહ્યું હોય તેને બીજો બુધ્ધિચાતુર્યથી શીખી લે તો તે શાર્ગિદ નથી થઈ જતો જ્યાં સુધી શીખવા શીખવાડવાની નિય્યતે તાલીમની આપ લે ન થાય.

**સવાલ** : ઈસ્લામ જણાવે છે કે મુડદાને કબરમાં ત્રણ સવાલ થાય છે; તારો રબ કોણ ? તારો દીન કયો ? આ મહબૂબને તુ શું કહેતો હતો ? તો જે મુસલમાને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા નથી તે કેવી રીતે ઓળખી શકશે ?

**જવાબ** : ઈમાની સંબંધથી ઓળખશે. જેવી રીતે દુનિયામાં જાન પેહચાન ખૂની રિશ્તા અથવા જાહેરી મુલાકાતથી થાય છે, એવી જ રીતે રૂહાની પેહચાન ઈમાની રિશ્તાથી થશે. જે કાફિરોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા હતા તેઓ કબરમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઓળખી શકશે નહીં, એવી જ રીતે જે મુસલમાનોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને નથી જોયા તેઓ ઓળખી લેશે. જુઓ, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોનારા કાફિરો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર આશિક ન થયા, પણ કરોડો ન જોનારા મુસલમાન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના એવા આશિક છે કે તેમના નામ પર જાન માલ ફિદા કરી આપે છે. જેવી રીતે અહીં જોયા વગર ઈશ્ક છે એવી જ રીતે ત્યાં ઈન્શાઅલ્લાહ જોયા વિના પહેચાન થશે. દુનિયવી મહબૂબોને હજારોએ જોયા પણ તેમનો આશિક એક એક થયો, એ જ પ્રમાણે હુસ્ને યૂસુફ પર ઝલૈખા ફિદા થયાં, પણ મદની મહબૂબને જોયા કોઈએ નથી પણ આશિક કરોડો છે ! صلی اللہ تعالیٰ علیہ وسلم

**સવાલ** : જે લોકો દફન નથી થયા અને આગમાં સળગી જાય છે અથવા તેમને સિંહ ખાઈ જાય છે તેમને કબ્રનો હિસાબ કેમ કરીને થશે ?

**જવાબ** : કબરમાં કેવળ આ ગુફા નથી જેમાં મુડદુ દફન થાય છે, બલ્કે





એનાથી આલમે બરઝખ (યાને મૃત્યુ બાદથી કિયામત સુધીના સમયનો આલમ) મુરાદ છે. મુડદાનુ શરીર ગમે ત્યાં હોય પણ રૂહ તો મેહફૂઝ છે. એ રૂહને શરીરનાં મૂળ ઝર્રાઓથી સંબંધિત કરીને તેને સવાલ જવાબ કરવામાં આવે છે. જો કોઈને દફન જ કરવામાં ન આવ્યો અને મેદાનમાં ફેંકી દેવામાં આવ્યો તેને પણ એ જ હાલતમાં કબરના સવાલો થઈ જાય છે, ભલે આપણને તે મેહસૂસ ન થાય. માંના પેટમાં બાળક બની જાય છે પણ માંને ખબર પણ નથી થતી.

**સવાલ** : હદીષ શરીફમાં છે કે મોમિનની કબર ૭૦ ગજ પહોળી થઈ જાય છે, તો જો મોમિન તથા કાફિરની કબર સાથે હોય અને મોમિનની કબર ૭૦ ગજ પહોળી થાય તો કાફિરની કબ્ર કયાં જશે ?! એ જ રીતે જો મોમિન તથા કાફિર એક જ કબરમાં દફન થઈ ગયા હોય તો બતાવો કે કબર કાફિરના માટે સાંકડી થશે કે પહોળી ? અને એ કબરમાં જન્નતની હવા આવશે કે દોઝખની ?

**જવાબ** : મોમિનની કબ્ર પહોળી થશે અને કાફિરની ત્યાં જ રહશે અને તે એ કબરમાં મોમિનના માટે જન્નતી હવા આવશે અને કાફિરના માટે દોઝખની, અને એકની અસર બીજા પર થશે નહીં. અને આ પહોળાઈ તથા સંકોચન એહસાસી છે ન કે બીજી જમીન કાપવામાં આવશે. જેમ કે એક પલંગ પર બે માસણો સૂઈ રહ્યા છે. એક માણસ ખ્વાબમાં પોતાને મોટા મેદાનમાં જોઈ રહ્યો છે. બીજો પોતાને જેલની કોટડીમાં કેદ જોઈ રહ્યો છે. એકને ખ્વાબ દેખાય છે જેથી તે ખુશ થઈ રહ્યો છે અને બીજાએ બુરો ખ્વાબ જોયો જેથી તે તકલીફ અનુભવે છે. જુઓ પલંગ એક જ છે પણ તેમાં સૂનારાઓના હાલ વિવિધ છે. કયાંક જાગૃતાવસ્થામાં એક માણસ સારા ખ્યાલોથી ખુશ થઈ રહ્યો છે બીજો બુરો ખયાલોથી પરેશાન થઈ રહ્યો છે. દુનિયાવી જિંદગી કબરના લેહાઝથી ખ્વાબ છે અને કબરની જિંદગી કિયામતના લેહાઝથી ખ્વાબ છે.

**સવાલ** : જ્યારે કિયામતમાં હિસાબ કિતાબ તથા અઝાબ સવાબ થશે તો કબરમાં આ ચીજો શા માટે છે ?

**જવાબ** : કબરમાં કેવળ ઈમાન તથા કુફ્રની પરખ છે અને કિયામતમાં

અમલોની પણ. કબરની પરખ બરઝખની જિંદગીના માટે છે અને કિયામતનો હિસાબ આવનારી હમેશાંની જિંદગીના માટે છે. કબરનો અઝાબ એવો છે જેમ કે જેલથી પહેલાં લોક અપમાં પૂરવામાં આવે છે, પછી કિયામતનો દિવસ કેસ ચાલવાનો છે અને તેના ફેંસલા પર આગલી જિંદગીનો આધાર છે.

**સવાલ** : કેટલાક લોકો કબરમાં કફની લખીને રાખે છે, એ બેકાર છે ! જો મુડદુ જાહિલ છે અથવા અરબી નથી જાણતો તો તેને એ લખાણની શો ફાયદો થશે ! તે કેવી રીતે પઢીને જવાબ આપશે.

**જવાબ** : આ લખાણ બરકતના માટે છે. જેવી રીતે લીલી ચીજની તસ્બીહથી મુડદાના અઝાબમાં કમી ઓવે છે. કેટલાક સહાબાએ કિરામ હુઝૂરનાં તબર્રુકો બરકતના માટે કબરમાં સાથે લઈ ગયા, એ જ પ્રમાણે આ લખાણનું છે. અલ્લાહના ઝિક્રથી દિલને ચૈન મળે છે, ચાહે લખેલુ ઝિક્ર હોય કે જીભથી થતું. તેમ જ એમાં મૈયતને તલ્કીન છે. હદીષમાં છે : لَقِّنُوا مَوْتَاكُمْ જેહાલત તથા વિવિધ ભાષાઓ આ દુનિયા પૂરતાં છે, મરતાં વેંત સર્વ માણસો અરબી પઢી શકશે અને તમામ જન્નતીઓની ભાષા અરબી હશે. કિયામતમાં સૌ લોકો પોતાનાં આમાલનામાં પઢશે જે અરબીમાં હશે છતાં સમજી લેશે. કબરના સવાલો પણ અરબીમાં જ થાય છે. જેમ કે આંધળાપણું તથા અન્ય જાહેરી બીમારીઓ આ શરીરની છે, ત્યાં ન કોઈ આંધળો થશે ન કોઢી, સૌ સારા હશે. એ જ પ્રમાણે કુફ્ર, ગુનાહ, જેહાલત, જુગાર, શરાબખોરી સૌ આ દુનિયાની ચીજો છે. ત્યાં તો સૌ ઈલ્મવાળા, ઈમાનવાળા, ખૌફે ખુદા રાખનારા હશે. જો કે (ત્યાંના) ઈમાન તથા તકવાનો એતેબાર થશે નહીં.

**સવાલ** : કબરોની ઝિયારત સુન્નત શા માટે છે ?

**જવાબ** : જેથી કે પોતાની મૌત યાદ આવ્યા કરે જેથી માણસ એ જિંદગીના માટે વ્યવસ્થા કરતો રહે અને જેથી આ બહાને જીવતો માણસ મુડદાંને માટે ઈસાલે સવાબ કરતો રહે. મતલબ કે એમાં જીવતાં તથા મુડદાં બંનેની ભલાઈ છે.

**જવાબ** : કેટલા લોકો વસીયત કરે છે કે અમને ફલાણા બુઝુર્ગ પાસે





દફન કરજો અથવા મદીના પાકમાં કબરની તમન્ના કરે છે, તો એનાથી શો ફાયદો ? મુડદાને પવિત્ર ભૂમી શો ફાયદો આપી શકે છે ?

**જવાબ** : કાફિરના માટે કોઈ પણ જગાએ દફન થવું ફાયદાકારક નથી. હા ! ગુનેહગાર મોમિનને એનાથી એ ફાયદો છે કે જ્યાં અલ્લાહના પ્યારા દફન થયેલા હોય ત્યાં રહમતના પંખા ચાલી રહ્યા છે, તે મકબૂલ બંદાના તુફૈલમાં તેને પણ તે હવા મળી જશે. જો કોઈ ગરીબ માણસ રઈસની કોઠી પર તેને મળવા માટે જાય તો જે વીજળીનો પંખો રઈસના માટે ચાલી રહ્યો છે તેને પણ લાભ મળશે.

# ★ કિયામત ★

**સવાલ** : કિયામતને કિયામત અથવા મેહશર શા માટે કહે છે ?

**જવાબ** : કિયામતનો અર્થ છે ઉભા થવું તે દિવસે સર્વ મુડદાં પોતાની કબરોએથી ઉભાં થઈને મેહશરના મેદાનમાં જશે. અથવા દુનિયામાં કોઈ ઉભુ હોય છે કોઈ બેઠેલુ તો કોઈ સૂતેલુ, પણ તે દિવસે સૌ હિસાબના ઈન્તેઝારમા ઉભેલાં જ હશે, જેથી એનુ નામ કિયામત છે. દુનિયામાં સૌ માણસો એક સાથે નથી આવ્યા, કેટલાક આવીને જતા રહ્યા તો કેટલાક આવનારા છે, કેટલાક હાલ મૌજૂદ છે. પણ તે દિવસે આખુ વિ□ એક જ જગાએ એક સમયે એકત્ર થશે, જેથી તેનુ નામ મહશર છે, એટલે કે એકત્ર થવાનો દિવસ અથવા ભેગા થવાની જગા.

**સવાલ** : સર્વ લોકો કેવળ શામ (સીરીયા)ની જમીનમાં કેવી રીતે સમાઈ શકશે ?

**જવાબ** : ઘણી આસની સાથે સમાઈ જશે ! કુર્આન તથા શેઅરો સેંકડો મણ કાગળો ઉપર લખવામાં આવે છે, પણ આપણા બે આંગળ જેટલા દિમાગની યાદ શકિતમાં એ એક જ સમયે લખાઈ જાય છે. સર્વ આસ્માનો, ચાંદ, સૂરજ, પૂર્વ તથા પશ્ચિમ આપણી આંખની કીકીમાં સમાઈ જાય છે ! જે એના પર કાદિર (શકિતમાન) છે તે એના માટે પણ કાદિર છે.

**સવાલ** : કિયામત શા માટે થશે અને તેનાથી શો ફાયદો છે ?

**જવાબ** : ખેતરમાં ભુસુ તથા અનાજ એક જ જગાએ થાય છે તેને છાંટ કરીને દાણાને અલગ અને ભૂસાને અલગ કરીને તેને અલગ અલગ ઠેકાણે પહોંચાડવામાં આવે છે. એ જ પ્રમાણે દુનિયામાં મોમિન તથા કાફિર એક જ જમીન ઉપર વસેલા છે. કિયામતમાં તેમની છટણી થશે, ત્યાર બાદ મોમિન જન્નતમાં અને કાફિરો દોઝખમાં જશે. કિયામત છટણીનો દિવસ છે. અથવા ગુનેગારને પ્રથમ લોક અપમાં પૂરવામાં આવે છે પછી હાકિમની સમક્ષ ફેંસલો મેળવીને જેલખાને લઈ જવામાં આવે છે. કિયામત કેસોની રજુઆતનો દિવસ છે.

**સવાલ** : કિયામતના દિવસ બારામાં મતભેદ શા માટે છે ? કેટલીક આયતોમાં છે કે તે દિવસ એક હજાર સાલનો છે, કેટલીકમાં છે કે પચાસ હજાર સાલનો ! અમુક રિવાયતમાં છે કે ચાર રકાત નમાઝ અદા કરવા જેટલો હશે, એનો મતલબ શું છે ?

**જવાબ** : આ ફરક કયાં તો એહસાસનો (અનુભૂતી) છે કે તે દિવસ આરામવાળાઓને ચાર રકાતની નમાઝ પઢતાં જેટલો સમય લાગે એટલો સમય મેહસૂસ થશે અને તકલીફવાળાઓને હજાર વર્ષનો અને અધિક તકલીફવાળાઓને માટે પચાસ હજાર વર્ષનો. અથવા એ રીતે કે જેમ કે કહેવામાં આવે છે કે શાદી દસ મિનિટમાં થાય છે, એક મહીનામાં થાય છે, ૨૦ વર્ષમાં થાય છે. મૂળ નિકાહ દસ મિનિટમાં થાય છે, દાવત વગેરેની વ્યવસ્થા એક મહીનામાં થાય છે અને રૂપિયા જમા કરવામાં વીસ વરસ થાય છે. એ જ પ્રમાણે તે દિવસે અસલ હિસાબ વગેરેમાં એક હજાર વર્ષ ખર્ચાશે. પ્રથમ સૂર ફૂંકવાથી લઈને જન્નત તથા દોઝખના પ્રવેશ સુધી પચાસ હજાર વર્ષનો સમય જેમાં બેહોશી તથા મેહશરના મેદાનમાં પહોંચવું, વળી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની નઅત ખ્વાની, મકામે મહમૂદ પર આ સર્વ સમયો એમાં સામેલ છે.

**સવાલ** : નેકીઓમાં વજન છે કે નહીં જો છે તો ગુનાહોથી અધિક છે કે કેમ ?

**જવાબ** : નેકીનુ વજન ગુનાહોથી લાખો ગણુ વધારે છે. મીઝાનમાં એક





કલમાએ તયબહ્ તમામ ઉંમરના ગુનાહોથી અધિક વજનદાર હશે. પણ યાદ રાખશો કે નેકીનુ વજન ઈખલાસના પ્રમાણે હશે ! નેકી કવચ છે અને ઈખલાસ તેનુ મીજ (મગ્ઝ) છે. ફળમાં મીજનુ વજન હોય છે, મીજ વગરનુ ફળ હલકુ જણાય છે. એટલા માટે કાફિરોની નેકીઓ ખૂબ જ હલકી છે અને મોમિનની વજદાર. ઈમામ હુસૈનનો કર્બલાવાળો સજદો આપણી કરોડો નમાઝોથી વજનદાર છે.

**સવાલ** : જો નેકીમાં એટલુ વજન છે તો મોમિનના માથા પર કિયામતમાં ભારે બોજ હશે ! જ્યારે કુર્આન ફર્માવે છે : وَلَيَحْمِلُنَّ أَثْقَالَهُمْ ''તેઓ પોતાના બોજ ઉઠાવેલ હશે.'' બોજ ઉઠાવવો તો અઝાબ છે તો શું મોમિન ત્યાં અઝાબમાં હશે?

**જવાબ** : કિયામતમાં મોમિનની ત્રણ સ્થિતિઓ હશે, કબરથી મહશર સુધી જતાં નેકીઓ મોમિન પર હશે પણ તેના માટે એકદમ હલકી જે મેહસૂસ પણ નહીં થાય. મીઝાનમાં પહોંચીને ખૂબ જ વજનદાર અને મીઝાનથી જન્નત સુધી નેકીઓ સવારી બનશે. મોમિન સવાર તે જ સવારીઓ પર સવાર થઈને પુલસિરાત પાર કરશે. જેવી નેકી હશે તેવી તેની ગતિ હશે. જેથી **અહમલુષ્કાલ** એટલે બોજ ઉઠાવવું એ કાફિરોનો અઝાબ છે. હદીષે પાકમાં છે : બે કલ્મા (વાકયો) જીભ પર હલકા અને મીઝાનમાં ભારે છે, રબને પ્યારા છે. **(સુબ્હાનલ્લાહિ વબિ હમ્દિહી, સુબ્હાનલ્લાહિલ્ અઝીમ)** એ આ તરફ ઈશારો છે.

**સવાલ** : બુધ્ધિમાં નથી સમાતુ કે મોમિનની નેકી તેના ખભા પર તો હલ્કી હોય પણ મીઝાનમાં પહોંચીને ભારે થઈ જાય અને પુલસિરાત પર સવારી બની જાય !

**જવાબ** : તેનાં દ્રષ્ટાંતો દુનિયામાં મૌજૂદ છે. લાકડી પાણી પર હલકી છે એટલા માટે ડૂબતી નથી પણ ત્રાજવામાં ભારે છે ! ખૂદ પાણી ઘડામાં ભરીને માથા પર રાખો તો ભારે છે પણ હોજ કે તળાવના તળીયે બેસી જાવ તો ભલે અત્યારે માથા પર ખૂબ પાણી છે પણ હલકુ જણાય છે ! સાયન્સ કહે કે હવા ખૂબ ભારે છે પણ આપણે લાખો મણ હવાનુ વજન માથા પર લઈને ફરીએ છીએ પણ મેહસૂસ થતુ નથી. જે સોનાના

ઘરેણામાં મોતી જડેલાં હોય તેને પાણીની સપાટી પર રાખીને તોલો તો કેવળ સોનાનું વજન આવશે, મોતીનુ વજન નહીં આવે. એ જ પ્રમાણે ભૂખ થી થોડુ ખાવા ખાવ તો તમે ખાવા પર સવાર રહેશો અને જો વધારે ખાશો તો ખાવા તમારા પર સવાર થશે. એ જ પ્રમાણે ત્યાં નેકીઓના હાલ છે.

**સવાલ** : કિયામતમાં હિસાબ શા માટે થશે ? શું રબને અમલોની સંખ્યાની ખબર નથી ?

**જવાબ** : આ હિસાબ અલ્લાહની જાણ માટે નથી બલ્કે માણસોનુ મોઢું બંધ કરવા માટે થશે, જેથી જહન્નમી એવું ન કહી શકે કે મને દોઝખ શા માટે આપી ? ફલાણાને જન્નત શાથી મળી ? અથવા મને દોઝખમાં સખ્ત જગા શા માટે મળી ? અને અન્યોને હલકી જગા શાથી આપવામાં આવી ?

**સવાલ** : કિયામતના દિવસે લોકો શફીઉલ મુઝનબીન صلی اللہ تعالیٰ علیہ وسلم ને શા માટે ભૂલી જશે ? અહીં સૌ જાણે છે, તો પછી ત્યાં પહેલા અન્ય અંબિયાઓ પાસે શા માટે જશે ?

**જવાબ** : જેથી ખબર પડે કે આજે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સિવાય કોઈ દસ્તગીરી કરનાર નથી. જો પ્રથમથી જ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે પહોંચી જાત તો કદાચ કોઈ કહી દેત કે શફાઅત તો અન્ય ઠેકાણે પણ થઈ શકત ! પણ આપણે બીજે ઠેકાણે ગયા નહીં. જેથી આ પ્રમાણે કરાવવાથી કોઈને કહેવાનો અવકાશ રહે નહીં.

**સવાલ** : કિયામતમાં કેટલાકનાં મોઢાં કાળાં અને કેટલાકનાં સફેદ હશે એવું શાથી હશે ?

**જવાબ** : દિલોનો અંધકાર અથવા નૂર ચહેરાઓ પર જાહેર થશે. જેવી રીતે આજે પરેશાન હાલવાળા દુબળા અને કાળા હોય છે અને માલ તથા ખુશ હાલવાળો માણસ લાલ તથા સફેદ જાણાય છે.

# ★ જન્નત તથા દોઝખ ★

**સવાલ** : જન્નતને જન્નત શા માટે કહે છે ?





**જવાબ** : એટલા માટે કે જન્નત એ જન્નુન્‌થી બન્યું છે જેનો અર્થ છુપાવું છે. એટલા માટે દીવાનગીને જુનૂન્ અને પેટના બાળકને જનીન ઢાલને જુન્નહ્, આગથી બનેલ મખ્લૂકને જિન્નાત કહે છે. અંધકારને જિન કહે છે. જન્નતનો અર્થ થયો ''છુપાયેલો બાગ'' કેમ કે એ બાગ દુનિયાવાળાઓની નજરોથી છુપો છે અથવા એ બાગનાં ઝાડો એવાં ગીચ છે કે ત્યાં જમીન નજર નથી આવતી જેથી તે જન્નત છે.

**સવાલ** : દોઝખને જહન્નમ કેમ કહે છે ?

**જવાબ** : આ શબ્દ અજમી છે, અસલમાં 'ચાહે નમ' હતો એટલો ''ઊંડો કૂવો'' કેમ કે એ ખૂબ જ ઊંડુ સ્થળ છે, અને જાણે કે આગનો કૂવો છે, જેથી એનું નામ જહન્નમ છે.

**સવાલ** : આ જન્નત તથા દોઝખ પેદા થઈ ચૂકયાં છે કે કિયામત પછી પેદા થશે ?

**જવાબ** : પેદા થઈ ચૂકયાં છે. ત્યાં જ (જન્નતમાં) પ્રથમ આદમ علیہ الصلوٰۃ والسلام રહ્યા ત્યાં જ આજે ઈદરીસ علیہ الصلوٰۃ والسلام અને શહીદોની રૂહો છે. ત્યાંની ખિડકી મુસલમાનની કબરમાં ખુલે છે. ત્યાંની જ સૈર મેઅરાજમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કરી. ત્યાંનું જ પાણી હુઝૂરે સહાબાએ કિરામને પીવડાવ્યું. ત્યાંના પાણીથી જ નીલ તથા ફુરાત જારી (વહે) છે. જહન્નમથી દુનિયામાં આગ આવી.

**સવાલ** : આટલા અગાઉથી તેમને કેમ પેદા કર્યાં ? તેમાં પ્રવેશ તો કિયામત પછી થશે, ત્યારે જ પેદા કરી આપતે !

**જવાબ** : હુકૂમતની ઓફીસો, કોઠીઓ, જેલખાનાં, ફાંસી ઘર વગેરે અગાઉથી જ તૈયાર કરી લેવામાં આવે છે, એવી રાહ નથી જોવાતી કે કોઈ ચોર પકડાઈને આવે તો જેલ બનાવવામાં આવે. જન્નત તથા દોઝખથી આજે પણ કામ લેવામાં આવી રહ્યું છે જન્નતનાં કામો ઉપર દર્શાવી દેવામાં આવ્યાં. દોઝખની આગ દુનિયામાં કામ કરી રહી છે. દોઝખથી જ ઋતુઓ બને છે કેમ કે ઉપરવાળી શ્વાસથી ઠંડી અને બહારવાળી □ાસથી ગરમી ગરમી વગેરે.

**સવાલ** : ઠંડી અને ગરમી તો સૂરજથી આવી, તેનો ખજાનો જહન્નમ છે, ત્યાંથી કરન્ટ સૂરજમાં આવી રહ્યો છે સમુદ્રમાં કયાંથી ? સમુદ્ર પાણીનો ખજાનો છે. ખજાનામાં રૂપિયા હોય છે બનતા નથી, રૂપિયા ટંકશાળમાં બને છે. એ જ પ્રમાણે સૂરજ પ્રકાશ તથા ગરમીનો ખજાનો છે, પણ તેનું કારખાનુ દોઝખ વગેરે છે. જ્યારે જન્નત તથા દોઝખ આટલા અરસાથી પેદા થઈ ચૂકયાં છે, તો અત્યાર સુધીમાં તો દરેક ચીજ પૂરાણી થઈ ચૂકી હશે, હૂરો વૃધ્ધ થઈ ચૂકી હશે !

**ઐસી જન્નતકા કયા કરે કોઈ**
**જિસમેં લાખોં બરસકી હૂરેં હૈં !**

**જવાબ** : ઝમાની (જમાનાવાળી) ચીજ પૂરાણી હોય છે, જે જમાના (સમય)થી અલિપ્ત હોય તે કદી પૂરાણી નથી થતી. તમારું શરીર પૂરાણુ થઈને વૃધ્ધ થઈ જાય છે, પણ રૂહ કદી વૃધ્ધ નથી થતી. ચાંદ, તારા, સૂરજ લાખો વરસનાં છે પણ ન પૂરાણાં થયાં ન તેમની રોશનીમાં કોઈ ઉણપ આવી. એ જ પ્રમાણે જન્નત સમયથી અલિપ્તછે જેથી દરેક સમયે સરખી રહે છે.

**સવાલ** : ત્યાંની નેહરો તથા નેહરોના દ્વારો, દૂધ, પાણી મધ વગેરે ખરાબ થઈ ચૂકયું હશે !

**જવાબ** : બગડવું કે ખરાબ થવું એ ચીજોમાં હોય છે જે મખ્લૂકની હિફાઝતમાં આપી દેવામાં આવે, કેમ કે જ્યારે મુહાફિઝ (રક્ષક) માણસ ખૂદ ફાની (નાશવંત) છે, જેથી તેની હિફાઝત અને મહફૂઝ ચીજ બંને ફાની હોય છે. જેનો મુહાફિઝ રબ હોય તેને બગડવા કે સડવાનું કેવું ?! સમુદ્ર ચાહે મીઠો હોય કે ખારો તેનું પાણી લાખો વરસનું છે પણ તે ન બગડયું ન ખરાબ થયું. કુર્આન રબની હિફાઝતમાં છે જેથી ન બગડયું ન ખરાબ થયું.

**સવાલ** : જન્નતમાં હૂરો કેમ રાખવામાં આવી ? પત્નીઓ ઔલાદ માટે હોય છે, જ્યારે ત્યાં ઔલાદ નથી તો હૂરોની પણ જરૂરત નથી.

**જવાબ** : પત્ની કેવળ ઔલાદના માટે નથી બલ્કે પુરૂષની સેવા તથા દિલ બેહલાવવા માટે, ઘરની આબાદી તથા રોનક તેનો અસલ મકસદ





છે. ઘણા લોકો એવા છે જેઓ ઔરતથી ગભરાય છે પણ પત્ની રાખે છે. વૃધ્ધાવસ્થામાં જ્યારે ઔલાદથી નિરાશા છવાઈ જાય ત્યારે પણ પત્ની રાખવામાં આવે છે. હૂરો ખિદમત તથા રોનક માટે હશે.

**સવાલ** : જન્નતમાં ઔલાદ, સલ્તનત ફોજ, રૂપિયા, પૈસા કાંઈ જ નથી જેથી ત્યાંની નેઅમતો અપૂર્ણ છે !

**જવાબ** : આ ચીજો દુનિયામાં નેઅમતો છે જન્નતમાં મુસીબત ! ઔલાદ દુનિયામાં એટલા માટે નેઅમત છે કે મૌત સામે છે, સલ્તનત તથા ફોજ એટલા માટે નેઅમત છે કે દુશ્મનનો ખતરો છે, રૂપિયા પૈસા એટલા માટે નેઅમત છે કે આપણી પાસે જિંદગીની જરૂરતો મૌજૂદ છે જે પૈસાથી ખરીદી શકાશે. પણ ત્યાં મૌત નથી એટલે ઔલાદ નથી, ફસાદ નથી જેથી સલ્તનત તથા ફોજ નથી, નાદારી નથી જેથી રૂપિયા પૈસા નથી.

**સવાલ** : જન્નતના તબકા સાત અને દોઝખના તબકા આઠ કેમ છે ?

**જવાબ** : એટલા માટે કે જન્નતી પણ વિવિધ દરજ્જાના છે અને દોઝખી પણ વિવિધ દરજાના છે. જન્નતી લોકોમાં પયગંબર અને સામાન્ય મુસલમાનો એક સરખા નથી થઈ શકતા, એવી જ રીતે દોઝઅીઓમાં અબૂજહલ અને બીજા આમ કાફિરો એક સરખા નથી, જેલમાં અમુક **એ** કલાસના કેદી છે, અમુક **બી** ના અમુક **સી** ના જેથી ત્યાં ત્રણેવ દરજાઓ તૈયાર કરવામાં આવ્યા.

**સવાલ** : જ્યારે દોઝખમાં આગનો અઝાબ છે તો એના અમુક તબકાઓ ઠંડા કેમ છે અને એમાં ઠંડક કયાંથી આવી ?

**જવાબ** : દોઝખમાંની ગરમી પણ આગથી છે અને ઠંડી પણ આગથી જ છે. નજીકથી ગરમી છે અને દૂરથી ઠંડી. જેમ કે દુનિયામાં સૂરજના નજીકથી ઉનાળાની ઋતુ બને છે અને એની દૂરીથી શિયાળાની ઋતુ બને છે. એવી જ રીતે અક્ષાંશ–રેખાંશ વિષુવવૃતની રેખાઓ એક બીજા દેશની સૂર્યથી નિકટતા તથા દૂરથી છે.

**સવાલ** : જન્નત દોઝખમાં ઈન્સાનના સિવાય બીજી મખ્લૂક પણ જશે કે નહીં ?

**જવાબ** : જન્નત કેવળ નેક માણસો માટે છે અને દોઝખ ઈન્સાનો તથા

જિન્નતો માટે છે. હા ! દોઝખમાં કાફિરોના બાતિલ મઅબૂદો, પથ્થર, ઝાડ, સૂરજ પણ હશે, પણ અઝાબ પામવા માટે નહીં બલ્કે કાફિરોને અઝાબ આપવા માટે અને પોતાની લાચારી જાહેર કરવા માટે જશે.

**સવાલ** : દોઝખમાં ફરિશ્તા હશે કે નહીં ? જો હશે તો તેમણે શો ગુનોહ કર્યો છે ?

**જવાબ** : દોઝખમાં ફરિશ્તા હશે પણ અઝાબ પામવા માટે નહીં બલ્કે દોઝખીઓને અઝાબ આપવાના માટે હશે, જેવી રીતે જેલમાં પોલીસના સિપાહી કે જેલર તથા જેલ નિરિક્ષક હોય છે.

**સવાલ** : શૈતાન પણ દોઝખમાં જશે તો તેને શો અઝાબ થશે ? તે તો જિન છે અને આગથી બનેલો છે, તો આગથી આગને શું તકલીફ થવાની ?

**જવાબ** : આગથી આગને તકલીફ પહોંચી શકે છે, જેમ કે જો કોઈ તમારા માથામાં માટીનું ઢેફુ અથવા ઈંટ મારે તો તમને ઈજા પહોંચશે, જ્યારે કે તે પણ માટીનું બનેલું છે અને તમે પણ માટીના બનેલા છો.

**સવાલ** : ફરિશ્તાઓને જન્નત કેમ નથી મળતી ? તેઓ પણ મહાન આબિદ છે.

**જવાબ** : તેમની પાસે નફસ નથી જેથી તેમને ઈબાદતમાં કાંઈ તકલીફ નથી. તેમના માટે ઈબાદત એવી છે જેવી રીતે આપણા માટે □ાસોચ્છવાસની ક્રિયા. સવાબ ઈબાદતનો મળે ન કે આદતનો. બદલાના માટે જન્નતમાં પહોંચાડનારી ચીજ 'નફસે અમ્મારા' છે, તેના મોઢામાં શરીઅતની લગામ હોય.

**સવાલ** : જિન્નાતની પાસે તો નફસ છે તો પછી તેમના માટે જન્નત કેમ નથી કે એમનામાંથી જે પરહેઝગાર હોય તે જન્નતમાં જાય ?!

**જવાબ** : તેની પાસે બુધ્ધિ નથી, બુધ્ધિ તથા નફસ બંનેની સાથે જે ઈબાદત થાય તે જન્નતમાં પહોંચાડી આપશે. જેમ કે ગંદા ખાતર અને પાક પાણીના મિશ્રણથી પાક ઉછરે છે. કૂવામાં ઘઉં નથી પાકતા, કેમ કે ત્યાં ગંદુ ખાતર (કહોવાયેલુ ખાતર) કે સૂકી જમીન નથી. કેવળ જમીનમાં વરસાદ વિના ખેતી નથી થતી કેમ કે ત્યાં પાણીની તરી (ભીનાશ) નથી.





**સવાલ** : તો પછી નેક જિન્નાતનો અંજામ શું થશે ?

**જવાબ** : જે જાનવરનો અંજામ છે કે તેમને માટી કરી દેવામાં આવશે. હુકમ થશે, **કૂનુ તુરાબન્** અઝાબથી બચી જવું એ જ તેમનો સવાબ છે.

**સવાલ** : જ્યારે જન્નતવાળાઓ માટે હમેશગી છે તો પછી હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ત્યાંથી શા માટે આવી ગયા ?

**જવાબ** : જ્યારે મોમિન બદલો પામવાના માટે ત્યાં પહોંચશે ત્યારે તેના માટે હમેશગી હશે. આદમ علیہ الصلوٰۃ والسلام ત્યાં ટ્રેનિંગ લેવાના માટે હતા, ત્યાંની બનાવટ જોઈને જમીનને એ જ પ્રમાણે આબાદ કરે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું ત્યાં મેઅરાજમાં તશરીફ લઈ જવું સૈર તથા નિરિક્ષણ માટે હતું જેથી ત્યાંથી પાછા આવ્યા.

**સવાલ** : સજા તથા બદલો દુનિયામાં જ કેમ આપવામાં ન આવ્યો ? આટલા લાંબા સમયનો વાયદો કેમ રાખવામાં આવ્યો ?

**જવાબ** : એટલા માટે કે દુનિયામાં ન કોઈ રાહત પરિપૂર્ણ છે ન તકલીફ ખાલિસ છે. અહીંની તકલીફ રાહતથી અને રાહત તકલીફથી મિશ્ર છે. જો કોઈ જાહેરી તકલીફ ન હોય તો મૃત્યુ પામવું એ ખૂબ મુસીબત છે. ખાલિસ નેક લોકોને ખાલિસ રાહત અને ખાલિસ ગુનેહગારોને ખાલિસ તકલીફ થવી જોઈએ, તે આખેરતમાં જ થઈ શકે છે. તેમજ જો સજા તથા જઝા (બદલો) દુનિયામાં જ થાત તો કોઈ કાફિર ન રહેત. જેથી ચીજોને ગૈબના પર્દામાં રાખવામાં આવી જેથી અલ્લાહ વ રસૂલ પર ભરોસો કરીને નેક બને તથા બુરાઈઓથી બચે.

**સવાલ** : હદીષ શરીફમાં છે કે જન્નતી લોકો ખૂબસૂરત ૩૦ (ત્રીસ) વરસના યુવાન હશે અને જહન્નમીઓ એટલા મોટા હશે કે તેમની એક દાઢ પહાડના જેટલી હશે ! આ શરીરોની ફેરબદલી તો પુનર્જન્મ છે. ઈસ્લામે માન્યું છે કે કેટલીક કૌમો મસ્ખ થઈ (તેમના ચહરા) બદલાઈ ગયા, મૂસા علیہ الصلوٰۃ والسلام ની લાકડી (અસો) સાપ બની ગયો હતો, એ જ તો પુનર્જન્મ છે !

**જવાબ** : રૂહની તબદીલીનું નામ **''પુનર્જન્મ''** છે, અને એ જ મના છે

અને એને માનવું ''**કુફ્ર**'' છે. એટલે એવું કે માનવ રૂહ ગધેડાની રૂહ બની જાય એ અશકય છે, કેમ કે રૂહ બસીત (બદલાય નહીં તેવી) છે. રહી જિસ્મની તબદીલી, તો એ દિવસ રાત થતી રહે છે. માણસ સડીને માટી બની જાય છે, પાણી તથા હવા આગ બની જાય છે. આ તમામ સંજોગોમાં કેવળ શરીરની તબદીલી થશે પણ રૂહ તો તે જ ઈન્સાની રહેશે. શરીરમાં માદ્દો તથા શરીર છે તો તબદીલીના વખતે માદ્દો બાકી રહે છે અને સૂરત બદલાઈ જાય છે. જેમ કે માણસ પહેલાં બાળક હતો, કાળો હતો અને હવે યુવાન ગોરો થઈ ગયો. જહન્નમી કાફિર ગમે તે શિકલમાં હશે પણ સમજશે, અક્કલ ધરાવશે, બોલશે કે ફલાણા ગુનાના કારણે અમને આ સજા મળી.

**સવાલ** : જન્નતમાં ઔરતો પર પુરૂષોથી પરહેઝ કરશે કે નહીં ?

**જવાબ** : નહીં ! ત્યાં કોઈ ચીજ વાજિબ કે હરામ હશે નહીં. એ હુકમો દુનિયાવી જિંદગીના માટે છે. જો ત્યાં તે ફર્ઝ હોય તો તે અમલની જગા હશે, જયારે કે તે જગા કેવળ બદલો પામવાની છે.

**સવાલ** : ત્યારે તો મોટો ફસાદ થઈ જશે ! કેમ કે સ્ત્રી તથા પુરૂષનું મળવું ખતરા સબબ હોય છે.

**જવાબ** : ત્યાં નફસે અમ્મારા (ગુનાહ પ્રતિ દોરનાર નફસ) ફના થઈ જશે અને એ જ ફસાદ કરાવે છે. ત્યાં માણસનું દિલ તે જ ચાહશે જે રબને પસંદ હશે. દુનિયાની પાબંદીઓ નફસે અમ્મારાના લીધે છે, જયારે તે જ ન રહ્યો તો પાબંદીઓ કેવી ? પક્ષીને ત્યાં સુધી પિંજરામાં રાખે છે જયાં સુધી તેની પાંખો છે, જયારે પાંખો જ કાપી લેવામાં આવે તો હવે તેને પિંજરામાં રાખવાની શું જરૂરત ?

## ★ મોઅ્જિઝાઓ ★

**સવાલ** : ઈસ્લામ માને છે કે ઈસા عليه الصلوٰة والسلام વગર બાપે પેદા થયા ! એ કાનૂને ઈલાહીની વિરૂધ્ધ છે. કુદરતનો કાનૂન છે કે બાળક માં બાપ બંનેના નુત્ફાથી બને છે, એના વિના બાળકનું પેદા થવું અશકય છે !





**જવાબ** : મોઅજિઝો એને જ કહે છે કે જે નિયમની વિરૂધ્ધ હોય, ત્યારે જ તો મખ્લૂક એનો મુકાબલો કરવાથી આજિઝ લાચાર થશે. બલ્કે બુઝુર્ગોના થકી નિયમની વિરૂધ્ધ કેટલીક વાતો જાહેર થવી એ પણ એક કુદરતી કાનૂન છે. બાપ વિના બાળકનું થવું અશકય નથી. પ્રથમ માનવ હઝરત આદમ તથા હવ્વા તો માબાપ વિના જ બન્યાં ! તમારા માથાની પ્રથમ જૂ (જવ) તથા ખાટલાનો પ્રથમ માંકડ, વરસાદના પહેલા કીડા મા બાપ વિના રાત દિવસ બનતા રહે છે. તો પછી હઝરત ઈસા عليه الصلوٰة والسلام વગર બાપે બન્યા તો તેનો શા માટે ઈન્કાર કરાય છે ?!

**સવાલ** : કુર્આન કહે છે કે ઈસા عليه الصلوٰة والسلام ની પેદાઈશ હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والسلام ના □ાસથી થઈ અથવા ફૂંકથી થઈ. □ાસ હવા છે તેનાથી માટીનો માનવ કેવી રીતે બની શકે છે ?

**જવાબ** : સામાન્યતઃ માનવો વિર્ય (નુત્ફા)થી બન્યા અને વિર્ય પાણી છે. જેવી રીતે માટીનો માનવ પાણીથી બની શકે છે જયારે કે પાણી માનવથી ઘણુ અલિપ્ત છે કે પાણી ન માનવ છે ન હયવાન, ન વિકાસ પામતુ શરીર. એ જ પ્રમાણે અમુક અમુક માનવ હવાથી પણ બની શકે છે. ઈસા عليه الصلوٰة والسلام એટલા માટે માટી માનવ બન્યા કે હઝરત મરયમ ઈન્સાન છે, માટીથી બનાવવામાં આવ્યાં છે. જેથી આપ માંની તરફથી બશર (માનવ) છે અને બીજી તરફ રૂહ. એટલા માટે તેમને માનવની સાથોસાથ 'રૂહુલ્લાહ'નો ખિતાબ મળ્યો.

**સવાલ** : ઈસા عليه الصلوٰة والسلام આસ્માન પર જીવતા કેવી રીતે છે ? ત્યાં શું ખાય છે ? પેશાબ પાખાનું કયાં કરે છે ?

**જવાબ** : જેવી રીતે આસ્માન પર ફરિશ્તા જીવંત છે અને પોતાના જીવંત રહેવા માટે ભૌતિક (માદ્દી) ખોરાક વગેરેના હાજતમંદ નથી તો એવી જ રીતે ઈસા عليه الصلوٰة والسلام અલ્લાહના ઝિક્રથી જીવંત છે. અને જયારે ભૌતિક ખોરાક પાણીના હાજતમંદ નથી તો તેમને માનવ જેવી હાજતો પણ નથી. તમે તમારી માંના પેટમાં કેટલાયે મહીના જીવંત રહ્યા તો બતાવો ત્યાં જમવા તથા પાખાનુ કરવા કયાં જતા હતા ? જે રબ પાંચ મહીના બાળકને માંના પેટમાં ખોરાક વિના જીવંત રાખી શકે છે તે હઝરત ઈસા

عليه الصلاة والسلام ને ત્યાં ખોરાકનો જીવંત રાખી રહ્યો છે.

**સવાલ** : માણસ માંના પેટમાં હેઝ (માસિક)નું લોહી નાફ (ડુંટી)ના થકી ચૂંસતો રહે છે, તે પણ ત્યાં ખોરાકનો ઉપયોગ કરે છે.

**જવાબ** : જાનવરોને હેઝ નથી આવતું તો તેમનાં બચ્ચાં માંના પેટમાં શું ચૂંસે છે ? મરઘીનું બચ્ચુ ઈંડામાં કેટલાય દિવસો સુધી જીવતુ રહે છે તો ત્યાં હવા, ખોરાક કયાંથી પહોંચે છે ?! અમુક ઔલિયા અલ્લાહએ વર્ષો સુધી પાણી નથી પીધું અને જીવતાં રહ્યા ! જ્યારે રૂહાનિયત જિસ્માનિયત પર ગાલિબ થઈ જાય છે તો ખોરાકની તદન જરૂરત નથી રહેતી.

**સવાલ** : ઈસા عليه الصلاة والسلام ફૂંક વડે મુડદાં કેવી રીતે જીવંત કરતા હતા ?

**જવાબ** : જેવી રીતે ખૂદ જિબ્રઈલ عليه الصلاة والسلام ની ફૂંક વડે આપ જીવંત થઈ ગયા, એવી રીતે ફૂંક વડે મુડદાંને જીવંત કરતા હતા.

**સવાલ** : મૂસા عليه الصلاة والسلام ની લાઠી સાપ કેવી રીતે બનતી હતી ? તે પણ બુધ્ધિની વિરૂધ્ધ છે ?!

**જવાબ** : જે બુધ્ધિના અનુસાર હોય તે મો'જિઝો નથી. મો'જિઝો કહે જ તેને છે જે બુધ્ધિને દંગ કરી નાખે. હા ! અશકય ચીજ મો'જિઝો નથી બની શકતી. લાઠીનું સાપ બની જવું નામુમ્કિન નથી. કેટલીક વાર સ્ત્રીના માથાના વાળ સાપ બની જાય છે, ખરાબ ખોરાક પેટમાં સાપ બનીને નીકળે છે જેને 'કરમીયા' કહે છે. અમુક સ્ત્રીઓના પેટમાં સાપ પેદા થાય છે. જેના વિશે મસાઈલ ફિકહની કિતાબોમાં છે.

**સવાલ** : ઈસા عليه الصلاة والسلام એ પેદા થતાં જ વાત કેવી રીતે કરી ? એ પણ બુધ્ધિમાં નથી સમાતું ?!

**જવાબ** : પેદા થતાં જ બોલવું પણ અશકય નથી. માણસ સિવાયની અન્ય મખ્લૂકનાં બચ્ચાં પેદા થતાં જ બોલે છે, બલ્કે રોજી શોધવા લાગે છે. ઘણા ઈન્સાનો પેદા થતાં જ બોલ્યા, આદમ عليه الصلاة والسلام, યૂસુફ عليه الصلاة والسلام ના શાહિદ જરીહની ગવાહી આપનાર બાળક એ સૌએ બાળપણામાં જ વાત કરી. આ જમાનામાં અમુક બાળકો પેદા થઈને બોલ્યાં છે, જે કેટલીવાર વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ થયું. મતલબ કે આ મો'જિઝો પણ આદત (સામાન્ય નિયમ)ની વિરૂધ્ધ છે પણ શકયતાની વિરૂધ્ધ નથી.





**સવાલ** : મૂસા عليه الصلاة والسلام ની લાકડી (અસા) તેમના પછી દુનિયામાં રહી કે નહીં ?

**જવાબ** : રહી, જેમ કે તાલૂતના જમાનામાં જે તાબૂતે સકીના ઉતર્યું તેમાં જે તબર્રુકો હતાં એમાં એ પણ હતી. રબ ફર્માવે છે :–

فِيهِ بَقِيَّةٌ مِّمَّا تَرَكَ اٰلُ مُوْسٰى وَاٰلُ هٰرُوْنَ تَحْمِلُهُ الْمَلٰٓئِكَةُ

(પારા–૨૫)

**સવાલ** : તેમના પછી તે લાકડી (અસા)માં તાષીર હતી કે નહીં ?

**જવાબ** : ના ! ન મૂસા عليه الصلاة والسلام થી પહેલાં એ તાષીર હતી ને તેમના પછી. અસાના માટે મૂસાના હાથની મૂસાના હાથ માટે તે અસાની જરૂરત છે. જ્યારે એ બંનેવ એકત્ર થાય ત્યારે એ તાષીર પેદા થાય ! આપના મુબારક હાથમાં અન્ય લાઠીઓ સાપ બનતી ન હતી અને ન આ લાઠી અન્યોના હાથમાં સાપ બની શકી. વીજળીની રોશની ત્યારે જ થાય છે જ્યારે પાવર અને બલ્બ બંનેવ હોય. જો બલ્બને ફાનસમાં લગાડી દો અથવા વીજળીનું કનેકશન ફાનસ સાથે કરી દો તો પણ કદી રોશની થશે નહીં.

**સવાલ** : સાલેહ عليه الصلاة والسلام ની ઊંટણી પથ્થરથી પેદા થઈ. એ કેવી રીતે થઈ શકે છે ?

**જવાબ** : માટીમાં રાત દિવસ જાનવર પેદા થાય છે, પથ્થરોથી ઝાડ, વનસ્પતિ, પાણીનાં ઝરણાં નીકળતાં રહે છે. જો પૈગંબરના મો'જિઝોથી એક જાનવર નીકળી આવે તો શું મુશ્કેલ છે ? કેટલાક ફળોમાં કુદરતી કીડા થાય છે જેમ કે કપાસનું જીંડવુ. એ જ પ્રમાણે તે ઊંટણી પેદા થઈ.

**સવાલ** : કુર્આન તેને 'નાકતુલ્લાહ' (અલ્લાહની ઊંટણી) કહી છે તો શું અલ્લાહ તેના પર સવાર થતો હતો ?!

**જવાબ** : તેને 'નાકતુલ્લાહ' એટલે અલ્લાહની ઊંટણી બે કારણે કહેવામાં આવી, કયાં તો એટલા માટે કે તે કોઈની માલિકીની ન હતી, જેમ કે મસ્જિદને અલ્લાહનું ઘર કહી દઈએ છીએ, એટલે કે અલ્લાહની ચીજ, તેના પર મખ્લૂકનો દાવો નથી, અથવા એટલા માટે કે તેને રબ તઆલાએ ડાયરેકટ અસ્બાબના વસીલા વિના પેદા કરી. જેમ કે ઈસા عليه الصلاة والسلام ને

રૂહુલ્લાહ ''અલ્લાહની મોકલેલી રૂહ'ના અર્થમાં બોલવામાં આવે છે. અથવા એટલા માટે કે ઊંટણી પાસેથી કોઈ દુનિયવી કામ લેવામાં આવતુ ન હતું.

**સવાલ** : હુઝૂર عليه الصلوة والسلام એ ચંદ્ર કેવી રીતે ચીરી નાખ્યો ? જમીન પરથી આસ્માન પર અસર કેવી રીતે થાય ?! એ તો બુધ્ધિની વિરૂધ્ધ છે. એ જ પ્રમાણે સૂર્યનું પાછા આવવું બુધ્ધિમાં આવતુ નથી !

**જવાબ** : રબને માટે એ પણ કાંઈ મુશ્કેલ નથી, આસ્માન પર સૂર્ય છે પણ બિલ્લોરી કાચ વડે તેનાં કિરણો કપડુ સળગાવી દે છે. જ્યારે સૂરજનો પ્રકાશ આટલા દૂરથી સળગાવી શકે છે તો મુસ્તફા عليه الصلوة والسلام ની આંગળીનું નૂર આસ્માન પર ચંદ્રને ફાડી (ચીરી) શકે છે. મેસ્મેરીઝમવાળો નિગાહના નૂર વડે દૂરથી કાચ તોડી આપે છે, ચીજો ખેંચી લે છે. જો મેસ્મેરિઝમવાળાની નજર દૂરથી ભારે ચીજ ખેંચી શકે છે તો મુસ્તફા عليه الصلوة والسلام ની પાક નજર દૂરથી સૂર્યને ખેંચી શકે છે. લોહ ચુંબક લોખંડ ખેંચે છે, આજે સાયન્સના થકી હજારો કરિશ્મા જોવામાં આવી રહ્યા છે. આ સૌ ભૌતિક (માદ્દી) શકિતઓ છે તો નૂરી તાકતો તો કયાંય આ'લા છે.

**સવાલ** : હુઝૂર عليه الصلوة والسلام મેઅરાજમાં કેવી રીતે પહોંચ્યા ? માર્ગના ઠંડા ગરમ પટો કેવી રીતે પસાર કર્યા ? આસમાનમાં દરવાજો નથી તો તેમાં કેવી રીતે પ્રવેશ્યા ? આટલી લાંબી મુસાફરી થોડીક જ સેંકડોમાં કેવી રીતે પાર પાડી ? આ તો બુધ્ધિમાં સમાય તેવું નથી !

**જવાબ** : આ સાયન્સના જમાનામાં મેઅરાજનો ઈન્કાર મૂર્ખતા છે. હૂઝૂર ઐન નૂર છે. આપણી આંખોનું નૂર ચશ્માના કાચમાં થઈને દરવાજા વિના પસાર થઈ જાય છે. આસ્માનોને ચીરતુ સાતેવ આસ્માનોના તારા જોઈ લે છે, ન આગની શકિતથી તપે છે ન સખ્ત ઠંડકથી ઠંડુ પડે છે. આજે ટેલીગ્રાફ અને વીજળી સેંકડમાં જ હજાર માઈલ કાપી નાખે છે. આ કરિશ્મા આગના છે તો નૂરની શકિત એનાથીય વિશેષ છે. મેઅરાજની રાત્રે મુસ્તફા صلى الله تعالى عليه وسلم ની નૂરાનિયતનું પ્રદર્શન છે.

**સવાલ** : લોકો કહે છે કે નબી صلى الله تعالى عليه وسلم આલમ ઝર્રા ઝર્રા (રજકણ)ની ખબર રાખે છે, તો એ કેમ કરીને થઈ શકે છે કે મદીનામાં બેસીને આખા





વિ□ને જુએ ?

**જવાબ** : ફરિશ્તાઓ અને નબીઓને રબ તઆલાએ વિ□ની વ્યવસ્થા સોંપી છે. એટલા માટે તેમને ઈલ્મ તથા શકિત અર્પી છે જેથી યોગ્ય વ્યવસ્થા કરી શકે. રેલ્વેમાં એક અધિકારી હોય છે જેને કન્ટ્રોલર કહે છે, તે એક રૂમમાં બેસીને દરેક ગાડીની ખબર રાખે છે અને સર્વ ગાડીઓનું કન્ટ્રોલિંગ કરે છે. એક તખ્તો તેની સામે હોય છે જેમાં વીજળીના થકી દરેક ગાડીની હરકત તેને માલૂમ થતી રહે છે. લાહોરનો કંટ્રોલર પેશાવરથી કરાંચી સુધીની તમામ ગાડીઓ પર એક જ સમયે એવી નજર રાખે છે કે સુબ્હાનલ્લાહ ! તો જો દુનિયાનો આ'લા કન્ટ્રોલર મદીના પાકના હુજરામાં બેસીને દુનિયાના ઝર્રા ઝર્રાની ખબર રાખે તો શું મુશ્કેલ છે ?! હઝરત ઉમર رضى الله عنه મદીનામાં ખુત્બો પઢતા પઢતા નેહાવંદની ફૌજની કમાન્ડ સંભાળી શકે છે તો જે સૂરજના આ ઝર્રા છે તે સૂર્ય ઈલ્મનો આલમ શું હોવો જોઈએ ?!

**સવાલ** : મુબારક હદીષોમાં છે કે હુઝૂર صلى الله تعالى عليه وسلم ની મુબારક આંગળીઓથી પાણીનાં ઝરણાં ચાલુ થયાં ! આ કેમ કરીને શકય છે ?!

**જવાબ** : આશ્ચર્ય છે કે પ્રશ્નકર્તા એ તો માની લે છે કે પથ્થરેથી પાણીની નેહરો અને નદીઓ નીકળી શકે છે, કૂવાના તળિયાની માટીઓથી પાણી ઉભરાઈ છે, જ્યારે પથ્થર અતિશય સખત છે અને માટી તદ્દન શુષ્ક છે. મુસ્તફા صلى الله تعالى عليه وسلم ની નાઝુક નરમ નરમ આંગળીઓ જો પાણી વહાવે તો શા માટે ઈન્કાર છે ? મો'જિઝો તદ્દન હક્ક છે.

**સવાલ** : સારું ! એ પાણી કેમ કરીને નીકળી આવ્યું ? કયાંકથી આવ્યું કે ત્યાં જ બન્યું ?

**જવાબ** : એ તો રબ તઆલા જ જાણે ! ત્રણ સ્થિતિઓ સમજમાં આવે છે. કયાં તો એ વખતે પ્યાલાનું કનેકશન હૌઝે કૌષર સાથે કરી દેવામાં આવ્યું અને ત્યાનું પાણી આંગળીઓએથી નીકળ્યું, જેવી રીતે વોટર વર્કસનું પાણી આપણા ઘરે નળેથી નીકળે છે. અથવા આસપાસની હવા આંગળી મુબારકેથી સ્પર્શીને પાણી બની ગઈ, જેમ કે ઠંડા ગ્લાસ અથવા હાંડીના કાચની સપાટી પર હવા લાગીને પાણી બની જાય છે.

અથવા રબ તઆલાએ પોતાની કુદરતથી ત્યાં જ પાણી પેદા ફર્માવ્યું, જેવી રીતે પથ્થરો અને કૂવાની સાથેની માટી વડે થાય છે કે તેનાથી ત્યાં જ પાણી બનીને ફૂટે છે.

**સવાલ** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કાંકરાઓ, ઝાડો તથા જાનવરોની પાસે પોતાનો કલ્મો કેવી રીતે પઢાવી લીધો ?! તેમનામાં તો બોલવાની શકિત જ નથી ?

**જવાબ** : એ પણ અશકય નથી. વર્તમાન વિજ્ઞાન માને છે કે ઝાડ બોલે છે. કુર્આન પણ ગવાહ છે કે દરેક ચીજ રબ તઆલાની તસ્બીહ કરે છે. આજે લોખંડ, તાંબુ બોલી રહ્યું છે, રેલ સિટી મારે છે, ફોનોગ્રામની રેકોર્ડ એક સોય લગાડવાથી સ્પષ્ટ ગીતો ગાય છે. તો જો નબીના હુકમથી એ ચીજો બોલી ઉઠે તો શકય છે.

**સવાલ** : એ વાણીની શું સ્થિતિ હતી ? શું તેમને બોલાવવામાં આવ્યાં અથવા તો બોલી રહ્યાં હતાં અને લોકોને સંભળાવવામાં આવ્યું ?

**જવાબ** : બંને સ્થિતિઓ થઈ છે. સહાબાએ કિરામ ફર્માવે છે કે, ''અમે ખાણા (ભોજન)ની તસ્બીહ સાંભળ્યા કરતા હતા.'' અહીં તસ્બીહ પહેલેથી થઈ રહી હતી જે તેમના કાનોને સંભળાવી દેવામાં આવી. સુતૂને હન્નાના હુઝૂરના વિરહમાં રડયો અને વિનવણી કાકલૂદી કરી. કેદી હરણીએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફરિયાદ કરી, ઊંટોએ હુઝૂરને માલિક વિશે શિકાયત કરી, અહીં એ સમયે વાણી (બોલી) તેમનાથી જારી થઈ ગઈ. આ બંને મો'જિઝા છે.

**સવાલ** : શું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નુ શરીર મુબારક પડછાયા વિનાનુ હતું ? એ કેમ કરીને શકય છે ? શરીરને પડછાયો અનિવાર્ય છે !

**જવાબ** : નૂરાની તથા લતીફ શરીરોનો પડછાયો આજે પણ નથી પડતો ! હવાને પડછાયો નથી કેમ કે એ નૂરાની છે. એકદમ સાફ કાચનો પડછાયો નથી પડતો કેમ કે તે સાફ સ્વચ્છ છે. આગનો ગોળો જે આગ છે તેનો પડછાયો નથી, જ્યારે કે તેમનામાં હુઝૂરની નૂરાનિયતનો કરોડમાં હિસ્સો પણ નથી. સૂરજ તથા ચાંદ તારાઓનો પડછાયો નથી તો મદીનાના





ચાંદનો પડછાયો કયાંથી હોય ?!

**સવાલ** : ઈતિહાસમાં છે કે હુઝૂરે પેદા થતાં જ સિજદો કરીને ઉમ્મતના માટે શફાઅત કરી. તો નવજન્મ પામેલ બાળક સિજદો કરવાનું, વાત કરવાનું, રબની હમ્દો ષના કરવાનું શું જાણે ?

**જવાબ** : આપણા સામાન્ય બાળકો નાસમજ પેદા થાય છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તો આફતાબે રિસાલત (રિસાલતના સૂર્ય) છે. હુઝૂરની ઉમ્મતમાં અમુક બાળકો પઢેલાં પેદા થયાં. મેં ખૂદ અજમેર શરીફની પાંચ વરસની બાળકી જોઈ જે સંપૂર્ણ કુર્આનની હાફેઝ હતી, તેનું નામ આમેના બી હતું. વળી કાઠિયાવાડમાં તેની બહેન લગભગ ત્રણ વરસની બાળકીને જોઈ જેને કુર્આન ખૂબ જ આ'લા દરજાનું યાદ હતું. તેની દાયણનું કહેવું હતું કે એ હાફિઝ પેદા થઈ. તો હવે જે સૌને શીખવાડવા આવે છે તે રબથી શીખીને આવે છે ! જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નબુવ્વતના ઝહૂર પહેલાં રબના આબિદ તથા સાજિદ હતા. તે ઈબાદત તથા સિજદા પોતાના ઈલ્હામથી કર્યા અને ઈલ્હામ પછીથી થનાર વહીના પ્રમાણે થયા. *(જુઓ શામી)*

**સવાલ** : ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام પર આગ કેવી રીતે બાગ બની ગઈ ? આગ તો બાગને પણ સળગાવી દે છે !

**જવાબ** : અલ્લાહના હુકમ વડે. જુઓ કે પારસને સ્પર્શીને લોખંડ સોનુ બની જાય છે. અમુક જડી બુટ્ટીઓના અર્કથી સ્પર્શીને તાંબુ સોનુ બની જાય છે અને કલઈ ચાંદી બની જાય છે. એ જ પ્રમાણે આગ હઝરત ખલીલથી સ્પર્શીને ફૂલ બની ગઈ હતી.

**સવાલ** : મૂસા علیہ الصلوٰۃ والسلام પર જાદૂગરોનો જાદૂ ન ચાલ્યો અને હુઝૂર પર જાદૂ કેમ ચાલ્યો ?!

**જવાબ** : ત્યાં જાદૂ મો'જિઝોના મુકાબલામાં કરવામાં આવ્યો જેથી નિષ્ફળ ગયો અને અહીં મુકાબલો ન હતો બલ્કે ચોરની જેમ જાદૂગરે અમલ કર્યો જેની અસર બશરિયતના હકમાનુસાર કાંઈક થઈ ગઈ. જેમ કે અમુક પૈગંબર શહીદ થયા તો એ કે તલ્વારની અસર તેના બશરી

શરીરો પર થઈ ગઈ.

## ★ તકદીરનો મસ્અલો ★

**સવાલ** : તકદીરનો અર્થ શું છે અને તેને તકદીર શા માટે કહે છે ?

**જવાબ** : તકદીર કદરથી બન્યું છે જેનો અર્થ અંદાઝો તથા માપ બાંધવું થાય છે. તકદીરનો અર્થ છે અંદાઝો લગાડવો અથવા નિશ્ચિત કરવું.

**સવાલ** : તકદીરની હકીકત શું છે ?

**જવાબ** : તકદીર રબના તે ઈલ્મનું નામ છે જે આલમના અહવાલના વિશે છે, રબ તઆલાને ઈલ્મ હતો કે ફલાણો માણસ પોતાની જિંદગીમાં ફલાણુ ફલાણુ કામ કરશે, એ તેની તકદીર થઈ. એ જ ઈલ્મને લોહે મેહફૂઝમાં લખી દેવામાં આવ્યો એ તેની તકદીરનું લખાણ થયું. પછી બંદાએ તેવા જ અમલ કર્યા જેને આમાલનામામાં લખી દેવામાં આવ્યા, એ તકદીરનું પરિણામ છે.

**સવાલ** : જ્યારે અલ્લાહના ઈલ્મમાં સર્વ કાંઈ આવી ચૂકયું છે અને તેની વિરૂધ્ધ થવું અશકય છે તો બંદો ગુનેહાગર ન ગણાવો જોઈએ, કેમ કે તેણે તે જ કર્યું છે જે પહેલાં લખી દેવામાં આવ્યું હતું ! જેથી બંદો લાચાર છે !

**જવાબ** : જેવી રીતે બંદો નેકી કરીને સવાબનો હકદાર બને છે એવી જ રીતે ગુનોહ કરીને અઝાબનો પણ હકદાર બને છે. રબના ઈલ્મ તથા લખી દેવાથી બંદો મજબૂર કેવી રીતે થઈ ગયો ! મજબૂર તો તે છે જેનાથી વિના ઈરાદે કાંઈ થઈ જાય. જેમ કે કંપવાની ધ્રુજારી અને અકસ્માતે ગબડી પડવું.....વગેરે અને જે કાંઈ ઈરાદાપૂર્વક થાય તે ઈખ્તિયારી કહેવાય છે અને બંદો મુખ્તાર છે. રબના ઈલ્મમાં એ હતું કે બંદો પોતાના ઈખ્તિયાર તથા ઈરાદાપૂર્વક આ કામ કરશે તેને લખી દેવામાં આવ્યું, રબ તઆલાએ ન તે ગુનાહોનો હુકમ આપ્યો ન તેનાથી રાજી થયો.

**સવાલ** : જ્યારે રબ તઆલાએ બંદાઓના ગુનાહોનો ઈરાદો કર્યો તો તે ગુનાહોથી રાજી થયો, નહીં તો ઈરાદો જ શા માટે કરતે ?! અને જે કામથી રબ તઆલા રાજી હોય તો ગુનાહ નથી, જેથી ગુનોહ ગુનોહ ન થયો !





(ગુનોહ ન ગણાશે !)

**જવાબ** : ઈરાદો, હુકમ અને રઝા (રાજી હોવું, રાજીપો) અલગ અલગ ચીજો છે. ઈરાદાને માટે રઝા તથા હુકમ લાઝિમ (જરૂર) નથી. રબ તઆલાએ ઈસ્માઈલ عليه السلام ને ઝબહ કરવાનો હુકમ આપ્યો પણ ઈરાદો ન કર્યો. અબૂ જહલને ઈસ્લામનો હુકમ હતો પણ ઈરાદો ન હતો. એ જ પ્રમાણે અબૂ જહલ ઈસ્લામ લાવે એનાથી રબ તઆલા રાજી પણ તેનો ઈરાદો નથી કર્યો.

**સવાલ** : કુર્આન કહે છે : وَمَا تَشَآءُوْنَ اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ રબના ચાહયા વિના તમે કાંઈ ચાહી પણ નથી શકતા, તો પછી આપણે મુખ્તાર કેવી રીતે ?

**જવાબ** : બેશક ! આપણે ચાહીએ છીએ, ગૈર મુખ્તાર છીએ. પણ એ કાર્યમાં તો મુખ્તાર છીએ. દા.ત., ઝૈદ કત્લ કરશે, રબ તઆલા ઈરાદો ફર્માવી ચૂકયો. તો યકીનન ઝૈદ ઈરાદાથી કત્લ કરશે. તો એમાં ઝૈદ કત્લના ઈરાદામાં મજબૂર ગણાશે પણ કત્લના કાર્યમાં ઈખ્તિયારવાળો રહ્યો, કેમ કે તે ઈરાદાથી છે, અને સજા કત્લની છે ન કે કત્લના ઈરાદાની. જો એવું ન હોય તો કંપવાની ધ્રુજારી અને હાથ હલાવવામાં ફરક ન રહ્યો, અને માણસ તદ્દન પથ્થર બનીને રહી જશે.

**સવાલ** : ઈન્સાન ગૈર મુખ્તાર જ જણાય છે. ખરેખર પથ્થર તથા ઈન્સાન અલ્લાહના ઈરાદામાં સમાન જ છે.

**જવાબ** : આશ્ચર્યની વાત છે કે અક્કલ વિહોણો કૂતરો તો પથ્થરમાં અને તમારામાં ફરક કરી લે કે જો તમે કૂતરાને પથ્થર મારો તો તે તમને કરડે ન કે પથ્થરને, અને તમે બુધ્ધિશાળી થઈને ફરક ન કરો ! અને એ પણ કેવળ કહેવાની વાત છે, નહીં તો જાલિમ પર કેસ કેમ કરો છો ? સમજી લો કે તે પણ પથ્થરની જેમ લાચારીને કારણે સતાવી રહ્યો છે ! પથ્થર પર કોઈ કેસ નથી કરતું, તો તમે પણ જાલિમથી બદલો ન લો !

**સવાલ** : રબ તઆલા ફર્માવે છે, ‘‘જેને ખુદા ગમુરાહ કરી દે તેને કોઈ હિદાયત નથી આપી શકતું. અલ્લાહે તેમના દિલો પર મોહર કરી દીધી

છે.'' જ્યારે રબ ગુમરાહ કરે, દિલો પર મોહર લગાડે, તો પછી બંદો તદન નિર્દોષ છે ! આંધળો, બેહરો, દીવાનો ન જુએ ન સાંભળે ન સમજે ! તદન બેકસૂર હોય છે.

**જવાબ** : આ આયતોમાં خَتَمَ اللّٰهُ નો અર્થ તો જાહેર છે કે તે કાફિરોએ કુફ્ર કરીને ઈમાન તથા અન્ય નેકીઓથી દૂર રહીને પોતાના દિલને એવુ કાળુ કરી નાખ્યું કે ભાવિમાં તેમનું નેકીઓ પ્રતિ વળવું મુશ્કેલ થઈ ગયું. એને મોહર અથવા ખતમ કહે છે. આ 'ખતમ'માં તે મુજરિમોના જુર્મોની મોટી દખલ છે. જે કોઈ પોતે પોતાની આંખ ફોડે, કાન ફાડીને બેહરો બની જાય અથવા ખૂદકશી કરી લે તો તેના અંધાપા અથવા મૌતનો ખાલિક તો રબ જ છે છતાં તે પણ યકીનન મુજરિમ છે. જેમ કે પોતે ગળે તલવાર ચલાવી દેવી એ પોતાની મૌતનો સબબ છે એવી જ રીતે ગુનાહની અધિકતા દિલના કાળા હોવાનો સબબ છે. બીજા ઠેકાણે ઈર્શાદ છે : كَلَّا بَلْ عَلٰى قُلُوْبِهِمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ ''તેમનાં કુકર્મોએ તેમનાં દિલોને કાટમય બનાવી દીધાં.'' અહીં મોહર તથા કાટના કર્તા ગુનાહોને ઠરાવ્યા. **વ મંય્ યુદલિલ્** માં ગુમરાહીને રબની પ્રતિ એટલા માટે સંબંધિત કરવામાં આવી કે તે તેનો ખાલિક છે અથવા એની ખબર આપી ચૂકયો છે. જેથી ગુમરાહીનું કારણ બંદો છે અને રબ તેનો ખાલિક છે. મતલબ એ થયો કે જેની ગુમરાહી રબના ઈલ્મમાં આવી ચૂકી અથવા જેના પર તેના અમલોના કારણે રબે ગુમરાહી પેદા કરી દીધી તેને કોઈ હિદાયત નથી આપી શકતો.

**સવાલ** : બંદો મુત્લકન (સંદતર જેમાં કોઈની દખલ ન હોય) મુખ્તાર છે અથવા સંદતર મજબૂર છે ? જો મુખ્તાર છે તો રબનો ઈરાદો બેકાર ! અને જો મજબૂર છે તો મઅ્ઝૂર છે.

**જવાબ** : ન મુત્લકન મુખ્તાર છે ન મુત્લકન મજબૂર છે. 'કસબ'માં મુખ્તર છે અને 'ખલ્ક'મા મજબૂર છે. 'કસબ' કરે છે સબબો જમા કરવાને અને 'ખલ્ક' કહે છે અનઅસ્તિત્વને અસ્તિત્વ અર્પવું, જેમ કે બકરીના ગળા પર છરી ચલાવી દેવી એ મૌત માટેનો 'કસબ' છે અને મૌત આપવું એ 'ખલ્ક' છે. પ્રથમમાં બંદો મુખ્તાર છે અને બીજામાં મજબૂર છે.





**સવાલ** : રબે શૈતાનને પેદા જ શા માટે કર્યો જે ગુનાહોની જડ છે ?

**જવાબ** : શૈતાન દુનિયાનો કડીયો છે, જો એ ન હોત તો દુનિયામાં કાંઈ ન હોત. કેમ કે પછી પોલીસ, લશ્કર, કચેરી ત્યાં સુધી કે બાદશાહ વગેરે સૌ બેકાર થાત. જ્યારે કોઈ મુજરિમ અને ફસાદી ન હોત તો ખાતાંઓની શું જરૂરત હતી ?! બલ્કે વળી અંબિયાએ કિરામનું આગમન અને તબ્લીગની પણ શું જરૂરત હતી ? દોઝખ અને અઝાબના ફરિશ્તા પણ બેકાર હોત. ખુદાની સિફતો ગફ્ફારી, સત્તારી, કહ્હારીનો ઝહૂર પણ ન હોત, કેમ એ સિફતો બંદાઓના ગુનાહોથી જાહેર થાય છે. બલ્કે ત્યારે તો ન આદમ عليه السلام ઘઉં ખાત ન જમીન પર તશરીફ લાવત ન દુનિયા આબાદ બનત.

વિચારવાથી જાણવા મળે છે કે ગરમી તથા ઠંડી, પાક તથા નાપાક, સારી તથા બુરી ચીજો વડે દુનિયાથી વ્યવસ્થા ચાલે છે, જો તેમાંથી એક ન હોય તો દુનિયા ખત્મ થઈ જાય. ગંદા ખાતર અને પાક પાણી વડે દાણો બને છે, ગરમ તથા ઠંડી શકિત વડે વીજળી બને છે, ભૂખ અને તૃપ્તિ વડે દુનિયા ચાલે છે.

**સવાલ** : ત્યારે તો શૈતાન ઘણી સારી ચીજ છે ! તેને લઅ્નત શા માટે કરો છો ?!

**જવાબ** : નહીં ! શૈતાન તો બુરો જ છે.

**સવાલ** : જ્યારે શૈતાન મરદૂદ થયો ન હતો ત્યારે જમીન પર વસનાર જિન્નાતોએ ફસાદ (લડાઈ ઝઘડા) શા માટે કર્યા ? તેમને કોણે બહેકાવ્યા ? અને ખૂદ શૈતાનને કોણે બહેકાવ્યો ?

**જવાબ** : તેમને તેમના 'નફસે અમ્મારા'એ બેહકાવ્યા. જુઓ, રમઝાનમાં શૈતાન કૈદ હોય છે પણ છતાં ગુનાહ થાય છે એ નફસને કારણે થાય છે. શૈતાનનો નફસ શૈતાનથી પણ વધુ ખતરનાક છે. આપણને ગુમરાહ નફસ જ કરે છે શૈતાન તો નફસને બુરો માર્ગ દેખાડીને અલગ થઈ જાય છે.

**સવાલ** : ઈન્સાન ફરિશ્તાઓથી અફઝલ શાથી છે ? ફરિશ્તા તો નફસ તથા શૈતાનથી મેહફૂઝ અને ગુનાહોથી મઅ્સૂમ છે.

**જવાબ** : ઈન્સાન એવી ઈબાદતો કરી શકે છે જે ફરિશ્તાઓથી નથી થઈ

શકતી. રોઝા, ઝકાત, હજ્જ, સબ્ર, શુક્ર ફરિશ્તા નથી કરી શકતા, કેમ કે તેઓ ખાવા પીવાથી પાક છે. વળી તે ઈબાદતોમાંથી દરેકમાં સેંકડો ઈબાદતો છે. રોઝામાં ખાવું, પીવું, સંભોગ, ગીબત, જૂઠ વગેરે છોડવું એ પાંચ ઈબાદતો થઈ. ઈફતાર, સહેરી, તરાવીહ, એતેકાફ વગેરે એ પણ પાંચ થઈ. એ જ પ્રમાણે હજ્જ તથા ઝકાતને સમજી લો. અને જે ઈબાદતો ફરિશ્તા તથા ઈન્સાનોમાં સંયુકત છે, જેમ કે અલ્લાહનો ઝિક્ર અને નમાઝ એમાં ઈન્સાન ઉચ્ચ છે. કેમ કે અલ્લાહની નિકટતાવાળા (મુકર્રબ) ફરિશ્તાઓમાંથી કોઈ કેવળ કિયામમાં છે, કોઈ રુકૂઅમાં, કોઈ સિજદામાં, એ જ પ્રમાણે જાનવરોનો હાલ છે. પણ ઈન્સાની નમાઝમાં આ સર્વ ચીજો (કિયામ, રુકૂઅ, સિજદા) મૌજૂદ છે, વળી ઈન્સાન મસ્જિદમાં આવીને ઈબાદત તથા ઘરે પહોંચીને દુનિયવી વ્યવસ્થા કરે છે જેથી એ મુકર્રબ (નિકટતાવાળો) પણ છે અને કાર્ય માટે નિયુકત પણ છે. એટલા માટે નબુવ્વત કેવળ માણસોને મળી. વળી માણસને ઈબાદતથી રોકનારી લાખો ચીજો છે અને ફરિશ્તાને ઈબાદતમાં કોઈ અવરોધક ચીજ નથી જેથી તેની (માણસની) થોડી ઈબાદત પણ અધિક છે. આ કારણોને લઈને માણસ ફરિશ્તાઓથી અફઝલ છે.

**સવાલ** : શરીઅતમાં કોઈ દિવસ મનહૂસ પણ છે ?

**જવાબ : નહીં !** (કોઈ દિવસ મનહૂસ નથી) પણ, **હા ! અમુક** દિવસ અમુક કામો માટે **અધિક યોગ્ય** છે. **રવિવાર** બાગ લગાડવા, મકાન બનાવવા, ખેતીની ઓરણીના માટે અધિક યોગ્ય છે. કેમ કે એ દિવસે જન્નતનો બાગ લગાડવામાં આવ્યો. **સોમવાર** વ્યાપારિક સફરને માટે બેહતર છે કેમ કે એ જ દિવસે હઝરત શોઐબ عليه الصلوٰة والسلام એ વેપાર માટેની પ્રથમ મુસાફરી કરી જેમાં ખૂબ જ નફો થયો.**મંગળવારે** ખરાબ લોહી કઢાવવું અને ઓપરેશન કે હજામત કરાવવું બેહતર નથી કેમ એ દિવસ ખૂનનો છે. એ દિવસે આ કામ કરવાથી કોઢ થવાનો અંદેશો છે. એ જ દિવસે હઝરત હવ્વાને લોહી આવ્યું, હાબિલનું ખૂન થયું. હઝરત ઝકરિયા, યહયા عَلَيْهِمُ السَّلَام અને જર્જીસ તથા ફિરઔનના જાદૂગર હઝરત કૈસાને કત્લ કરવામાં આવ્યા. **બુધ**નો આખરી હિસ્સો ઈલ્મ શરૂ





કરવાના માટે બેહતર છે. **જુમેરાત**નો દિવસ ઉમરાવો, સુલ્તાનોને મળવા માટે અને કેસ દાખલ કરવા માટે બેહતર છે, કેમ કે એ જ દિવસે હઝરત ઈબ્રાહીમ عَلَيْهِ السَّلَام એ નમરૂદના મુનાઝરામાં જીત મેળવી. જુમ્આનો દિવસ નિકાહના માટે બેહતર છે કેમ કે તે દિવસે હઝરત હવ્વાનો હઝરત આદમ عليه الصلوٰة والسلام ની સાથે, ઝુલૈખાનો યુસુફ عليه الصلوٰة والسلام ની સાથે અને બિલ્કીસનો હઝરત સુલૈમાન عليه الصلوٰة والسلام ની સાથે અને બીબી ખદીજા رضی اللہ تعالیٰ عنہا નો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે નિકાહ થયો. *(રૂહુલ બયાન, સૂરએ યૂનુસ)*

**સવાલ** : જ્યારે સર્વ ચીજો તકદીરમાં આવી ગઈ છે તો દુઆઓ શા માટે માંગવામાં આવે છે ? જે થવાનું છે તે તો આપોઆપ થઈ જશે ?

**જવાબ** : દુઆ માંગવુ પણ તકદીરમાં આવી ચૂકયું છે કે બંદો આ દુઆ કરશે તો આ નેઅમત પામશે. એટલા માટે બીમારીની દવા, રોજીના માટે રોજગાર, બીમાર પાસે પરહેઝી કરાવવામાં આવે છે. જો કે તંદુરસ્તી, રોજી સૌ મુકદરમાં નિશ્ચિત છે પણ આ સબબો પણ તકદીરમાં લખેલા છે.

**સવાલ** : શું તકદીરમાં ફેરફાર થઈ શકે છે ? જો થઈ શકે છે તો તેનો શો અર્થ ? إِذَا جَآءَ اَجَلُهُمْ لَا يَسْتَاْخِرُوْنَ سَاعَةً وَّلَا يَسْتَقْدِمُوْنَ اُمُّ الْكِتَابِ (જયારે તેમની મૌત આવે છે તો એક ઘડી પણ આગળ પાછળ નથી થતી.) જો ફેરફાર નથી થઈ શકતો તો આ હદીષનો શું મતલબ કે, ‘‘દુઆ કઝાને બદલી નાખે છે.’’ અથવા ‘‘દાઊદ عليه الصلوٰة والسلام ની ઉમર ૬૦ વરસની હતી પરંતુ આદમ عليه الصلوٰة والسلام ની દુઆથી ૧૦૦ વરસની થઈ ગઈ.’’ અથવા ‘‘સદકો ઉમર વધારે છે.’’

**જવાબ** : તકદીર જે (અલ્લાહના ઈલ્મોમાંથી) ઈલ્મે ઈલાહી છે તેમાં તબદીલી અશકય છે. એનું નામ **કઝાએ મુબરમ** છે. એનું વર્ણન એ આયતમાં છે. અને તકદીર જે અહ્લામે ઈલાહી છે (અલ્લાહના ઈલ્મોમાથી) જેનું ફરિશ્તાઓમાં એલાન થાય છે, એને ‘‘કઝાએ મુઅલ્લક’’ કહે છે, તેમાં ફેરફાર થઈ શકે છે. એ હદીષોમાં એ જ તકદીરોનો ઉલ્લેખ છે. એના માટે આ આયત છે :

يَمْحُوا اللّٰهُ مَا يَشَآءُ وَيُثْبِتُ وَعِنْدَهٗۤ اُمُّ الْكِتَابِ

**સવાલ** : જ્યારે અમુક રૂહો જન્નતી અને અમુક રૂહો દોઝખી પેદા થઈ છે તો અમલોની શું જરૂરત છે ? દરેક રૂહ પોતાના ઠેકાણે પહોંચી જશે.

**જવાબ** : રૂહોના જન્નતી તથા દોઝખી હોવાનો એ અર્થ છે કે રબને એ ઈલ્મ છે કે ફલાણી રૂહ સારી રીતે નેકીઓ કરીને જન્નતમાં જશે અને ફલાણી રૂહ બુરાઈઓ કરીને દોઝખમાં જશે, પણ જન્નતી તથા દોઝખી બનવું અમલોથી થશે અને અમલ આમિલ (અમલ કરનાર) ના ઈરાદાથી થશે. અમલ બીજની જેમ છે કે ખેડૂત ન તો બીજથી બેપરવા છે ન બીજ પર જ ભરોસો રાખી શકે છે. જો સમયસર તાપ તથા વરસાદ મળે અને છોડવા આફતોથી સુરક્ષિત રહે તો અનાજ પાકશે. એ જ પ્રમાણે ન તો અમલોથી આપણે બેપરવા થઈ શકીએ ન તો તેના ભરોસે બેસી શકીએ. અમલો હોય અને રિયા તથા ખાત્માની ખરાબી સુરક્ષિત રહે અને કબૂલિયતની હવા ચાલે ત્યારે જન્નત જોવાની નસીબ થશે. મતલબ કે અમલ કરતા રહો અને ડરતા પણ રહો.

**સવાલ** : તો પછી એવું હોવું જોઈએ કે નેકીઓના વગર કોઈ જન્નતી કે દોઝખી ન થઈ શકે, કેમ કે બીજ વાવ્યા વિના ઝાડ થઈ શકતુ જ નથી. જ્યારે મુસલમાનનાં બાળકો, પાગલો, અમુક બદ્અમલ મુસલમાન જન્નતી થશે. જન્નતે ભરવા માટે એક કૌમ પેદા કરવામાં આવશે. અમુકની નજીક મુશ્રિકોનાં બાળકો દોઝખી છે જ્યારે કે તેમણે કુફ્ર નથી કર્યું તો આવું શાથી ?

**જવાબ** : અમલ બીજની જેમ તેમના માટે છે જેમને અમલનો મોકો મળે, જે મોકો જ ન પામે એનો હુકમ અલગ છે. અમુક ઝાડો બીજવાળાં હોય છે અમુક કલમવાળાં, અમુક આપોઆપ નીકળનારાં. મોમિન બીજવાળો જન્નતી છે અને તેનાં મૃત્યુ પામેલ બાળકો કલમી જન્નતી છે. અને તે જન્નતી કૌમ જે જન્નતને ભરવાના માટે પેદા થશે તે આપો આપ ઉછરનાર જન્નતી. સારાંશ કે જન્નત ત્રણ રીતે મળશે અમલો થકી (કસબી) વારસાથી (મીરાષી) અને કેવળ ખુદાના ફઝ્લથી (વહબી).

**સવાલ** : કાફિર તથા નાફર્માન ઈન્સાન શૈતાનથી બેહતર કે બદતર ?

**જવાબ** : અમુક કારણોસર બદતર. શૈતાન નારી (આગનો) બનલો છે





ઈન્સાન ખાકી. માણસમાં આજીજી તથા નમ્રતા હોવી જોઈએ અને તેની સરકશી (નાફમાની) ખાસિયતની વિરૂધ્ધ છે. શૈતાન મુશ્રિક નથી તે મુશ્રિક છે. જેટલા ગુનાહ તે ઈન્સાન કરી લે છે એટલા ગુનાહ શૈતાન પણ નથી કરી શકતો. રબની બારગાહમાં શૈતાન જૂઠુ નથી બોલ્યો, તેણે મુનાફિકતની વાતો ન કરી. પણ અર્ઝ કર્યુ : لَأُغْوِيَنَّهُمْ أَجْمَعِينَ પણ સરકશ માણસ રબની બારગાહમાં પણ જૂઠ અને મુનાફિકતથી નથી બચતો. શૈતાન અંબિયા તથા ઔલયાની કુવ્વત તથા ઈજ્જતને માનનારો પણ છે એટલા માટે તેણે કહ્યું હતું : إِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِينَ ''તારા નિખાલસ બંદાઓને બેહકાવી શકીશ નહીં.'' પણ બેદીન માણસ અંબિયા ઔલિયાની મહાનતા તથા ઈજ્જતનો ઈન્કાર કરી નાખે છે. શૈતાન પોતાને ગુમરાહ માને છે એટલા માટે તેણે કહ્યું : رَبِّ بِمَا أَغْوَيْتَنِي પણ કાફિર કુફ્ર કરીને પોતાને હિદાયત પર માને છે. તફસીરે કબીરે ફર્માવ્યું કે શૈતાન દીનના દરેક મસ્અલાથી વાકેફ છે.

**સવાલ** : જ્યારે ખુદાના ઈલ્મમાં હતું કે અંતે શૈતાન ગુમરાહ થઈ જશે તો તેને પહેલાં આટલી અઝમત (બુઝુર્ગી) શા માટે આપી ? ઈલ્મ તથા ઈબાદત અને ફરિશ્તાઓમાં રહેવું વગેરે.

**જવાબ** : એટલા માટે કે જેથી કિયામત સુધી આલિમો, આબિદો, ઝાહિદોને બોધપાઠ મળતો રહે કે અંબિયાની મુખાલિફત કરવાથી ઈલ્મ તથા અમલ સર્વનો નાશ થઈ જાય છે.

**સવાલ** : નબીઓ તથા વલીઓને ખૌફ થાય છે કે નહીં ? જો નહીં તો ઈમાન કેવી રીતે પ્રાપ્ત થયું ? ઈમાન તો ખૌફ તથા ઉમ્મીદની દરમ્યાન છે ! જો ડર હોય છે તો આ આયતનો શું અર્થ છે :

أَلَآ إِنَّ أَوْلِيَآءَ اللَّهِ لَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ

**જવાબ** : ખૌફના ત્રણ પ્રકારો છે : (૧) રબ પર અવિ□ાસના કારણે કે ખબર નહીં તે પોતાના વાયદા પૂરા કરે કે ન કરે ! આ **કુફ્ર** છે. કોઈ મોમિનને પણ આવો ડર હોતો નથી. (૨) પોતાના પર અવિ□ાસના

કારણે કે કોને ખબર કે મરતી વેળા ઈમાન, તકવો સલામત રહે કે ન રહે. આ આપણા જેવા ગુનાહગારોને હોય છે, ખાસ ઔલિયા તથા અંબિયા એનાથી મેહફૂઝ છે જેમના જન્નતી હોવાનો વાયદો થઈ ચૂકયો છે. રબની હૈબત, રૂઆબ (ધાક) તથા રજા (ઉમ્મીદ) એ અંબિયા, ઔલિયાને ખૂબ જ અધિક પ્રમાણમાં હોય છે. જેટલો કુર્બ (નિકટતા) વધુ એટલી જ ધાક (ખૌફ) વધુ હોય છે.

# ★ વિવિધ મસાઈલ ★

**સવાલ** : અરબી સાલ ઝીલ હજ્જ પર ખત્મ થાય છે અને મોહર્રમથી શરૂ થાય છે. એ મહીનાઓમાં શું મુનાસિબત છે ? હિજરત રબીઉલ અવ્વલમાં થઈ તો હિજરી સન રબીઉલ અવ્વલથી શરૂ થવી જોઈએ !

**જવાબ** : ઈસ્લામની દરેક ચીજનો આધાર ઈબાદત તથા કુર્બાની પર છે. હોળી, દીવાળીમાં ખેલકૂદ છે પણ ઈદ, બક઼ ઈદમાં ઈબાદત તથા કુર્બાની છે. ઝીલ હજ્જમાં હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ ફરઝંદની કુર્બાની પેશ કરી અને મોહર્રમમાં ઈમામ હુસૈનની કુર્બાની થવાની હતી. જેથી ઈસ્લામી વરસ કુર્બાનીના મહીના પર ખત્મ થાય છે અને કુર્બાનીના મહીનાથી શરૂ થાય છે જેથી જાણવા મળે છે કે મોમિનની શરૂઆત પણ કુર્બાની પર છે અને અંત પણ.

**સવાલ** : ફકીહોએ અને હદીષોએ ઘણા શરઈ હીલા શીખવાડયા છે જ્યારે કે બની ઈસ્રાઈલે શનિવારે શિકાર માટે હીલો કર્યો તો સૌને વાનર બનાવી દેવામાં આવ્યા. જાણવા મળ્યું કે હીલો કરવો સખ્ત હરામ છે.

**જવાબ** : જેવી રીતે બની ઈસ્રાઈલ પર એ અઝાબ હતો કે તેમના પર હલાલ ચીજો જેમ કે હલાલ જાનવરોની ચરબી હરામ કરી દેવામાં આવી, એવી જ રીતે એ પણ અઝાબ હતો કે તેમના માટે હીલો કરવું હરામ કરી દેવામાં આવ્યું. તેમજ હીલાની બે સ્થિતીઓ છે, એક હીલો નફસાની ખ્વાહિશ (મનેચ્છા)ના માટે, તો તે આજે પણ મના છે અને શરઈ જરૂરત પૂરી કરવાના માટે હોય તો તે હલાલ છે. બની ઈસ્રાઈલનો હીલો પ્રથમ





પ્રકારનો હતો.

**સવાલ** : જુમ્આને જુમ્આ શા માટે કહે છે અને શનિવારને અઠવાડિયાનો 'ખાલી દિવસ'' અને રવિવારને અઠવાડિયાનો ''પ્રથમ દિવસ'' શાથી કહેવાય છે ?

**જવાબ** : દુનિયા પેદા કરવાનો પ્રારંભ રવિવારથી થયો જેથી તેનુ નામ યૌમુલ્ અહદ (પ્રથમ દિવસ) થયું. પછીના દિવસોનાં નામો ક્રમવાર થયાં. એટલે કે સોમવારને યૌમુષ્ નૈન એટલે બીજો દિવસ અને મંગળને યૌમે ષલાષા એટલે ત્રીજો દિવસ કહેવામાં આવ્યો. જુમ્આને જુમ્આ એટલા માટે કહેવામાં ઓ છે કે તે 'જમઅ'થી બન્યો જેનો અર્થ સમુહ થયો. એ દિવસે દુનિયાની પેદાઈશ સંપૂર્ણ થઈ અને તમામ ચીજો વજૂદમાં આવી જમા થઈ ગઈ. અથવા એટલા માટે કે એ દિવસે આદમ علیہ السلام ના જિસ્મના ભાગો (તત્વો) એકત્ર થયા તેમ જ મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉમ્મત જમા થઈને જુમ્આની નમાઝ પઢે છે. તેમજ કિયામત એ જ દિવસે કાયમ થશે, જેમાં શરૂથી અંત સુધીના સર્વ જમા થશે તેને જુમ્આ કહે છે. શનિવારને યૌમુલ બસ્ત એટલા માટે કહે છે કે 'સબ્ત'નો અર્થ 'ખાલી' થાય છે, કેમ કે એ દિવસ ખલ્ક (સર્જન)થી ખાલી રહ્યો. જુમ્આના દિવસે સંપૂર્ણ સર્જન થઈ ચૂકયું હતું જેથી તેનું નામ યૌમુલ બસ્ત એટલે ખાલી દિવસ રાખવામાં આવ્યું અઠવાડિયામાં જુમ્આના દિવસે કામની એક દિવસ છુટ્ટી એટલા માટે રાખવામાં આવે છે.

**સવાલ** : તો પછી એવું હોવું જોઈએ કે કયાં તો શનિવારે રજા પાડવામાં આવે કેમ કે એ દિવસને રબ તઆલાએ ખાલી રાખ્યો અથવા રવિવારે, કેમ કે એ દિવસે દુનિયાના સર્જનની શરૂઆત થઈ તો તે ખુશીનો દિવસ છે.

**જવાબ** : રવિવારનો દિવસ વિ□નો પાયો રાખવાનો દિવસ છે અને જુમ્આનો દિવસ આદમ علیہ السلام ની પેદાઈશ અને વિ□ની પરિપૂર્ણતાનો દિવસ છે જેથી ખુશી મનાવવા છુટ્ટી રાખવાનો આ જ દિવસ યોગ્ય છે. દુનિયાની પરિપૂર્ણતા અને ઈન્સાની વંશનો પ્રારંભ જુમ્આના દિવસે થયો જેથી એ જ અઠવાડિયાનો પ્રથમ દિવસ થયો અને એ જ ઈબાદત માટે

ખાલી રાખવામાં આવ્યો.

**સવાલ** : રબ તઆલા ફર્માવે છે કે દુનિયા કેવળ 'કુન' કહી દેવાથી પેદા થઈ, તો પછી છ દિવસમાં પૈદા થવાનો શો અર્થ છે ?

**જવાબ** : છ દિવસમાં પેદા થઈ પણ 'કુન' કહેવાથી પેદા થઈ. 'કુન' કહેવું પેદાઈશની પધ્ધતિ છે અને છ દિવસ પેદાઈશનો સમય છે. આજની 'કુન'થી આસ્માન બન્યું, કાલની 'કુન' થી જમીન બની....વગેરે. ભૌતિક ચીજો કે હથિયારોની જરૂરત નથી પડી.

**સવાલ** : જ્યારે પહેલાં સૂરજ જ ન હતો તો છ દિવસ કેવી રીતે નિશ્ચિત થયા ?

**જવાબ** : એનો અર્થ છ દિવસ જેટલો ગાળો છે એટલે કે એટલો સમય પસાર થયો કે જો સૂર્ય હોત તો છ દિવસ થાત.

**સવાલ** : સહાબાએ કિરામ અને એહલે બૈત એઝામની પૈરવીની શું જરૂરત છે ? શું હિદાયતના માટે પયગંબર પૂરતા નથી ?

**જવાબ** : એહલે બૈતની કશ્તી (નાવ) છે અને સહાબાએ કિરામ તારા સમાન છે. સમુદ્રમાં બંને ચીજોની જરૂરત હોય છે. એ હઝરાત ઈસ્લામની પ્રથમ હરોળમાં જ છે જેમને ઈમામની હરકતની ખબર છે. અમે લોકો છેલ્લી સફમાં છીએ, જેથી તેમના જણાવવાથી અમને હુઝૂરની હાલતોની જાણ થશે. જો તેમની નમાઝ અથવા ઈમાન ગલત છે તો અમારું ઈમાન કેવી રીતે સહીહ થઈ શકે છે. એ હઝરાત ઈસ્લામની ગાડીના પ્રથમ (આગલા) ડબ્બા છે અને આપણે લોકો પાછલા ડબ્બા છીએ જેથી આપણો પહેલા ડબ્બા થકી એંજીન સાથે સંબંધ જોડાય છે. જો એ હઝારત જ એંજીનથી કટ થઈ જાય તો આપણે નિયત મંઝિલ કેમ કરીને પહોંચી શકીએ છીએ ? આપણો હુઝૂર ﷺ સાથે સંબંધ તો તેમના ઝરીયાથી છે. આપણી નજાત તેમના જ તુફૈલથી છે.

**સવાલ** : રાફઝીઓ કહે છે કે ખિલાફત માસૂમોને મળવી જોઈતી હતી, ૧૨ ઈમામો માસૂમ છે જેથી તેઓ જ ખલીફા હોવા જોઈતા હતા ન કે ત્રણેવ ખલીફાને, કેમ કે તેઓ મોમિન પણ હોય છતાં પણ માસૂમ નથી.

**જવાબ** : જો ખિલાફત માસૂમોનો હક્ક હોત તો માણસોને ન મળત બલ્કે





ફરિશ્તાઓને મળત. એ જ તો ફરિશ્તાઓએ અર્ઝ કર્યું હતું કે ઈન્સાન લોહી વહાવશે, ફસાદ ઝઘડા ફેલાવશે, એટલે કે માસૂમ હશે નહીં. છેવટે ખિલાફતે ઈલાહીયહ્ ફરિશ્તાઓએ માની, ઈબ્લીસે ન માની. ખિલાફતે મુસ્તફવી પણ મોમિનોએ માની પણ માનવ શૈતાનોએ ન માની. બંનેની હાલત સરખી છે.

**સવાલ** : અલ્લાહનાં નામ તો સિફાતી છે તો પછી તેને ખુદા શા માટે કહેવામાં આવ્યો ? આ નામ પણ કોઈ આસ્માની કિતાબથી સાબિત નથી.

**જવાબ** : ખુદા એ રબનું નામ નથી બલ્કે તેની સિફત એટલે માલિકનો તર્જુમો છે. ખુદાની સિફતનો તર્જુમો દરેક ભાષામાં કરવો જાઈઝ છે, પણ નામના માટે જરૂરી છે કે તે અરબી કે ઈબ્રાની ભાષામાં હોય. કેમ કે અલ્લાહની કિતાબો તથા સહીફા એ જ ભાષાઓમાં આવ્યા, જેથી તેને **ગૉડ** કે **રામ**, **પ્રભુ**, **પર્માત્મા** નથી કહી શકતા, કેમ કે એ અજમી નામો છે. અને પરવરદિગાર, પાલનહાર કહી શકીએ છીએ કેમ કે એ નામ નથી બલ્કે અજમી ભાષામાં તેની સિફતોના તર્જુમા છે. જો આ શબ્દો નામ હોત તો વઝીફા, નમાઝ, અઝાન અને ઝબહના વખતે બોલવામાં આવત.

**સવાલ** : સૌથી બદ્તર કાફિર કોણ છે ?

**જવાબ** : બદ્તરીન કાફિર પયગંબરની ગુસ્તાખી (તૌહીન) કરનારો છે, શૈતાન એ જ પ્રકારનો કાફિર હતો. તે ઉલૂહિયત (અલ્લાહનું એક હોવું), હશ્ર નશ્ર (કિયામત, હિસાબ) તથા અલ્લાહની સિફતોનો મુન્કિર ન હતો, બલ્કે આદમ علیہ السلام ને માટી (તીન) કહેતો હતો. خَلَقْتَهٗ مِنْ طِيْنٍ જેના જવાબમાં તેને યોગ્ય ઈનામ મળ્યું !

**સવાલ** : અંબિયાએ કિરામની નાલૈન શરીફૈન (મુબારક પગરખાં)ની તૌહીન પણ કુફ્ર શાથી છે ?!

**જવાબ** : એટલા માટે કે તેમની દરેક ચીજ રબની તજવીઝથી છે, જેથી તેમની કોઈ પણ ચીજ પર વાંધો કરવો રબ પર વાંધો કરવું છે, જેમ કે ફૌજની વર્દી, પાઘડી પર વાંધો ઉઠાવવો એ બાદશાહ પર વાંધો ઉઠાવવું છે કેમ કે એ ચીજો એની નિશ્ચિત કરેલી છે.

**સવાલ** : કોઈ પયગંબરે નબુવ્વત તથા તબ્લીગ પર ઉજરત (બદલો)

નથી લીધો. لَا اَسْئَلُكُمْ عَلَيْهِ اَجْرًا અને ખુલફાએ રાશિદીને ખિલાફત પર, આલિમો તાલીમ માટે તથા વાઈઝો વાઅઝ માટે બદલો (ઉજરત) લે છે ! જયારે કે એ પણ તબ્લીગ જ કરે છે.

**જવાબ** : જેની પંસદગીમાં બંદાઓની રાયની દખલ ન હોય બલ્કે તેની નિયુક્તિ અલ્લાહના હુકમથી જ થતી હોય તેની ઉજરત (બદલો) કેવળ રબના કરમથી થશે, બંદાઓ પાસેથી લેવામાં નહીં આવે. અને જ્યાં નિયુક્તિમાં બંદાઓને ઈખ્તિયાર હોય ત્યાં ઉજરત (બદલો) પણ બંદા જ આપશે. જેમ કે કચેરીનો જજ અને વકીલ. જજનો પગાર હુકૂમતના જિમ્મે છે કેમ કે એને તેણે નિયુકત કર્યો છે પણ વકીલની ફી પ્રજાએ આપવી પડશે કે તે તેની ખૂદની પંસદગી છે. એ જ પ્રમાણે નબુવ્વતમાં બંદાઓની રાયને દખલ નથી જેથી તેમની ખિદમતનું ફળ આપવું કેવળ રબના ઉપર છે. તેઓ ખૂદ કહે છે : اِنْ اَجْرِيَ اِلَّا عَلَى اللّٰهِ અને મુસલમાનોના ખલીફા, આલિમ, વાઈઝને ખૂદ બંદા સિલેકટ કરીને પોતાને ત્યાં રાખે છે જેથી તેમની ખિદમત ખૂદ કરે છે.

**સવાલ** : કુર્આન ફર્માવે છે કે અલ્લાહની આયતો થોડી કિંમતથી ન વેચો. જાણવા મળ્યું કે વધુ કિંમતથી વેચવું જાઈઝ છે.

**જવાબ** : કુર્આનના માટે આખી દુનિયા પણ થોડી કિંમતવાળી છે. "قُلْ مَتَاعُ الدُّنْيَا قَلِيْلٌ" કેમ કે દુનિયા નાશવંત છે અને કુર્આન બાકી રહેનાર છે કે જે દુનિયા, કબ્ર, હશ્ર દરેક જગાએ કામ આવે છે. ફાની (નાશવંત) ચીજ કેટલી પણ અધિક પ્રમાણ હોય તે બાકી રહેનારની સરખામણીમાં થોડી છે. સારાંશ કે કુર્આની આયતો તમામ દુનિયાના બદલામાં વેચવી પણ થોડી કિંમતે વેચવું છે, જેથી હરામ છે.

**સવાલ** : તો પછી વઅઝ, તાવીઝ, કુર્આનની તાલીમ માટે બદલો લેવો હરામ હોવું જોઈએ અને કુર્આન શરીફનો વેપાર તો ડબલ હરામ હોવું જોઈએ કેમ કે એ તો આખા કુર્આનને વેચવું છે !

**જવાબ** : આ કુર્આની આયતને વેચવું નથી. વાઈઝ તથા મુઅલ્લિમ વગેરે પોતાના સમયની પાબંદી તથા જગાની પાબંદી અને મહેનતનું વળતર લે છે. પ્રેસવાળા કાગળ, લખાણ તથા છાપકામની કિંમત





વસૂલ કરે છે. આ રીતે કુર્આન વેચવાનો એ અર્થ નથી કે પૈસા લઈને કુર્આનની આયતનો હુકમ બદલી નાખે, ગલત મસ્અલો બતાવે, જેમ કે યહૂદી કરતા હતા, એ હરામ છે.

**સવાલ** : કુર્આની હુકમો માટે પણ એમાં સંબોધન છે કે નહીં ? દા.ત. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى اِحْسَانِهٖ થી નમાઝ કેવળ મુસલમાનો પર ફર્ઝ થઈ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર પણ ? અને દરેક નમાઝ ફર્ઝ છે કે નહીં ?

**જવાબ** : એવા હુકમો ઉમ્મતી, નબી સૌના માટે છે અને નમાઝ ત્યજવા પર અઝાબ થશે કે તમે મુસલમાન થઈને નમાઝ કેમ ન પઢી ? બલ્કે હક્ક એ છે કે આખેરતના અઝાબના લેહાઝથી આ હુકમો કાફિર પર પણ લાગુ થાય છે. એટલે કે દુનિયામાં તેમના પર નમાઝ પઢવી ફર્ઝ નથી જેથી નવ મુસ્લિમ કુફ્રના જમાનાની નમાઝ કઝા નથી કરતો.

**સવાલ** : તો પછી નબી અને ગૈરનબીમાં શો ફરક ?

**જવાબ** : મહાન ફરક છે. હુઝૂરના માટે શરઈ હુકમો એવા છે જેવા આપણા માટે ખાવા પીવાના હુકમો કે જો એ હુકમો ન પણ આપવામાં આવે તો પણ આપણે જરૂર ખાઈએ પીએ છીએ, પણ હુકમ આવી જવાથી ખાવું પીવું સવાબ બની ગયું. એવી જ રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હુકમ વિના પણ શરઈ હુકમો અદા કરત. જેમ કે હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم મેઅરાજ પહેલાં પણ નમાઝો પઢતા હતા, પેદા થતાં જ સિજદો કર્યો, તે સમયે સિજદા તથા નમાઝનો હુકમ કયાં હતો ? પણ હુકમથી તેમનો કુર્બ ઓર વધી ગયો. સારાંશ કે આ હુકમો કાફિરોના માટે તો અઝાબમાં અધિકતાનો સબબ છે અને મુસલમાનોના માટે હિદાયતનો ઝરીયો છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે કુર્બની અધિકતાનો સબબ છે.

**સવાલ** : એવું શા માટે કહેવામાં આવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સમાન કોઈનું થવું અશકય છે ? રબ તઆલા કાદિર છે હજારો એવા પયગંબર પેદા ફર્માવી આપે !

**જવાબ** : આખુ વિ□ જે ખુદા સિવાય છે તે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નૂર વડે બન્યું તો હવે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જેવું કેવી રીતે થઈ શકે છે ? જે એમના

જેવું થશે તે પણ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلمના જ નૂરથી બનશે, તો પછી તેમના સમાન કેમ કરીને કહેવાશે ? જ્યારે એક શખ્સ પોતાના બાપના નુત્ફાથી પેદા થઈ ચૂકયો તો હવે તેનો બીજો હકીકી બાપ નથી થઈ શકતો. જ્યારે દુનિયા હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلمના નૂરથી પેદા થઈ ચૂકી તો હવે બીજો મુસ્તફા કોઈ રીતે પણ નથી બની શકતો.

**સવાલ** : ઈસ્લામમાં ઔરતો માટે પર્દો શા માટે રાખવામાં આવ્યો ? એનાથી ઔરતને તાવ આવી જાય છે.

**જવાબ** : તાવને રોકવાના માટે શરદી, સળેખમ અને પ્લેગને રોકવાના માટે ઉંદરોની અધિકતાને રોકવામાં આવે છે. ઝિના હરામ થયો જેથી તેના સબબો એટલે કે સ્ત્રીઓની બેપર્દગી પણ હરામ થઈ. દૌલત તથા મોતીને છુપાવીને રાખો અને સ્ત્રીઓ કૌમની અમૂલ્ય દૌલત હોય છે એટલે તેને છુપાવો. કાચને પથ્થરથી દૂર રાખો અને સ્ત્રી નાઝુક કાચ છે અને અજનબીની નજર પથ્થર છે. ફૂલો બાગમાં સારાં છે તો સ્ત્રીઓ ફૂલો છે અને ઘર તેમનો ગુલશન છે. જૂનો તાવ પચાસ વરસથી છે અને પર્દો ૧૪૦૦ વરસથી છે. આજે પણ બેપર્દા સ્ત્રીઓમાં તાવ વધારે છે.

اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی اِحْسَانِہٖ કે આ કિતાબ ૨૧–જમાદીઉલ ઉલા હિ.સ. ૧૩૬૮ બરોઝ પીર શરૂ થઈને ૨૫–જમાદીઉલ આખર હિ.સ. ૧૩૬૮ બરોઝ પીર ઝોહ્‌રની નમાઝ બાદ ખત્મ થયો. જે કોઈ આ કિતાબથી ફાયદો ઉઠાવે તે ફકીર (લેખક) બેનવાના માટે ખાત્મા બિલ્ ખૈરની દુઆ કરે કે એ લાલચમાં આ મહેનત કરી છે. રબ તઆલા એને કબૂલ ફર્માવીને મારા માટે આખેરતનું ભાથુ તથા સદકાએ જારીયા બનાવે અને મારા વલીયે નેઅમત હઝરત સદરુલ અફાઝિલ હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી કુદ્દેસ સિર્રહૂલ અઝીઝના સાયામાં મને અને તમામ અહલે સુન્નતને રાખે.

وصلی اللہ تعالٰی علٰی خیر خلقہ ونور عرشہ سیدنا

ومولانا محمّد والہ وصحبہٖ وسلّم

**–અહમદ યારખાં નઈમી ઉફીય અન્હૂ** رحمۃ اللہ علیہ

(૨૫–જમાદીઉલ આખર, હિ.સ. ૧૩૬૮ બરોઝ પીર)



**આજે જ મંગાવો ! રહી જશો તો પસ્તાશો !**

**આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામીની દર્સી કિતાબ**

# ફયુઝાને શરીઅત

ગુજરાતી લિપિમાં

**લેખક : હઝરત મૌલાના ઈબ્રાહીમ 'આસી'**

એમ. એ. બી. એડ. –ઉર્દૂ (અલીગ)

**હસ્બે ફર્માઈશ : હઝરત મૌલાના હાફિઝો કારી મુહમ્મદ શાકિર નૂરી**

(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, મુંબઈ)

**પ્રકાશક : આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામી**

(પેજીસ : ૧૩૦૦)

(૧) (રૂબરૂમાં) મર્કઝ ઈસ્માઈલ હબીબ મસ્જિદ
૧૨૬–કામ્બેકર સ્ટ્રીટ, મુંબઈ.

(૨) (રૂબરૂ તથા પોસ્ટથી પણ મળશે)
સુન્ની દાવતે ઈસ્લામી (દયાદરા શાખા)
મુ. દયાદરા, તા.જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : (૦૨૬૪૨) ૮૨૭૯૨, ૮૨૦૧૧
[હદિયો : ૧૫૦/– રૂા. + ટપાલ ખર્ચ રૂા. ૧૫/–]

જેમાં અકાઈદ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, કુર્બાની વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, હૈઝો નિફાસ, તથા ઝિક્ર, તિલાવત, દુરૂદ, આદાબે મસ્જિદ તેમજ મદીના શરીફના ફઝાઈલ તથા મસાઈલ, મોટી રાતો તથા દિવસોની ઈબાદતો, માં બાપના, પડોશીના, સગાં સંબંધીના હક્કો, ખૌફે ખુદા તથા તૌબા, અમ્ર બિલ મઅ્‌રૂફ, સબ્ર, શુક્ર, હલાલ રોજી, મૌત, જનાઝા, નિકાહ, મીલાદ શરીફ, ખામોશી, સારાં નામો રાખવા વિશે તથા દુઆ વગેરે બયાનોનો અઢળક ખજાનો. આ કિતાબમાં ભરેલો છે.